સેનેટ (વાર્ષિક સભા)
તા.૨૮–૩– ૨૦૦૭

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

–: કાર્યવાહી :–

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સેનેટની વાર્ષિક સભા યુનિવર્સિટીના સેનેટ હોલમાં બુધવાર, તા. ૨૮–૩–૨૦૦૭ના રોજ બપોરે ૧૨.૩૦ વાગ્યે મળી હતી. સભાનું અધ્યક્ષસ્થાન મા. કુલપતિશ્રી ડૉ.રમેશચંદ્ર જી. કોઠારીએ સંભાળ્યું હતું.

સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ		તા.૨૮–૩–૦૭
(૧)	શ્રી પંડિત નવલકિશોર શર્મા	(કુલાધિપતિશ્રી)	ગેરહાજર
(૨)	ડૉ. રમેશચંદ્ર જી. કોઠારી	(કુલપતિશ્રી)	હાજર
(૩)	શ્રી પ્રેમકુમાર શારદા	(ભૂતપૂર્વ કુલપતિશ્રી)	ગેરહાજર
(૪)	શ્રી જયેશભાઈ વી. દેશકર	(ઉપકુલપતિશ્રી)	ગેરહાજર
(૫)	પ્રો. જે.આર. મહેતા	(કુલસચિવશ્રી)	હાજર
(૬)	સેક્રેટરી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર		ગેરહાજર
(૭)	કમિશ્નર હાયર શિક્ષણ વિભાગ, ગાંધીનગર.		હાજર
(૮)	ડાયરેકટર ટેકનીકલ શિક્ષણ વિભાગ, ગાંધીનગર.		ગેરહાજર
(૯)	કમિશ્નર હેલ્થ મેડિકલ સર્વિસ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.		ગેરહાજર
(૧૦)	ડાયરેકટર, કૃષિ, ગાંધીનગર.		ગેરહાજર
(૧૧)	ચેરમેન, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.		ગેરહાજર
(૧૨)	ડૉ. ઈ. વી. રામકૃષ્ણન		હાજર
(૧૩)	ડૉ. પી. કે. ભટ્ટ		હાજર
(૧૪)	ડૉ. મીનુ એચ. પરબીયા		હાજર
(૧૫)	ડૉ. કે. સી. પોરીયા		હાજર
(૧૬)	ડૉ. શશિકાન્ત જી.શાહ		હાજર
(૧૭)	ડૉ. (શ્રીમતી) સગુણાબેન જગન્નાથ પાર્થી		હાજર
(૧૮)	ડૉ. કિશોર રતિલાલ દેસાઈ		હાજર
(૧૯)	ડૉ. એ. વેંકટરામન		હાજર

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ	તા.૨૮–૩–૦૭
(૨૦)	ડૉ. સતેન્દ્ર કુમાર	હાજર
(૨૧)	ડૉ. પ્રવીણચંદ્ર હિમ્મતલાલ ભાઠાવાલા	હાજર
(૨૨)	ડૉ. દિલીપ રમણલાલ શાહ	હાજર
(૨૩)	ડૉ. કિરણભાઈ એમ. પંડયા	હાજર
(૨૪)	ડૉ. (શ્રીમતી) સવિતા હરીકિષ્ણ ગૌર	હાજર
(૨૫)	ડૉ. (શ્રીમતી) મોહીનીબેન પંકજ ગઢીયા	હાજર
(૨૬)	ડૉ. અપૂર્વ અરૂણકુમાર દેસાઈ	હાજર
(૨૭)	ડૉ. આરતીબેન રાજયગુરૂ	હાજર
(૨૮)	આ. શ્રી ઘનશ્યામપ્રસાદ છોટુલાલ સનાઢય	હાજર
(૨૯)	આ. ડૉ. અરવિંદકુમાર ગોવિંદજી મહેતા	હાજર
(૩૦)	આ. ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ	હાજર
(૩૧)	આ. ડૉ. પ્રદીપ ગુલાબભાઈ દેસાઈ	હાજર
(૩૨)	આ. ડૉ. હર્ષદકુમાર કાળીદાસ નાયક	હાજર
(૩૩)	આ. ડૉ. વિનોદભાઈ ગુમાનભાઈ પટેલ	હાજર
(૩૪)	આ. શ્રી નટવરસિંહ બળવંતસિંહ મહીડા	હાજર
(૩૫)	ડૉ. શૈલેન્દ્ર ક્ષમાધર વાજપાઈ	હાજર
(૩૬)	આ. શ્રી કાન્તીલાલ રમણલાલ કાપડિયા	હાજર
(૩૭)	આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક	હાજર
(૩૮)	આ. ડૉ. અશ્વીન શંકરભાઈ પટેલ	હાજર
(૩૯)	ડૉ. હરેશભાઈ આર. પટેલ	હાજર
(૪૦)	આ. ડૉ. દિનેશભાઈ અંબુભાઈ પટેલ	હાજર
(૪૧)	આ. ડૉ. નાનુભાઈ ઢેડકાભાઈ પટેલ	હાજર
(૪૨)	આ. શ્રી ભગતસિંહ દોલતસિંહ દોડિયા	હાજર
(૪૩)	આ. ડૉ. ભરત ધીરૂભાઈ નાયક	હાજર
(૪૪)	આ. શ્રી વસરામભાઈ કાલુભાઈ સંઘાણી	હાજર
(૪૫)	આ. ડૉ. જયોતિબેન મગનલાલ નાયક	હાજર
(૪૬)	આ. ડૉ. અશોક મોઘાભાઈ દેસાઈ	હાજર
(૪૭)	આ. ડૉ. સી.બી. કગથરા	હાજર
(૪૮)	આ. ડૉ. અશ્વિનકુમાર ધીરજલાલ પંડયા	હાજર
(૪૯)	આ. શ્રી યોગેશકુમાર લક્ષ્મીશંકર ભટ્ટ	હાજર
(૫૦)	આ. ડૉ. પ્રભુદાસ એસ. જલસણવાલા	હાજર
(૫૧)	આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ	હાજર

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ	તા.૨૮–૩–૦૭
(૫૨)	આ. ડૉ. વિક્રમ બળવંતરાય દેસાઈ	હાજર
(૫૩)	આ. ડૉ. પ્રફુલસિંહ જશવંતસિંહ રાજ	હાજર
(૫૪)	આ. ડૉ. જયંતિભાઈ મગનલાલ નાયક	હાજર
(૫૫)	આ. શ્રી ઈશ્વરભાઈ મંછાભાઈ પટેલ	હાજર
(૫૬)	આ. ડૉ. જગદીશચંદ્ર મૂળજીભાઈ ગુર્જર	હાજર
(૫૭)	આ. ડૉ. જયેન્દ્રસિંહ પહાડસિંહ ગોહિલ	હાજર
(૫૮)	આ. ડૉ. વિપિનકુમાર દયાળજી નાયક	હાજર
(૫૯)	આ. ડૉ. કિશોરસિંહ નટવરસિંહ ચાવડા	હાજર
(૬૦)	આ. ડૉ. વિજયકુમાર અનંતરાય જોશી	હાજર
(૬૧)	આ. ડૉ. જયંતિભાઈ સુરેશભાઈ ચૌધરી	હાજર
(૬૨)	આ. શ્રી ભાનુશંકર નરસિંહભાઈ જોષી	હાજર
(૬૩)	આ. ડૉ. હેમાલીબેન એ. દેસાઈ	હાજર
(૬૪)	બ્રિગે. એલ.એમ.જોષી	હાજર
(૬૫)	આ. ડૉ. પ્રતિભાબેન બી. દેસાઈ	ગેરહાજર
(૬૬)	ડૉ. બંકિમભાઈ પટેલ	હાજર
(૬૭)	ડૉ. પંકજભાઈ એસ.દેસાઈ	હાજર
(૬૮)	ડૉ. અશોકભાઈ કે. શાહ	હાજર
(૬૯)	ડૉ. કે.એચ. તડવી	ગેરહાજર
(૭૦)	શ્રી સુધીરભાઈ જાની	ગેરહાજર
(૭૧)	ડૉ. ચંદન કે. દાસ	ગેરહાજર
(૭૨)	ડૉ. દિલીપભાઈ વરસાણી	હાજર
(૭૩)	ડૉ. બાબુભાઈ એફ. ટંડેલ	હાજર
(૭૪)	ડૉ. સુનિલભાઈ આઈ. મરજાદી	હાજર
(૭૫)	શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલ	હાજર
(૭૬)	શ્રી પ્રફુલ્લચંદ્ર પ્રભુભાઈ પટેલ	હાજર
(૭૭)	શ્રી હસમુખલાલ ચીમનલાલ પટેલ	હાજર
(૭૮)	ડૉ. વસંતરાવ દરકુરજી જાદવ	ગેરહાજર
(૭૯)	શ્રી ભરતભૂષણ સોમાલાલ પરીખ	હાજર
(૮૦)	ડૉ. કેશવભાઈ છીબુભાઈ પટેલ	હાજર
(૮૧)	શ્રી અનિલકુમાર જગદીશચંદ્ર ગોયલ	હાજર
(૮૨)	શ્રી અક્ષય જે. મહેતા	ગેરહાજર
(૮૩)	પ્રો. અદિતી આર. હજારી	ગેરહાજર

ક્રમાંક	સભ્યશ્રીઓનું નામ	તા.૨૮–૩–૦૭
(૮૪)	શ્રીમતી જાગૃતિ કમલેશ પટેલ	હાજર
(૮૫)	ડૉ. રજનીકાંતભાઈ ડાહ્યાભાઈ પટેલ	હાજર
(૮૬)	ડૉ. વિનેશભાઈ બાબુલાલ શાહ	હાજર
(૮૭)	શ્રી દુષ્યતંકુમાર જનકરાય વસાવડા	હાજર
(૮૮)	ડૉ. કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ	હાજર
(૮૯)	ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી	હાજર
(૯૦)	શ્રી પ્રવિણભાઈ ટી. માલી	હાજર
(૯૧)	શ્રી રામજીભાઈ ડી. ગાવીત	હાજર
(૯૨)	શ્રીમતી ભાવનાબેન હેમંતભાઈ ચપટવાલા	હાજર
(૯૩)	શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ પટેલ	હાજર
(૯૪)	શ્રી કિશોરભાઈ રામજીભાઈ વાઘેલા	હાજર
(૯૫)	શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા	હાજર
(૯૬)	શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ	હાજર
(૯૭)	શ્રી સમીર રામશંકર બાજપાઈ	હાજર
(૯૮)	ડૉ. મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ	હાજર
(૯૯)	શ્રી ધર્મેશ અંબાલાલ પટેલ	હાજર
(૧૦૦)	શ્રી અરવિંદભાઈ ગાંડાભાઈ પટેલ	હાજર
(૧૦૧)	શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલ	હાજર
(૧૦૨)	શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા	હાજર
(૧૦૩)	શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા	હાજર
(૧૦૪)	શ્રી ગૌરાંગ વિજયરાય વૈદ્ય	હાજર
(૧૦૫)	શ્રીમતી સાધનાબેન અનિલકુમાર ભંડારી	હાજર
(૧૦૬)	શ્રી ધર્મેશ કિશોરભાઈ મિસ્ત્રી	હાજર
(૧૦૭)	ડૉ. ગિરીશભાઈ એચ. શાહ	હાજર
(૧૦૮)	શ્રી વિનોદભાઈ નારણભાઈ પટેલ	હાજર
(૧૦૯)	શ્રી વિજયભાઈ પટેલ	હાજર
(૧૧૦)	શ્રીમતી અર્ચના બંકિમચંદ્ર દેસાઈ	હાજર
(૧૧૧)	શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ	હાજર

સભાની શરૂઆતમાં કુલપતિશ્રીએ સૌ સભ્યોને આવકાર્યા હતા. અને ત્યાર બાદ સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં ગત વર્ષ દરમ્યાન દિવંગત થયેલ નીચેના યુનિવર્સિટી/ કોલેજમાં ફરજ બજાવતા કર્મચારીઓ તેમજ અન્ય મહાનુભાવ પ્રતિ શોક પ્રગટ કરી, સૌએ ઉભા થઈ બે મિનિટ મૌન પાળ્યું હતું.

(૧) સ્વ. જગદીશભાઈ હીરાલાલ રાઠોડ, પટાવાળા.
(૨) સ્વ. પ્રો. કમલેશ બી. ચૌધરી, એમ. એસસી. (આઈ. ટી.).
(૩) તા. ૭–૮–૨૦૦૬ના રોજ આવેલ વિનાશક પૂરમાં જે વ્યકિતએ જાન ગુમાવ્યા તેઓ.
(૪) શ્રી સુરજરામ બચકાનીવાળા, શહેરના ઉદ્યોગપતિ .

કુલપતિશ્રીએ સેનેટની સભામાં નવા નિયુકત થયેલ નીચેના સેનેટ સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને વ્યકિતગત પરિચય આપ્યો હતો. તેમજ પરસ્પર સહકારની ભાવનાથી કાર્ય કરી યુનિવર્સિટીના વિકાસમાં તેઓનું યોગદાન આપશે એવી આશા વ્યકત કરી હતી.

૧	ડૉ. પી. કે. ભટ્ટ	પ્રો. અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૨	ડૉ. આરતીબેન રાજયગુરૂ	પ્રો. અને હેડ, આંકડાશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
૩	ડૉ. બંકિમભાઈ પટેલ	નિયામકશ્રી, શ્રીમદ્ રાજચંદ્ર ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર એપ્લિકેશન, તરસાડી, બારડોલી.
૪	આ. ડૉ. હેમાલીબેન દેસાઈ,	રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપી.
૫	ડૉ. હરેશભાઈ આર. પટેલ	શ્રી જે. એસ.ભકતા એન્ડ શ્રી કે.એમ. ભકતા આર્ટ્સ એન્ડ શ્રી એ.એન. શાહ સાયન્સ એન્ડ શ્રી કે. ડી. કોમર્સ કોલેજ, કામરેજ ચાર રસ્તા, કામરેજ.
૬	આ. ડૉ. સી. બી. કગથરા	શ્રી સી. પી. ડીગ્રી કોલેજ ઓફ ફીઝીકલ એજયુકેશન, રાજપીપળા.
૭	આ. ડૉ. પ્રભુદાસ એસ. જલસણવાલા	બાબુભાઈ વી. અવિચળ આર્ટ્સ કોમર્સ કોલેજ, માંડવી
૮	ડૉ. પંકજભાઈ એસ.દેસાઈ	દોલત ઉષા ઈન્સ્ટિટયુટ એપ્લાઈડ સાયન્સ , શ્રી મોરારજી નગર, કોલેજ કેમ્પસ, વલસાડ.
૯	ડૉ. અશોકભાઈ કે. શાહ	આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નિઝર.
૧૦	શ્રી સુધીરભાઈ જાની	નૂતન ગ્રામ વિદ્યાપીઠ, એટ. એન્ડ પો : થવા.
૧૧	ડૉ. દિલીપભાઈ વરસાણી	જે. બી. ધારૂકાવાલા આર્ટ્સ કોલેજ વરાછા રોડ, સુરત.
૧૨	ડૉ. બાબુભાઈ એફ. ટંડેલ	કોલેજ ઓફ એજયુકેશન (બી. એડ્. કોલેજ),નાની દમણ.
૧૩	ડૉ. સુનિલભાઈ આઈ. મરજાદી	શ્રી કે. બી. સુમૈરીયા કોલેજ ઓફ પ્રોફેશનલ સાયન્સ એન્ડ કોમર્સ, વાપી.
૧૪	શ્રી અક્ષય જયંતીલાલ મહેતા	સદ્વિદ્યા મંડળ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, ભરૂચ.

વય મર્યાદાને કારણે ફારેગ થતા વર્તમાન સેનેટ સભ્યોની યાદી નીચે પ્રમાણે છે.

(૧)	ડૉ. બી. વી. આચાર્ય	પ્રો. અને હેડ, અર્થશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.
(૨)	ડૉ. પી. સી. ગુપ્તા	પ્રો. અને હેડ, આંકડાશાસ્ત્ર વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

(૧) સેનેટની તા. ૨૮/૨૯–૩–૨૦૦૬ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

સેનેટની તા. ૨૮/૨૯–૩–૨૦૦૬ના રોજ મળેલ વાર્ષિક સભાની કાર્યવાહીની સભા સમક્ષ રજૂ કરતાં સર્વાનુમત્તે બહાલી આપવામાં આવી હતી.

(૨) સેનેટની તા. ૨૧–૫–૨૦૦૬ના રોજ મળેલ ખાસ સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

સેનેટની તા. ૨૧–૫–૨૦૦૬ના રોજ મળેલ ખાસ સભાની કાર્યવાહીની સભા સમક્ષ રજૂ કરતાં સર્વાનુમત્તે બહાલી આપવામાં આવી હતી.

(૩) નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા તા. ૧–૩–૨૦૦૭ના રોજની પીટીશન Civil No.23557/2005 માટે કરેલ ચુકાદા અન્વયે MCI માટે તબીબી વિદ્યાશાખાના સભ્યો હોય તેવા એક સભ્યની મેડિકલ કાઉન્સિલ પર પ્રસ્તુત એકટની કલમ– ૩ (૧) (બી) હેઠળ એક પ્રતિનિધિની ચૂંટણી કરવા બાબત.

એમ. સી. આઈ. માટે તબીબી વિદ્યાશાખાના સભ્યો હોય તેવા એક સભ્યની મેડીકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા પર પ્રસ્તુત એકટ ની કલમ – ૩ (૧) (બી) હેઠળની ચૂંટણી માટે શ્રી હોશંગ જહાંગીરજી મિરઝાએ ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહણના નામની દરખાસ્ત રજૂ કરી હતી તેને શ્રી નૈષધભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો.

શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાળાએ ડૉ. ગીરીશભાઈ એચ. શાહના નામની દરખાસ્ત રજૂ કરી હતી તેને ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ ટેકો આપ્યો હતો.

પ્રસ્તુત ચૂંટણી માટે બે નામ જાહેર થતા ચૂંટણીની પ્રક્રિયા માટે ઓબ્ઝરવરની નિમણુંક માટે શ્રી હોશંગ જહાંગીરજી મિરઝાએ (૧) આ. શ્રી ઘનશ્યામપ્રસાદ સનાઢય (૨) ડૉ. સતેન્દ્રકુમારનાં નામની દરખાસ્ત મુકી હતી તેનો શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાળાએ વિરોધ દર્શાવી બધાની સર્વ સંમતિથી નિમણુંક થાય તેા સારૂં તેમ જણાવ્યું હતું.

શ્રી ગૌરાંગભાઈ વૈદ્યએ મેડિકલ ફેકલ્ટી પરથી જ બે સભ્યો ઓબ્ઝરવર તરીકે આવે તેમ જણાંવતા કુલપતિશ્રીએ ડૉ. આર. ડી. પટેલ અને ડૉ.શૈલેન્દ્ર ક્ષમાધર વાજપાઈ (ડીનશ્રી)ની નિમણુંક કરીયે તેમ જણાવ્યું હતું તેનો હોશંગ જહાંગીરજી મિરઝાએ વિરોધ કર્યો હતો અને સર્વ સંમતિ સાધવા જણાવ્યું હતું.

શ્રી નૈષધભાઈ દેસાઈએ આવા કામમાં અનુભવ અને ન્યુટ્રલ (તટસ્થ) હોઈ તે જરૂરી છે તેમ જણાંવતા શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટીપીવાળાએ સર્વ સંમતિથી રજૂ કરેલ ડૉ. આર. ડી. પટેલ અને ડૉ. સતેન્દ્રકુમારની નિમણૂંકની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી :

(૪) સને ૨૦૦૭–૨૦૦૮ના નાણાંકીય વર્ષ માટે યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસ પર પાંચ સભ્યોની ચૂંટણી કરવા બાબત.

ઉપરોકત ચૂંટણી માટે ઉમેદવારી પત્રકો સ્વીકારવા માટેની નિયત તારીખ અને સમય સુધીમાં કાર્યાલયને નીચેના (છ) ઉમેદવારો તરફથી ઉમેદવારી પત્રકો મળ્યા હતાં :

(૧)	ડૉ. રજનીકાંત ડાહ્યાભાઈ પટેલ	(૨)	શ્રી લક્ષમણભાઈ બાલુભાઈ પટેલ
(૩)	શ્રી કૃષ્ણાલાલ બાવજીભાઈ પટેલ	(૪)	શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય
(૫)	શ્રી વિનોદભાઈ એન. પટેલ	(૬)	ડૉ. વિનેશ બાબુલાલ શાહ

ઉપરોકત છ(૬) ઉમેદવારોના ઉમેદવારીપત્રકોની ચકાસણી થતાં તમામ માન્ય ઠર્યા હતા. ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની નિયત તારીખ અને સમય સુધીમાં ડૉ. વિનેશ બાબુલાલ શાહે ઉમેદવારીપત્રક પરત ખેંચ્યું હોવાથી નીચે જણાવેલ પાંચ (૫) ઉમેદવારોને બિન હરીફ ચુંટાયેલાં જાહેર કરવામાં આવ્યાં હતાં :

(૧) ડૉ. રજનીકાંત ડાહ્યાભાઈ પટેલ (૨) શ્રી લક્ષમણભાઈ બાલુભાઈ પટેલ
(૩) શ્રી કૃષ્ણાલાલ બાવજીભાઈ પટેલ (૪) શ્રી ગૌરાંગભાઈ વિજયરાય વૈદ્ય
(૫) શ્રી વિનોદભાઈ એન. પટેલ

બપોરે ૧ થી ૩ : ૩૦ વાગ્યા મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડીયા પર એક પ્રતિનિધિ ચૂંટવાની પ્રકિયા માટે સેનેટની સભા મુલતવી રાખવામાં આવી હતી.

(૪.અ) પ્રશ્નોત્તરીઃ

: પ્રશ્નોત્તરી :

બપોર બાદ ૩ : ૪૫ વાગ્યે મુલતવી રહેલ સેનેટની સભા ફરી શરૂ કરવામાં આવી હતી પ્રશ્નોત્તરી માટે એક કલાક (૬૦ મિનિટસ) ફાળવવામાં આવ્યો. શ્રી કે. બી. પટેલ અને શ્રી લક્ષ્મણભાઈ પટેલે પ્રશ્નોત્તરી શરૂ થતાં પહેલા જ તેઓશ્રી તરફથી પૂંછવામાં આવેલ પ્રશ્નોનો પ્રશ્નોત્તરીમાં સમાવેશ કરવામાં આવેલ નથી તેમ જણાવી વિરોધ દર્શાવ્યો હતો.

કુલપતિશ્રી તરફથી બધું જ નિયમ મુજબ છે તેમ જણાવતાં શ્રી કે. બી. પટેલ, શ્રી લક્ષ્મણભાઈ પટેલ અને આ. ડૉ વિપીનભાઈ નાયકે પ્રશ્નોત્તરી દરમ્યાન સભા ત્યાગ કર્યો હતો, કુલપતિશ્રીએ તેઓને બપોરે ૩ : ૪૫ થી ૪ : ૪૫ પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય એટલે આવી રહેશો તેમ જણાવેલ હતું.

કુલસચિવશ્રીએ ક્રમશઃ પ્રશ્ન નં. અને પ્રશ્ન પૂછનાર સભ્યોનું નામ બોલતા ગયા પણ પ્રશ્નોત્તરીમાં સમાવેલ પ્રશ્નો ઉપર કોઈપણ જાતની ચર્ચા કે પૂરક પ્રશ્નો પૂછાયા ન હતા. આમ બપોરે ૪ : ૧૦ કલાકે નીચે આપેલ (૧) થી (૧૩૯) પ્રશ્નોની પ્રશ્નોત્તરી પૂર્ણ થઈ હતી.

ડૉ. વિપુલ જમનાદાસ સોમાણીએ નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧ ગત વર્ષે ઓગસ્ટ મહિનામાં આવેલ પૂર દરમ્યાન યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં થયેલ નુકસાનની વિગતો આપી યુનિવર્સિટીએ આ નુકસાન ભરપાઈ કરવા કયા કયા પગલાંઓ લીધા ?

ઉત્તરઃ ૧ ગત વર્ષે ઓગષ્ટ માસમાં આવેલ પૂર દરમ્યાન યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં થયેલ નુકશાન રૂા. ૩,૭૧,૦૭,૫૨૫/– આ સાથે સામેલ **પરિશિષ્ટઃ ' ક '** મુજબ ભરપાઈ કરવા અંગે રાજય વીમા નિગમને નુકસાનની વિગતો આપી તે અંગે ચર્ચા કરી રાજયવીમાના અધિકારો તથા સર્વેયર દ્વારા કાર્યવાહી ચાલી રહી છે.

(પરિશિષ્ટઃ ' ક ')

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨ M.Com.ના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે ની લઘુત્તમ લાયકાતના ધોરણો અનામત કેટેગરી સહિતના જણાવવા વિનંતી છે.

ઉત્તરઃ ૨ એમ.કોમનાં અભ્યાસક્રમમાં પી.જી પ્રવેશ નિયમ મુજબ ઓપન અને એસઇબીસી કેટેગરી માટેની લઘુત્તમ લાયકાતનાં બી.કોમ. ૪૫ % રાખવામાં આવેલ છે, અને એસ.સી. / એસ.ટી કેટેગરી માટે ૫ % ઓછા એટલે ૪૦% રાખવામાં આવ્યા છે.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩ સુરત શહેરની કોમર્સ કોલેજોમાં પ્રવેશો આપવા માટે રચાતી કેન્દ્રિય પ્રવેશ સમિતનુ ગઠન યુનિવર્સિટી કરે છે કે કોલેજો ભેગી થઈને પ્રવેશ સમિતિની રચના કરે છે ?

ઉત્તરઃ ૩ આ સમિતિનું ગઠન યુનિવર્સિટી કરે છે.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૪ (A) સેનેટની માર્ચ ૨૦૦૬ની વાર્ષિક સભા પછી અત્યાર સુધીમાં કુલપતિશ્રીએ તેમને મળેલી યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૪) (a) અનુસારની સત્તા અન્વયે કયા કયા નિર્ણયો, કયા કયા અધિકારી/ અધિકાર મંડળ વતી, કેવા પ્રકારની તાકીદની સ્થિતિ જણાતા લીધા હતા તેની માહિતી દરેક નિર્ણય માટે મુદ્દાસર આપવા વિનંતી છે.

(B) આવા નિર્ણયો જે જે અધિકારી/ અધિકાર મંડળ વતી લેવામાં આવ્યા હતા તેના નામ તથા કલમ૧૧(૪) (a) ની આદેશાત્મક જોગવાઈ અનુસાર જે તે અધિકારી/ અધિકાર મંડળને જે તે નિર્ણયની કારણો સહિતની વહેલામાં વહેલી તકે જાણ કરવામાં આવી હતી કે નહી તેની માહિતી દરેક નિર્ણય માટે મુદ્દાસર આપવા વિનંતી છે દરેક નિર્ણય બાબતે એવી જાણ કરવામાં કેટલા દિવસો લાગ્યા હતા તે માહિતી પણ આપવા વિનંતી છે.

(C) જો કોઈ અધિકારી/ અધિકાર મંડળ વતી કુલપતિશ્રી દ્વારા લેવાયેલા નિર્ણયોની જાણ કુલપતિશ્રી દ્વારા તેમને હજુ સુધી કરવામાં આવી ન હોય તો તેવા નિર્ણયોની યાદી, સંલગ્ન તમામ વિગતો સાથે તથા એવી જાણ હજુ સુધી ન કરવા માટેના કારણો સહિતની દરેક નિર્ણયો અનુસારની માહિતી સેનેટ સમક્ષ રજૂ કરવા વિનંતી છે.

ઉત્તરઃ ૪ (A), (B), (C) હાજી, સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

ડૉ. વિનેશ બાબુલાલ શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫ સેનેટ સભ્ય તરીકે (શિક્ષકોની મતદારયાદીમાંથી) આવ્યા બાદ સેનેટ સભ્ય નીચેના પૈકી કયા સંજોગોમાં ના રહે ? કારણ આપી સમજાવો.

(A) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી માંથી બીજી યુનિવર્સિટીની સંલગ્ન કોલેજમાં ગુજરાત સરકાર દ્વારા ટ્રન્સફર થવાથી.

(B) હેડકવાર્ટર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ની સંલગ્ન કોલેજમાં હોય પરંતુ Deputation વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય કોલેજમાં હોય.

(C) હેડકવાર્ટર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટીની સંલગ્ન કોલેજમાં હોય પરંતુ Deputation વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કોલેજમાં હોય.

(D) સેનેટ સભ્ય તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ચૂંટાઈ આવ્યા બાદ અન્ય યુનિવર્સિટીની સંલગ્ન કોલેજમાં ટ્રાન્સફર થયા બાદ થોડા સમયમાં (સેનેટની પાંચ વર્ષનો સમયગાળો પૂરો થયા પહેલા) ફરીથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ટ્રાન્સફર થાય.

ઉત્તરઃ ૫ યુનિવર્સિટી સંલગ્ન સંસ્થામાં નોકરી ન કરતા રોલ પર નામ રહેતું નથી.

(A) અન્ય યુનિવર્સિટીમાં ટ્રાન્સફર થવાથી આપણી યુનિવર્સિટીમાં શિક્ષક તરીકે રહેતો નથી. તેથી
સભ્યપદ નો અંત આવે છે.

(B) આ સમયગાળામાં આપણી યુનિવર્સિટીનો શિક્ષક ગણાતો હોવાથી સેનેટ સભ્યપદ ચાલુ રહે છે.

(C) જે તે યુનિવર્સિટીનાં કોલેજનાં શિક્ષક તરીકે ન રહેવાથી સેનેટના સભ્યપદનો અંત આવે છે.

(D) અન્ય યુનિવર્સિટી વિસ્તારમાં ટ્રાન્સફર થવાથી તે આપણી યુનિવર્સિટીનો શિક્ષક ન રહેવાથી સેનેટના સભ્યપદનો અંત આવે છે.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬ (A) વર્ષ ૨૦૦૬–૦૭માં નવયુગ કોમર્સ કોલેજ, સુરત, માં ચાલતા M.Com. ના અભ્યાસક્રમમાં M.Com.-1 માં સ્પોર્ટસ કવોટામાં પ્રવેશ માટે મળેલી અરજીઓની વિગતો જેવી કે વિદ્યાર્થીઓના નામ, T.Y.Com.ની પરીક્ષા પાસ કર્યાનું વર્ષ, તે પરીક્ષામાં મેળવેલ ટકા વગેરે આપવા વિનંતી.

(B) આ કોલેજમાં જો કોઈ કિસ્સામાં લઘુત્તમ લાયકાત ન ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશો આપવામાં આવેલા હોય તો તેની વિગતો આપવા વિનંતી છે. એવા પ્રવેશો કયા અધિકારીના આદેશથી આપવામાં આવ્યા હતા તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૬ (A) વર્ષ ૨૦૦૬–૦૭માં નવયુગ કોમર્સ કોલેજ, સુરતમાં એમ.કોમ.માં કુલ ૩ વિદ્યાર્થીઓએ સ્પોર્ટસ કવોટામાં પ્રવેશ માટેની અરજી કરેલ છે. જેમનાં નામો નીચે મુજબ છે.
(૧) પટેલ આષુતોશ ચંપકભાઇ – માકર્સ – ૪૫૩ / ૯૦૦
(૨) પટેલ મિતેશ એચ.–માકર્સ–૪૦૧ / ૯૦૦
(૩) પટેલ જય નવનીતભાઇ – માકર્સ – ૩૮૯/૯૦૦

(B) પ્રસ્તુત કોલેજમાં સ્પોર્ટસ કવોટામાં લઘુત્તમ લાયકાત ન ધરાવતા વિદ્યાર્થીને (પટેલ જય નવનીતભાઇ) આચાર્ય તથા નિયામકશ્રી, યુવક કલ્યાણ અને શા.શિક્ષણ વિભાગની ભલામણથી (મા.કુલપતિશ્રીનાં આદેશથી પ્રવેશ આપવામાં આવેલ છે.) રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ ઉત્તમ દેખાવ કરેલ હોવાથી.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭ સંલગ્ન કોલેજના કોઈ પણ સમુહ માટે કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિ રચવા માટે યુનિવર્સિટીએ સ્ટેચ્યુટસ/ ઓર્ડિનન્સીસની જોગવાઈ કરેલી છે ? જો જવાબ 'હા' હોય તો તે સંબધીત તમામ વિગતો આપવા વિનંતી.

ઉત્તરઃ ૭ નાજી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૮ (A) યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી દ્વારા ચલાવાતા M.Philના અભ્યાસ ક્રમમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરવો ફરજીયાત છે ?

(B) યુનિવર્સિટીના પ્રોસ્પેકટસમાં આ બાબતની જાણ વિદ્યાર્થીઓને કરવામાં આવે છે ?

(C) શિક્ષણ કાર્ય અંગ્રેજી માધ્યમમાંજ થાય તે ફરજીયાત છે ?

(D) ડિઝર્ટેશન અંગ્રેજી ભાષામાં જ તૈયાર કરવુ ફરજીયાત છે ?

(E) સ્નાતક કક્ષાએ પણ અંગ્રેજી વિષય ન ભણનાર વિદ્યાર્થી માટે અથવા અંગ્રેજી વિષય પર યોગ્ય કાબુ ન ધરાવતા વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા છે ? જો વૈકલ્પિક વ્યવસ્થા ન હોય તો જયારે વ્યાખ્યાતાના પદ માટે M.Phil આવશ્યક લાયકાત બની ગઈ છે ત્યારે એવા વિદ્યાર્થીઓને અન્યાય નહી થાય ?

(F) આ બાબતો માટે કોમર્સ ફેકલ્ટી/ એકેડેમીક કાઉન્સિલ/ સિન્ડિકેટના ઠરાવોની માહિતી આપવા વિનંતી.

(G) માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષક બનવા માટે જેમ બી. એડ્‌ની પદવી આવશ્યક લાયકાત છે તેમ કોલેજમાં વ્યાખ્યાતા બનવા માટે M.Phil. આવશ્યક લાયકાત બની ગઈ છે તેથી M.Phil. ના અભ્યાસક્રમમાં M.Com. ના મેરીટના ધોરણે પ્રવેશ આપવાને બદલે ટેસ્ટ/ ઈન્ટરવ્યુ પધ્ધતિથી પ્રવેશ આપવાથી ઉચું મેરીટ ધરાવતા ઉમેદવારોને અન્યાય થવાની સંભાવના રહેતી હોવા છતાં તે પધ્ધતિને કેમ વળગી રહેવામાં આવે છે તેની સ્પષ્ટતા કરવા વિનંતી.

(H) વર્ષ ૨૦૦૬–૦૭ માટે કોમર્સ વિષયમાં M.Phil. ના અભ્યાસક્રમ માટે કેટલી બેઠકો માટે કેટલી અરજીઓ આવી હતી તે જણાવવા વિનંતી છે તેમાથી કેટલી અરજીઓ SC, ST, SEBC અને સામાન્ય કેટેગરી માટે આવી હતી તેની માહિતી આપવા વિનંતી. આ અરજીઓના આધારે જુદી જુદી કેટેગરીઝ માં કેટલા પ્રવેશો આપવામાં આવ્યા છે તેની માહિતી આપવા વિનંતી. એવા પ્રવેશોથી અનામતના ધોરણોનું પાલન થયુ છે ? ' જો જવાબ ના ' હોય તો તેવુ કેમ થયુ નથી તેની સ્પષ્ટતા કરવા વિનંતી.

ઉત્તરઃ ૮ (A) નાજી, છતાં માધ્યમ, અભ્યાસક્રમ અને મીડીયમ ઓફ ઈન્સ્ટ્રકશન અંગ્રેજીમાં છે.

(B) નાજી.

(C) શિક્ષણ કાર્ય અંગ્રેજી માધ્યમમાં થાય છે. પરંતુ ફરજિયાત નથી.

(D) ડેઝરટેશન અંગ્રેજીમાં લખે છે. પરંતુ ફરજિયાત નથી.

(E) અભિપ્રાયની બાબત છે.

(F) આ બાબત અસ્પષ્ટ હોઈ જવાબ આપવાનો રહેતો નથી.

(G) અભિપ્રાયની બાબત છે.

(H) વર્ષ ૨૦૦૬–૦૭માં એમ.ફિલ કોમર્સમાં કુલ ૧૩૮ અરજી આવી હતી,
જેમાં કેટેગરી નીચે પ્રમાણે હતી :

OPEN	SC	ST	SEBC	TOTAL
67	13	08	50	138

જે પૈકી કુલ ૩૯ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. જેમાં કેટેગરી નીચે મુજબ છે.

OPEN		SC		ST		SEBC		TOTAL		TOTAL
M	F	M	F	M	F	M	F	M	F	
15	08	4	1	0	0	10	01	29	10	**39**

ડૉ. વિનેશ બાબુલાલ શાહે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૯ LIC માં જવા માટે શું LIC કરનાર સભ્યને માનદ્‌વેતન (D.A) અપાય છે ? જો હા, તો કેટલું અપાય છે ? જો ના, તો તે ચાલુ કરવા માટે કોઈ વિચારણા થઈ છે ?

ઉત્તરઃ ૯ પ્રશ્ન અસ્પષ્ટ છે. નિયમાનુસાર D.A. ચૂકવાય છે.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૦ યુનિવર્સિટીના M.Com. ના કોઈ કેન્દ્રમાં સ્પોર્ટ્સ કવોટાની જગ્યા ખાલી હોવા છતા કોઈ વિદ્યાર્થીને લઘુત્તમ લાયકાતના અભાવને કારણે પ્રવેશ આપીને રદ કરવામાં આવ્યો હોય તો તેની વિગતો આપવા વિનંતી.

ઉત્તરઃ ૧૦ આવી કોઈ વિગત યુનિવર્સિટી રેકર્ડ પર નથી.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૧ કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિના આવાહક, નિરીક્ષક તથા સભ્યોની ફરજો અને અધિકાર નકકી કરવા માટેના સ્ટેટયૂટ/ ઓર્ડિનન્સ/ રેગ્યુલેશન/ રૂલ્સ નકકી થયા હોય તો વિગતો આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૧૧ કેન્દ્રીય પ્રવેશસમિતિના આવાહક/નિરીક્ષક તથા સભ્યોની ફરજો અને અધિકારો નકકી કરવા અંગે સ્ટેટયૂટ/ ઓર્ડિનન્સ/ રેગ્યુલેશન/ રૂલ્સ નકકી થયા નથી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૨ (A) યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૩) દ્વારા કુલપતિશ્રીને યુનિવર્સિટી ધારાની તમામ જોગવાઈઓ તથા તમામ સ્ટેટયૂટસ/ ઓર્ડિનન્સીલ/ રૂલ્સ/ રેગ્યુલેશન્સનું વફાદારીથી (Faithfully) પાલન થાય તે સુનિશ્ચિત કરવાની ફરજ (Duty) સોંપવામાં આવી છે અને એવી ફરજ સુપેરે નિભાવવા માટેની જરૂરી તમામ સત્તાઓ પણ તેમને આ જ કલમ દ્વારા આપવામા આવી છે. તે હકીકતના સંદર્ભમાં, કુલપતિશ્રી પોતે યુનિવર્સિટી ધારાની કોઈ કલમનો ભંગ થાય કે કોઈ સ્ટેટયૂટ/ ઓર્ડિનન્સ/ રૂલ્સ/ રેગ્યુલેશન નો ભંગ થાય તેવા નિર્ણયો કરી શકે તેવી જોગવાઈનો આ કલમ પછીની કલમ એટલે કે ૧૧ (૪) (a)માં સમાવેશ થાય છે કે નહી તેની માહિતી આપવા વિનંતી છે.

(B) જે નિર્ણયો કરવાની સત્તા યુનિવર્સિટીની સિન્ડિકેટ/ સેનેટ/ એકેડેમિક/ કાઉન્સિલ/ ફેકલ્ટીને પણ નથી તેવા નિર્ણયો કુલપતિશ્રી એવા અધિકાર મંડળ વતી લઈ શકે ? જો જવાબ 'હા' હોય તો યુનિવર્સિટી ધારાની કઈ કલમના આધારે તેમને એવી સતા પ્રાપ્ત થયેલી છે તેની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૧૨ (A) આવી કોઈ જોગવાઈ નથી.

(B) ન લઈ શકે.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૩ (A) એફ.વાય.બી.બી.એ. માં પ્રવેશ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સિવાયના બોર્ડની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટેની બેઠકોની ફાળવણીની વિગતો આપવા વિનંતી. આ માટેની કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિમાં ઓબ્ઝર્વર તરીકે કોણ હતા ?

(B) પ્રથમ વર્ષ બી.બી.એ.માં પ્રવેશ માટેનું મેરીટ લીસ્ટ ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડ માટે જુદા જુદા બનાવવામાં આવે છે કે એક જ લીસ્ટ તૈયાર થાય છે તેની માહિતી આપવા વિનંતી.

(C) સુરત શહેરની બી.બી.એ. કોલેજમાં વર્ષ ૨૦૦૬–૦૭ દરમ્યાન જુદા જુદા બોર્ડના વિદ્યાર્થીઓને અપાયેલા પ્રવેશોની સંખ્યા અને ટકાવારીની કોલેજ દીઠ માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૧૩ (A) મેરીટ લીસ્ટ એક જ હોય બોર્ડ પ્રમાણે અલગ બેઠકોની ફાળવણી કરવામાં આવતી નથી. કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિમાં ઓબ્ઝર્વર તરીકે શ્રી હેમંતભાઈ ટોપીવાલા હતા.

(B) મેરીટ લીસ્ટ જુદા બનાવવામાં આવતા નથી.

(C) Statute: 36 (2) (i) (g) મુજબ.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૪ વર્ષ ૨૦૦૬–૨૦૦૭ માટે સુરતની કોમર્સ કોલેજના એફ. વાય. બી. કોમમાં પ્રવેશો આપવા માટે રચાયેલી કેન્દ્રસ્થ પ્રવેશ સમિતિની રચનામાં આવા સ્ટેટયૂટ/ ઓર્ડિનન્સ/ રૂલ્સ/ રેગ્યુલેશનનો અમલ થયો હતો ? સમિતિની કાર્યવાહીમાં આવી જોગવાઈઓનું પાલન થયું હતું ?

ઉત્તરઃ ૧૪ પ્રશ્ન અસ્પષ્ટ હોઈ, જવાબ આપવાનો રહેતો નથી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૫ (A) પ્રવેશ માટેની લઘુતમ લાયકાત ન ધરાવતા વિદ્યાર્થીને પણ પ્રવેશ આપવાની સતા યુનિવર્સિટીના કયા અધિકારી/ અધિકાર મંડળને યુનિવર્સિટી ધારાની કઈ કલમ અન્વયે પ્રાપ્ત થયેલી છે ? કુલપતિશ્રીને એવી સતા પ્રાપ્ત થયેલી છે ? જો જવાબ 'હા' હોય તો યુનિવર્સિટી ધારાની કઈ કલમના આધારે તેવી સતા તેમને પ્રાપ્ત થયેલી છે તેની માહિતી આપવા વિનંતી.

(B) સંલગ્ન કોલેજમાં વ્યાખ્યાતાના પદ માટે પસંદગી પામેલા પરંતુ લઘુતમ લાયકાત પણ ન ધરાવતા ઉમેદવારીની પસંદગીને બહાલી આપવાની સતા યુનિવર્સિટીના કુલપતિશ્રીને પ્રાપ્ત થયેલી છે ? જો જવાબ 'હા' હોય તો યુનિવર્સિટી ધારાની કઈ કલમ મુજબ તેમેને એવી સતા પ્રાપ્ત થયેલી છે તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૧૫ (A) નાજી.
(B) નાજી.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૬ કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા અપાતા પ્રવેશો યુનિવર્સિટીના કોઈ સ્ટેટયૂટ/ ઓર્ડિનન્સનો સ્પષ્ટ ભંગ કરનારા હોય તો તેવા પ્રવેશો પણ આપવા માટે કોલેજોને ફરજ નહી પાડવા માટે સમિતિને તાકીદ કરવા માટે કોઈ આચાર્યએ લેખીત વિનંતી કરી હતી ? જો જવાબ 'હા' હોય તો તેની વિગતો જેવી કે પત્રની તારીખ, પત્ર લખનાર આચાર્યનું નામ, પત્ર કોને સંબોધિને લખાયો હતો, વગેરે માહિતી આપવા વિનંતી. તે સંદર્ભમાં સમિતિને કોઈ લેખિત તાકીદ કરવામાં આવી હોય તો તેની વિગતો આપવા વિનંતી.

ઉત્તરઃ ૧૬ કયા અભ્યાસક્રમની કેન્દ્રિય પ્રવેશ સમિતિ અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય તે અસ્પષ્ટ હોઈ જવાબ આપવાનો રહેતો નથી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૭ (A) યુનિવર્સિટી ધારાની કલમ ૨ (૧) તથા ૫ અને ૩૪ની જોગવાઈઓ/ વ્યાખ્યાઓ અનુસાર જે કોલેજનું યુનિવર્સિટી સાથેનું જોડાણ (Affiliation) ન હોય તેવી કોલેજના શિક્ષકોને યુનિવર્સિટીના કોઈ પણ અધિકાર મંડળના મતદાર તરીકે માન્યતા આપવાની સતા કુલપતિશ્રીને પ્રાપ્ત થયેલી છે ? જો જવાબ 'હા' હોય તો યુનિવર્સિટી ધારાની કઈ કલમના આધારે ?

(B) જે કોલેજ/ સંસ્થાના જોડાણની યુનિવર્સિટીની ભલામણનો સ્વીકાર ન થયો હોય કે સ્વીકાર કરવા માટેનું જાહેર નામુ સરકારે બહાર ન પાડયુ હોય તો તે સંસ્થાને યુનિવર્સિટીનુ જોડાણ મળેલુ કહેવાય ? જો જવાબ 'હા' હોય તો યુનિવર્સિટી ધારાની કઈ કલમ અનુસાર જોડાણ મળેલુ કહેવાય ?

(C) કોઈ સંસ્થાને જોડાણ આપવા માટે યુનિવર્સિટી સરકારને ભલામણ કરે અને સરકાર તે ભલામણનો સ્વીકાર/ અસ્વીકાર કરે તે વચ્ચેના સમયગાળા દરમ્યાન તે સંસ્થાના યુનિવર્સિટી સાથેના સંબંધ બાબતે યુનિવર્સિટીએ કોઈ કાનુની અભિપ્રાય મેળવ્યો છે ? જો એવો અભિપ્રાય મેળવ્યો હોય તો તેની વિગતો તથા યુનિવર્સિટી તથા કાયદા શાસ્ત્રી ના પત્રોની વિગતો જેવી કે પત્રોની તારીખ, વિષય આવક/ જાવક નંબર વગેરેની માહિતી આપવા વિનંતી તથા પત્રોની નકલ સેનેટ સભ્યોને ઉપલબ્ધ કરાવવા વિનંતી.

ઉત્તરઃ ૧૭ (A) નાજી.
(B) જેતે કોલેજનું પ્રથમ વખતનું સરકારનું જાહેરનામું બહાર ન પડેલ હોય કે યુનિવર્સિટીની ભલામણનો પ્રથમ વખત સ્વીકાર ન થયેલ હોય તો તે સંસ્થાને યુનિવર્સિટીનું જોડાણ ન મળેલ કહેવાય.
(C) નાજી.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૮ (અ) આપણી યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૭ મુજબ વર્ગદીઠ સંખ્યા ૧૦૦થી વધુ ન રાખવા માટેની જોગવાઈ છે ?

(બ) અને કોલેજ વિનંતી કરે તો વધારાની, વધુમાં વધુ ૧૦ બેઠકો, માટે મંજૂરી આપવાની જ (નહી કે આદેશ આપવાની) સત્તા કુલપતિને આપવામાં આવી છે એ હકીકત સાચી છે ?

(ક) કુલપતિશ્રી વર્ગદીઠ ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો આદેશ આપે તો તેનાથી ઓર્ડિનન્સ – ૬૭નો ભંગ થાય ?

ઉત્તરઃ ૧૮ (અ) હાજી.

(બ) નાજી.

(ક) જેતે વર્ષે વિદ્યાર્થીઓના પ્રવેશના ધસારાને ધ્યાનમાં લઈ સિન્ડિકેટ પ્રવેશ સંખ્યા નકકી કરતી હોય છે.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૧૯ (A) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં વ્યાખ્યાતાની નિમણૂંક માટે NET/ SET પાસ અને/ અથવા M.Phil.ની લાયકાત લઘુત્તમ લાયકાતનો ભાગ છે ?

(B) સુરતની BRCM બી.બી.એ. કોલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતાની થયેલ છેલ્લી નિમણૂંક વખતે ઈન્ટરવ્યુંમા NET/ SET પાસ કરનાર અને/ અથવા M.Phil ની પદવી પાસ કરનાર કેટલા ઉમેદવારોએ ઇન્ટરવ્યું આપ્યાં હતાં ? તેની વિગતો આપવા વિનંતી.

(C) ઉપરોકત ઈન્ટરવ્યુંમાં કયા ઉમેદવારની પસંદગી થઈ હતી. તેમનું નામ જણાવવા તથા લાયકાત જણાવવા વિનંતી.

(D) પસંદ થયેલ ઉમેદવારે NET/ SET ની પરિક્ષા પાસ કરેલ ન હતી તથા M.Phil ની પદવી પણ મેળવેલ ન હતી તે હકીકત સાચી છે ?

(E) જો જવાબ 'હા' હોયતો યુનિવર્સિટીના કુલપતિશ્રીએ પણ એ પસંદગીને બહાલી આપી દેતાં ઉમેદવારને ફરજ પર હાજર પણ કરી દેવામાં આવ્યાં છે તે હકીકત સાચી છે ?

(F) જો જવાબ 'હા' હોયતો ઉમેદવારને તાત્કાલિક છૂટા કરવાના આદેશ યુનિવર્સિટી કેમ નથી આપતી ? તેની વિગતવાર માહિતી આપવી.

ઉત્તરઃ ૧૯ (A) હાજી.

(B) અંગ્રેજી વિષયના વ્યાખ્યાતાના ઈન્ટરવ્યું થયા નથી.

(C) થી (F) (B) નો જવાબ જોતા (C) થી (F) ના ઉત્તર આપવાના રહેતા નથી.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૦ વર્ષ ૨૦૦૬–૨૦૦૭ માટે સુરત શહેરની ગ્રાન્ટ–ઈન–એઈડ કોમર્સ કોલેજમાં એફ.વાય.બી.કોમમાં વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૫ રાખવા તથા સ્વનર્ભિર કોલેજોમાં તે ૧૨૦ રાખવા માટેનો સિન્ડિકેટનો ઠરાવ તથા સંલગ્ન વિગતો જેવી કે સભાની તારીખ, બાબત નંબર, ઠરાવ નંબર વગેરે આપવા વિનંતી. જો આવો ઠરાવ થયો ન હોય તો આ નિર્ણય કોણે, યુનિવર્સિટી ધારાની કઈ કલમથી મળેલી સત્તાને આધારે કર્યો હતો તેની વિગતો આપવા વિનંતી. જો આ નિર્ણય કુલપતિશ્રીએ કર્યો હોય તો તે યુનિવર્સિટી ધારાની કલમ ૧૧ (૩) નો ભંગ થવા સમાન નથી ?

ઉત્તરઃ ૨૦ સિન્ડિકેટ તા. ૨૧–૪–૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : ૧૭૬ મુજબ.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૧ (A) (I)સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત તથા (II) સદ્‌વિદ્યા મંડળ ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ના વર્ષ ૨૦૦૬–૦૭ ના જોડાણની ભલામણો સરકારને થયેલી છે ? જો જવાબ 'હા' હોય તો પત્રની તારીખ, જાવક નંબર, વિષય જેવી વિગતો બંને કોલેજો માટે આપવા વિનંતી છે.

(B) સરકાર દ્વારા એવી ભલામણો મંજૂર કરતા જાહેરનામા બહાર પાડયા છે ? જો જવાબ 'હા' હોય તો જાહેર નામાની તારીખો અને નંબરોની વિગતો આપવા વિનંતી. જાહેરનામાની નકલ સેનેટ સભ્યોને ઉપલબ્ધ કરાવવા વિનંતી.

(C) આ કોલેજના વર્ષ ૨૦૦૫–૨૦૦૬ માટેના જોડાણો કઈ તારીખોએ પુરા થયા હતા તેની માહિતી આપવા વિનંતી છે. તે તારીખોથી વર્ષ ૨૦૦૬–૨૦૦૭ માટેના જોડાણો માટેની યુનિવર્સિટીની ભલામણોને મંજૂરી આપતા સરકારી જાહેરનામા બહાર પાડયા હોય કે પડશે તે વચ્ચેના સમયગાળા દરમ્યાન તે કોલેજના શિક્ષકોને યુનિવર્સિટી ધારાની કલમ ૨(૧૩)માં જણાવેલી 'Teacher' શબ્દની વ્યાખ્યામાં સમાવવાનો નિર્ણય કોણે લીધો હતો, તે નિર્ણય પ્રક્રિયા માટે કાર્યાલયે રજૂ કરેલી નોંધ, તે નોંધ ઉપર તમામ અધિકારીઓની ટીપ્પણીઓ સહિત, સેનેટ સમક્ષ રજૂ કરવા વિનંતી આ કાર્યાલય નોંધની નકલ સેનેટ સભ્યોને ઉપલબ્ધ થાય તે માટે પ્રબંધ કરવા વિનંતી.

(D) જો એવો નિર્ણય કોઈ પણ અધિકારીએ કર્યો ન હોય તો ઉપરોકત સમયગાળા દરમ્યાન આ કોલેજોના અધ્યાપકો અનુક્રમે પ્રો. અદિતી હજારે તથા પ્રો. અક્ષય મહેતાને સેનેટ સભ્ય તરીકે ચાલુ રાખવામાં આવ્યા છે ? જો જવાબ 'હા' હોય તો કોના આદેશને આધારે તેમ કરવામાં આવ્યું છે તેની માહિતી આપવા વિનંતી છે જો જવાબ 'ના' હોય તો તે માટેનું યુનિવર્સિટીનું જાહેરનામું બહાર પડયું છે ? જો જાહેરનામુ બહાર પડયું હોય તો તેની નકલ સેનેટ સભ્યોને ઉપલબ્ધ કરાવવા વિનંતી છે. જો જાહેરનામુ બહાર ન પડયું હોય તો તે માટેના કારણોની માહિતી આપવા વિનંતી છે.

(E) ઉપરોકત બંને કોલેજોના તા. ૧૫–૬–૨૦૦૫ થી ૧૪–૬–૨૦૦૬ સુધીના યુનિવર્સિટી સાથેના જોડાણને મંજૂરી આપતા રાજય સરકારના જાહેરનામાઓની તારીખ તથા જાહેરનામા ક્રમાંકોની માહિતી આપવા વિનંતી.

(F) ઉપરોકત બંને જાહેરનામા તેમના મતદાર વિભાગની એપ્રિલ ૨૦૦૬માં થયેલી ચૂંટણીની મતદાર યાદી પ્રસિધ્ધ થયાની તા. ૩૧–૧૨–૨૦૦૬ પછી બહાર પાડયા હતા ?

(G) ઉપરોકત બંને જાહેરનામાં તેમને સેનેટ સભ્ય તરીકે ચૂંટાયેલા જાહેર કરતા યુનિવર્સિટીના જાહેરનામાની તા. ૨૪–૪–૨૦૦૬ પછી બહાર પાડયા હતા ?

(H) તા. ૨૪–૪–૨૦૦૬ના રોજ ઉપરોકત જાહેરનામા પ્રસિધ્ધ થયેલા ન હોવાથી ઉપરોકત બંને ઉમેદવારોને ચૂંટણી રદ બાતલ કરવા જે સેનેટ સભ્યોએ લેખીત રજૂઆત કુલપતિશ્રીને કરી હતી ? તેનું નામ આપવા વિનંતી છે. પત્રોની નકલ સેનેટ સભ્યોને ઉપલબ્ધ થાય તેનો પ્રબંધ કરવા વિનંતી છે.

ઉત્તરઃ ૨૧ (A) હા
સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત
વિષય : જોડાણ કાર્યવાહી જાહેરનામું બહાર પાડવા અંગે...
પત્રની તારીખ અને નંબર : તા.૨૦–૬–૨૦૦૬, પત્રાંકઃ એસ–એ(એન્જિ.)(૦૬)/૬૫૨૬
સદ્‌વિદ્યા મંડળ ઇન્સ્ટટીયુટ ઓફ ટેકનોલોજી, ભરૂચ.
વિષય : જોડાણ કાર્યવાહી જાહેરનામું બહાર પાડવા અંગે...
પત્રની તારીખ અને નંબર : તા.૨૦–૬–૨૦૦૬, પત્રાંકઃ એસ–એ(એન્જિ.)(૦૬)/૬૫૨૫

(B) હા
સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત.
જાહેરનામાની તારીખ અને નંબર :
તા.૧૯–૭–૨૦૦૬, જાહેરનામા ક્રમાંકઃ દગજ–૧૫૯૫–૨૨૫૭–ખ.૧
સદ્‌વિદ્યા મંડળ ઇન્સ્ટટીયુટ ઓફ ટેકનોલોજી, ભરૂચ
જાહેરનામાની તારીખ અને નંબર :
તા.૧૯–૭–૨૦૦૬, જાહેરનામા ક્રમાંકઃ દગજ–૧૫૯૬–૩૧૧૭–ખ.૧
ઉપરોકત બંને સંસ્થાના જાહેરનામાની નકલ સભા સમયે રજૂ કરવામાં આવી હતી.

(C) ઓર્ડિનન્સ –૮૮ અંતર્ગત શિક્ષક તરીકે માન્યતા આપવામાં આવે છે.

(D) શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રહેતી હોવાથી સેનેટ સભ્ય તરીકે ચાલુ રહે છે.

(E) શૈક્ષણિક વર્ષ : ૨૦૦૫–૨૦૦૬ની જાહેરનામાની માહિતી
સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી, સુરત
જાહેરનામાની તારીખ અને નંબર :
તા.૧૦–૫–૨૦૦૬, જાહેરનામા ક્રમાંકઃ દગજ–૧૫૯૫–૨૨૫૭–ખ.૧
સદ્‌વિદ્યા મંડળ ઇન્સ્ટટીયુટ ઓફ ટેકનોલોજી, ભરૂચ
જાહેરનામાની તારીખ અને નંબર :
તા.૧૦–૫–૨૦૦૬, જાહેરનામા ક્રમાંકઃ દગજ–૧૫૯૬–૩૧૧૭–ખ.૧

(F) નાજી

(G) હાજી

(H) પ્રશ્ન અસ્પષ્ટ છે.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૨ વી. ન. દ. ગુ. યુનિવર્સિટી સુરતના પરીક્ષા નિયામક શ્રી દિલીપ સી. શાહની નામદાર ટ્રિબ્યુનલ અમદાવાદના તા. 4-5-05ના હુકમ અન્વયે યુનિ. સિન્ડિકેટની તા. 25-6-06 ના ઠરાવ નં ૩૨ થી સ્વૈચ્છિક નિવૃત્તિ માટે બંનેવ પક્ષને સ્વીકાર્ય સમાધાનકારી સેટલમેન્ટ દરખાસ્ત તૈયાર કરવા નિમેલ બે સભ્યોની સભા, દરખાસ્ત તૈયાર કરવા યુનિ. એ કંઈ તારીખે બોલાવવા સભ્યોને લખેલ પત્રની નકલ, તે સભામાં હાજર રહેલા સભ્યોના નામો, લીધેલ નિર્ણય, તા. 3-2-06ના રોજ આ સમિતિના એક સભ્ય સુરતમાં હાજર હતા કે કેમ તથા સિન્ડિકેટની તા. 9-2-06 ની સભામાં પણ હાજર હતા તે કેમ તથા તેમની સહી તેઓ સુરતમાં ત્યાર બાદ આવ્યા ત્યારે કઈ તારીખે પાછળથી લીધી તથા તથા કાચો ખરડો ફાઈનલ દરખાસ્ત તૈયાર કરી ત્યારે શ્રી દિલીપ શાહની હાજરી હતી કે કેમ અને તેના પર શ્રી શાહની સહી લીધેલ કે કેમ, તા. 30-11-05ના રોજ તથા તા. 06-2-06 ના રોજ શ્રી શાહે યુનિ. ના **VC** ને લખેલ પત્રોની પ્રમાણિત નકલ બિડાણ સહિત અને VC સાથે તા. 05-5-06, તા. 29-6-06 તથા તા. 10-10-06ના રોજ થયેલ સભામાં હાજર યુનિ. ના અધિકારીઓ, સિન્ડિકેટ સભ્યો શહેરના નામાંકિત અને પ્રતિષ્ઠિત ડોકટરો, ઉદ્યોગપતિઓના નામો અને લીધેલ નિર્ણયની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૨૨ સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૩ ઓર્ડિનન્સ– ૬૭ના સંદર્ભમાં "વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩૫ રાખવી" વાકયનો અર્થ "વર્ગદીઠ વધુમાં વધું ૧૩૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો" એવો થાય છે ? જો જવાબ 'હા' હોય તો કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા તેનો " વર્ગદીઠ ઓછામાં આછા ૧૩૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો" એવો અર્થ કરી વર્ગદીઠ ઓછામાં ઓછા ૧૩૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે ફરજ પાડવામાં આવે છે તે યોગ્ય છે ?

ઉત્તરઃ ૨૩ હાજી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૪ (A) યુનિવર્સિટી ધારાની કલમ ૧૬ (૧), Class II (A) અન્વયે જે જે વિદ્યાશાખાઓ/ મતદાર વિભાગોમાં વર્ષ ૨૦૦૭ દરમ્યાન થનારી ચૂંટણીઓ માટેની મતદાર યાદીઓ તા. ૩૧–૧૨–૨૦૦૬ના રોજ સ્ટેચ્યુટ (૮) અન્વયે તૈયાર થઈ છે તેવી તમામ યાદી ઓમાં જે જે કોલેજનું વર્ષ ૨૦૦૬–૨૦૦૭ માટેનું યુનિવર્સિટી સાથેના જોડાણને મંજૂરી આપતુ જાહેરનામુ તા. ૩૧–૧૨–૨૦૦૬ સુધીમાં રાજય સરકાર દ્વારા બહાર ન પાડયુ ન હોય તો તેવી તમામ કોલેજના શિક્ષકોના નામો, એટલે કે તા. ૩૧–૧૨–૨૦૦૬ના રોજ યુનિવર્સિટીનું જોડાણ ન ધરાવતી કોલેજના શિક્ષકોના નામો, એવી મતદાર યાદીઓમાં ચાલુ રાખવાથી યુનિવર્સિટી ધારાની કલમ ૨(૧૩) નો ભંગ થાય છે તેથી તેવા નામો તમામ મતદાર યાદી માંથી સ્ટેચ્યુટ ૯ (૩) અનુસાર દુર કરવા માટે હું આ સાથે કુલપતિશ્રીનુ ધ્યાન દોરું છું અને તેમ

કરવા માટે વિનંતી પણ કરું છું તદ્અનુસાર સેનેટની સભાની તા. ૨૮–૩–૨૦૦૭ સુધીમાં એટલે કે ઓછામાં ઓછા ૩૦ દિવસના સમય ગાળામાં એવા તમામ નામો મતદાર યાદીઓ માંથી દુર થશે કે નહી તેની માહિતી આપવા વિનંતી.

(B) તા. ૩૧–૧૨–૨૦૦૬ (એટલે કે જે વર્ષમાં ચૂંટણીઓ થવાની હોય તે વર્ષની અગાઉના વર્ષની ૩૧મી ડિસેમ્બર) ના રોજ યુનિવર્સિટીનું જોડાણ ન ધરાવતી કોલેજના શિક્ષકોને પણ ઉપરોકત મતદાર યાદીઓમાં સમાવી શકાય તેવુ પ્રતિપાદિત કરતો સ્પષ્ટ કાનુની અભિપ્રાય યુનિવર્સિટીએ મેળવ્યો હોય તો, તે મેળવવા માટે યુનિવર્સિટીએ કાયદાશાસ્ત્રીને લખેલા પત્રની વિગતો જેવી કે પત્રની તારીખ, જાવક નંબર, વિષય વગેરેની માહિતી તથા કાયદાશાસ્ત્રીએ યુનિવર્સિટીને આપેલા લેખીત અભિપ્રાયની યુનિવર્સિટીના આવક નંબર સહિતની એવી વિગતોની માહિતી આપવા વિનંતી છે.બંને પત્રોની નકલો સેનેટ સભ્યોને ઉપલબ્ધ કરવા વિનંતી છે.

ઉત્તરઃ ૨૪ (A) નાજી.

(B) નાજી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૫ વી.ન.દ.ગુ.યુનિ. સુરતના સ્વૈચ્છિક રાજીનામું આપી યુનિ.ના પદેથી નિવૃત્ત થવાથી મળવાપાત્ર લાભો પૈકીના ૩૦૦ હક રજાનું રોકડમાં રૂપાંતર, તબીબી સહાયની રીએમ્બર્સમેન્ટની રકમ, **50** ટકા ડી.એ. મર્જનો લાભ વગેરે આપવા માટે યુનિ. એ વિવિધ ગુ. રા. સરકારના શિક્ષણ, આરોગ્ય, સ્થાનિક ભંડોળ, યુનિ. ના એડવોકટો વગેરેને તેની ચૂકવણી સંદર્ભે લખેલ પત્રો તથા તેમના તરફથી યુનિ. ને લેખિતમાં મળેલ જવાબો/ અભિપ્રાયો/ માર્ગદર્શન વગેરેની પ્રમાણિત નકલ આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૨૫ શ્રી દિલીપ શાહને કાર્યાલય આદેશ ક્રમાંકઃ જન/૫૬૮૬/૨૦૦૬, તા.૧–૬–૨૦૦૬ થી જણાવ્યા મુજબ પ્રાપ્ત રજા સિલકમાં હોય તેના ૫૦% અને વધુમાં વધુ ૧૫૦ દિવસની મર્યાદામાં તેઓને રૂા. ૧,૨૧,૮૩૦/– તા. ૩–૬–૨૦૦૬ના રોજથી હિસાબી વિભાગ દ્વારા ચુકવેલ છે. આ અંગે બી.સી.એસ.આર.નો નિયમ સ્પષ્ટ હોય અન્ય કોઈ જગાએથી અભિપ્રાય કે માર્ગદર્શન મેળવવાની જરૂર નથી.

(૧) તબીબી સહાય રીએમ્બર્સમેન્ટ માટે તા. ૩–૬–૨૦૦૬ તથા તા. ૨૦–૭–૨૦૦૬ના બંને પત્રોની નકલ.

(૨) ૫૦% ડી.એ. મર્જના લાભ માટે તા. ૭–૯–૨૦૦૫ તથા તા.૨૪–૧૧–૨૦૦૫ના બંને પત્રોની નકલ.

ઉપરોકત બંને પત્રો **પરિશિષ્ટ : ' ખ '** માં આપવામાં આવેલ છે.

(પરિશિષ્ટઃ ' ખ ')

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૬ જયારે કોઈ કોલેજ ઓર્ડિનન્સ–૬૭ અનુસાર જ પ્રવેશ આપવાનો લેખિત આગ્રહ કરે ત્યારે કોલેજના આચાર્ય ઉપર કુલપતિ દ્વારા કે સંચાલક કે સંચાલક મંડળ દ્વારા દબાણ કરાવી આચાર્યને ઓર્ડિનન્સનો ભંગ કરવાની ફરજ પાડવી યોગ્ય છે ?

ઉત્તરઃ ૨૬ નાજી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૭ (A) તા. ૨૮/૨૯–૩–૨૦૦૫ની સેનેટની સભામાં સિનિયર સિન્ડિકેટ સભ્યશ્રી હોશંગ મીરઝાના એક પુરક પ્રશ્ન "કોલેજને જોડાણ આપવાની સત્તા યુનિવર્સિટીની છે કે સરકારની ? " નો જવાબ " " આપણે ભલામણ કરીએ છીએ, સરકાર જોડાણ આપે છે " એવો આપવામાં આવ્યો હતો તે હકીકતને ધ્યાનમાં લેતા કોઈ પણ સંસ્થાને યુનિવર્સિટીનું જોડાણ ખરેખર કયારે મળેલું કહેવાય ? યુનિવર્સિટી સરકારને ભલામણ કરે ત્યારે કે સરકાર ભલામણ સ્વીકારી
જાહેરનામું બહાર પાડે ત્યારે ?

(B) યુનિવર્સિટી ધારાની કલમ – ૨ માં જણાવેલી જુદા જુદા પારિભાષિક શબ્દોની વ્યાખ્યાઓ અનુસાર યુનિવર્સિટીનુ, ઉપરના પ્રશ્ન (A)ના જવાબમાં જણાવ્યા અનુસારનું જોડાણ ન ધરાવતી સંસ્થાના શિક્ષકોનો, આ જ કલમમાં જણાવેલી ' teachers ', શબ્દની વ્યાખ્યામાં સમાવેશ થાય છે ?

ઉત્તરઃ ૨૭ (A) જે તે કોલેજનું જોડાણ અંગેનું પ્રથમ વખતનું સરકારનું જાહેરનામું બહાર પડી ગયું હોય અથવા યુનિવર્સિટીની જોડાણની ભલામણનો રાજય સરકાર દ્વારા પ્રથમ વખત સ્વીકાર થયેલ હોય તો તે સંસ્થાને યુનિવર્સિટીનું જોડાણ મળેલ છે તેવું કહેવાય.

(B) જવાબ (A) ને ધ્યાને લેતાં જેનું રાજય સરકારનું પ્રથમ વખતનું જોડાણ આવેલું હોય તેવા શિક્ષકોને ' teachers ' શબ્દની વ્યાખ્યામાં સમાવેશ થાય છે.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૮ (A) યુનિવર્સિટીના વિવિધ અધિકાર મંડળો દ્વારા રચાતી સમિતિઓ દ્રારા અનુસરવામા આવતી સ્થાપિત લોકશાહી અને પારદર્શક કાર્યપધ્ધતિને અનુસરવામાંથી કેન્દ્રિય પ્રવેશ સમિતિને મુકિત આપવામાં આવી છે ?

(B) જો (A) નો જવાબ ' ના ' હોય તો સુરત શહેર માટે એફ. વાય. બી. કોમમાં કેન્દ્રિય પ્રવેશ માટેની સમિતિ આવી લોકશાહી અને પારદર્શક કાર્ય પ્રણાલીને કેમ અનુસરતી નથી ?

ઉત્તરઃ ૨૮ (A) નાજી.
(B) અનુસરે છે.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૨૯ (A) પ્રશ્ન ૧ (A) તથા પ્રશ્ન ૧ (B) ના જવાબોના સંદર્ભમાં જો કોઈ સંસ્થાના જે તે વર્ષ માટેના જોડાણનું જાહેર નામું સરકારે બહાર પાડયું ન હોય તો તે સમય દરમ્યાન પણ તે સંસ્થાના શિક્ષકો યુનિવર્સિટીના વિવિધ અધિકાર મંડળના મતદાર તથા સભ્ય બની શકે ?

(B) જો પ્રશ્ન (A) નો જવાબ 'હા' હોય તો યુનિવર્સિટી ધારાની અન્ય કઈ કલમ અનુસાર તથા કયા સ્ટેચ્યુટ અનુસાર ' teachers ', ની વ્યાખ્યામાં તેમનો સમાવેશ થઈ શકે તેની માહિતી આપવા વિનંતી.

(C) ઉપરોકત બાબતે યુનિવર્સિટીએ કોઈ કાયદાકીય લેખિત અભિપ્રાય મેળવ્યો હોય તો તેની વિગતો સેનેટ સમક્ષ રજૂ કરવા વિનંતિ છે તથા સેનેટ સભ્યોને ઉપલબ્ધ કરવા વિનંતી છે.

(D) જો પ્રવર્તમાન ધારા–ધોરણ અનુસાર આવી સંસ્થાના શિક્ષકોનો કોઈ પણ અધિકાર મંડળની ચૂંટણીની મતદાર યાદીમાં સમાવેશ થઈ શકતો ન હોય તો તેઓ ચૂંટણીઓમાં તથા સભાઓમાં યુનિવર્સિટી ધારા–ધોરણની કઈ જોગવાઈ ઓને આધારે ભાગ લઈ શકે છે તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૨૯ (A)
(B) આપના પત્રના પ્રશ્નઃ ૧ પ્રશ્ન ૧ (બી) સાથે સુસંગત નથી તેથી જવાબ આપવાનો રહેતો
(C) નથી.
(D)

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૦ વી.ન.દ.ગુ.યુનિ. સુરતના પરીક્ષા નિયામકશ્રી દિલીપ સી. શાહને તા. 22-10-03ના રોજ ફરજ મોકુફી પર મુકવામાં આવ્યા ત્યારે તે હુકમ સંબંધિત વિવિધ તબકકે, વિવિધ વિભાગો અને વિવિધ અધિકારીઓ જેવા કે નાયબ કુલસચિવો, ઈનર્ચાજ કુલસચિવશ્રીઓ, સમિતિના સભ્યો (facts finding committee), ઉપકુલપતિ, કુલપતિશ્રી, વગેરેએ જે તે સમયે તૈયાર કરેલ કાર્યાલય નોંધ, ફાઈલ પરની નોંધ તેની સાથેની રેકોર્ડસ જે ફાઈલનો એક ભાગ છે, તેના પર મૂકેલ રિમાર્કસ, તેના પર લીધેલ નિર્ણય વગેરેની માહિતી અને નકલ આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૩૦ સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૧ સ્વનિર્ભર કોમર્સ કોલેજોમાં વર્ગદીઠ વિદ્યાર્થીઓની સંખ્યા (૧૨૦), ગ્રાન્ટ–ઈન–એઈડ કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા (૧૩૫) કરતાં ઓછી કેમ રાખવામાં આવે છે ? વર્ગ શિક્ષણની ગુણવત્તાની દરકાર માત્ર સ્વનિર્ભર કોલેજો માટે જ કરવાની છે ?

ઉત્તરઃ ૩૧ સિન્ડિકેટના ઠરાવ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૨ જયારે કોઈ સંસ્થાના યુનિવર્સિટી સાથેના સરકારે મંજૂરી કરેલા જોડાણની અવધિ પુરી થાય ત્યારે તે સંસ્થાના શિક્ષકોના મતદાર યાદી પરના નામો, અધિકાર મંડળોનું સભ્યપદ વગેરે આપો આપ દુર થાય છે એવી સ્પષ્ટતા યુનિવર્સિટીએ કદી કરી છે ?

જો એવી સ્પષ્ટતા કરવામાં આવી હોય તો તેની વિગતો આપવા વિનંતી છે. જો એવી સ્પષ્ટતા કરવામાં ન આવી હોય તો યુનિવર્સિટીએ એવી સ્પષ્ટતા કેમ નથી કરી તેની માહિતી સેનેટને આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૩૨ નાજી. અભિપ્રાયની બાબત હોવાથી જવાબ આપવાનો રહેતો નથી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૩ Right to information Act-2005 અમલમાં આવી યુનિ. ને પણ લાગુ પાડવામાં આવ્યો એટલે તેની જોગવાઈઓ અનુસાર વી. ન. દ. ગુ. યુનિ. એ તેના સ્ટેટયુટો ખાસ કરીને સ્ટેટયુટ 36 (2) (i) (g) થી (h) અને 36 (2) (ii) થી (vi) આજની તારીખે માહિતી માંગવાના અને પૂછવાના મળેલ અધિકારથી પૂછેલ પ્રશ્નોની માહિતી માંગનારના હક છીનવી લેતી હોય તે હેઠળ માહિતી આપી શકાય તેમ નથી તેવો જવાબ અપાય છે. અને Act સુપ્રીમ હોય તેમાં સુધારો આજદિન સુધી કર્યો હોય તો તેની માહિતી અને આ બાબતે કાનૂની નિષ્ણાતોના અભિપ્રાયો મેળવ્યા હોય તો તેની નકલ આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૩૩ આ સંદર્ભે યુનિવર્સિટીએ કોઈ સુધારો કરેલ નથી. કાનૂની અભિપ્રાય લીધો નથી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૪ (a) સ્વનિર્ભર સંસ્થાના સરકારશ્રીએ મંજૂર કરેલા જોડાણની અવધિ પુરી થાય ત્યારે જે તે કોલેજના ' શિક્ષકો ' તથા (b) સરકારી કોલેજના 'શિક્ષકો' ની અન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં બદલી થાય ત્યારે જે તે શિક્ષકો, યુનિવર્સિટીના વિવિધ અધિકાર મંડળોના મતદાર/ સભ્ય તરીકે ફારેગ થાય છે તે બાબતનું જાહેરનામું વખતો વખત યુનિવર્સિટી બહાર પાડતી નથી તે માટેના કારણોની માહિતી આપવા વિનંતી છે આ બાબતે યુનિવર્સિટીએ કાયદાકીય લેખીત અભિપ્રાય મેળવ્યો હોય તો તેની નકલ સેનેટ સમક્ષ રજૂ કરવા વિનંતી.

ઉત્તરઃ ૩૪ અભિપ્રાયને લગતી બાબત છે. જવાબ આપવાનો રહેતો નથી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૫ (A) ધોરણ – ૧૦ની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓ માટે ઈજનેરી પોલિટેકનીક કોલેજમાં ચાલતા ડિપ્લોમાં સર્ટિફિકેટ માટેના અભ્યાસક્રમો અને આપણી યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા ઈજનેરી વિદ્યાશાખાની સ્નાતકની પદવી માટેના અભ્યાસક્રમો સમકક્ષ છે ? પોલિટેકનીકના ડિપ્લોમાં કક્ષાના આવા અભ્યાસક્રમોને યુનિવર્સિટી જોડાણ કેમ નથી આપતી ?

(B) ઉચ્ચ શિક્ષણના સ્થાપિત માપદંડો અનુસાર તથા UGC/ AICTE ના માપદંડો અનુસાર ડિપ્લોમાં કક્ષાના અભ્યાસક્રમો ચલાવતી પોલીટેકનીકના વ્યાખ્યાતા અને ડિગ્રી કક્ષાના અભ્યાસક્રમો ચલાવતી સંલગ્ન કોલેજના વ્યાખ્યાતાને આપણી યુનિવર્સિટી સમકક્ષ ગણે છે ? તેમને યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોના રીડર/ પ્રોફેસરને સમકક્ષ ગણે છે કે તેમનાથી નીમ્ન ગણે છે ?

(C) માત્ર પોલીટેકનીક કોલેજમાં વ્યાખ્યાતા તરીકેનો અનુભવ ધરાવતા, સંશોધન કાર્યનો અનુભવ ન ધરાવતા તથા Ph.D.ની ડિગ્રી પણ ન ધરાવતા ઉમેદવાર આપણી યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં પ્રોફેસર/ આચાર્યના પદ માટેની લઘુતમ લાયકાત ધરાવતા ઉમેદવાર છે ? જો જવાબ ' હા' હોય તો UGC/AICTE ના કયા ધારા– ધોરણો અનુસાર ?

ઉત્તરઃ ૩૫ (A) નાજી, આવા અભ્યાસક્રમો રાજય સરકાર દ્વારા ચાલતા હોય જોડાણ આપવાનો પ્રશ્ન રહેતો નથી.

(B) નાજી,

(C) નાજી.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૬ અંગ્રેજી માધ્યમમાં ચાલતા સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ધોરણ ૧૨ની પરીક્ષા અંગ્રેજી માધ્યમમાં પસાર કરનાર વિદ્યાર્થીઓને અગ્રીમતા આપવી એવી જોગવાઈ યુનિવર્સિટીના કોઈ સ્ટેચ્યુટ/ ઓર્ડિનન્સમાં કરવામાં આવી હોય તો તેની માહિતી સેનેટ સમક્ષ રજુ કરવા વિનંતી. જો એવી જોગવાઈ કરવામાં આવી હોય તો તે યુનિવર્સિટીના ધારા ની કલમ –૬ સાથે સુસંગત નથી તેથી તે રદ કેમ નથી કરાતી તે માટે જો કારણ હોય તો તે સેનેટ સમક્ષ રજૂ કરવા વિનંતી.

ઉત્તરઃ ૩૬ સ્ટેટયૂટ/ ઓર્ડિનન્સમાં આવી કોઈ જોગવાઈ કરવામાં આવી નથી જેથી રદ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૭ સ્વનિર્ભર સંસ્થાના સરકારશ્રીએ કોઈ વર્ષ માટે મંજૂર કરેલા જોડાણની અવધિ પુરી થવાના સમય અને તે પછીના વર્ષ માટે જોડાણની મંજૂરીનું સરકારી જાહેરનામુ બહાર પડે તે સમય વચ્ચેના ગાળા દરમ્યાન એવી સંસ્થાના શિક્ષકોને યુનિવર્સિટીના વિવિધ અધિકાર મંડળોના મતદાર/ સભ્ય તરીકે ચાલુ રાખી વિવિધ સભાઓમાં તેમને હાજર રહેવા દેવા માટે કે 'ડીન' જેવા પદ પર ચાલુ રહેવા દેવા અંગે યુનિવર્સિટીએ લેખિત કાનુની અભિપ્રાય મેળવ્યો હો તો તેની નકલ સેનેટ સમક્ષ રજૂ કરવા વિનંતી.

ઉત્તરઃ ૩૭ નાજી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૮ (A) ઉપકુલપતિશ્રી તેમના હોદ્દાની રૂએ યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોના અધ્યક્ષોના/ પ્રોફેસરોના પણ ઉપરી છે ? ઉપકુલપતિને શિક્ષણ સંશોધનના ક્ષેત્રમાં અનુસ્નાતક ભવનોના વડાઓ અને પ્રોફેસરો માટે પણ પ્રેરણા મૂર્તિ માનવામાં આવે છે એ હકીકત સાચી છે ?

(B) ઉપકુલપતિશ્રી જયેશ દેશકર યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે નિમાયા ત્યારે પોલિટેકનીક કોલેજના વ્યાખ્યાતા હતા કે સ્નાતક કોલેજના વ્યાખ્યાતા હતા ? તેઓ કોઈ સંશોધન આધારીત ડિગ્રી ધરાવતા હતા ? જો જવાબ ' હા' હોય તો કઈ કઈ ?

(C) તેમની ઉપકુલપતિ તરીકે નિમણૂંક થઈ ત્યારે શ્રી જયેશ દેશકર સ્નાતક/ અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી સંલગ્ન સંસ્થામાં પ્રોફેસરના/ આચાર્યના પદ માટેની લઘુતમ શૈક્ષણિક લાયકાત ધરાવતા હતા ? જો જવાબ 'હા' હોય તો UGC/AICTE ના કયા ધારા – ધોરણો અનુસાર તેઓ એવી લાયકાત ધરાવતા હતા તેની માહિતી આપવા વિનંતી.

(D) ઉપકુલપતિ તરીકે નિમણૂંક થઈ ત્યારે જયેશ દેશકરના રાષ્ટ્રિય/ આંતરાષ્ટ્રિય સ્તરની સંશોધન જર્નલ્સમાં પ્રસિધ્ધ થયેલા સંશોધન લેખોની યાદી તથા ઈજનેરી વિદ્યાશાખા સબંધિત રાષ્ટ્રિય/ આંતરાષ્ટ્રિય સ્તરની પરીષદો તથા પરિસંવાદોમાં રજૂ થયેલા સંશોધન પત્રો/ લેખોની યાદી આપવા વિનંતી છે.

(E) ઉપકુલપતિ જયેશ દેશકર યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોમાં પ્રોફેસરની નિમણૂંક માટેની ઈન્ટરવ્યું સમિતિના સભ્ય તરીકે ભાગ લે છે ? સંલગ્ન કોલેજોના આચાર્યની નિમણૂંક માટેની ઈન્ટરવ્યુ સમિતિમાં તેમની નિમણૂંક કરવામાં આવે છે ?

(F) યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોના હાલના વડાઓની સરેરાશ ઉંમર આશરે કેટલી છે ? આ સરેરાશ ઉમરથી શ્રી દેશકરની ઉમર કેટલી ઓછી છે ?

(G) ઉપકુલપતિ તરીકે શ્રી દેશકરની નિમણૂંક થઈ ત્યારે તાત્કાલીન કુલપતિશ્રીએ કઈ કઈ વ્યકિતઓની આ પદ માટે ભલામણ કરી હતી તેની માહિતી દરેક વ્યકિતની શૈક્ષણિક લાયકાતના મુખ્ય મુખ્ય અંશો સાથે આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૩૮ (A) હા, વ્યકિતગત અભિપ્રાયની બાબત છે.

(B) પોલીટેકનીક કોલેજમાં વ્યાખ્યાતા હતા. નાજી.

(C) નાજી.

(D) (C) નો જવાબ જોતા (D) નો જવાબ આપવાનો રહેતો નથી.

(E) હાજી. હાજી.

(F) આશરે ૫૦ થી ૫૫ વર્ષ. આશરે ૧૮ વર્ષ ઓછી છે.

(G) Statute: 36 (2) (i) (e) મુજબ.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૩૯ (A) વર્ષ ૨૦૦૫–૦૬ તથા ૨૦૦૬–૦૭માં એફ. વાય. બી. કોમમાં સુરત શહેરમાં અંગ્રેજી માધ્યમની કેટલી બેઠકો ખાલી રહી હતી ?

(B) અંગ્રેજી માધ્યમ માટે મંજૂર થયેલા કેટલા વર્ગોને ગુજરાતી માધ્યમના વર્ગોમાં તબદીલ કરવામાં આવ્યા હતા ?

ઉત્તરઃ ૩૯ (A) પ્રશ્ન અસ્પષ્ટ છે.

(B) પ્રશ્ન (A) અસ્પષ્ટ હોય (B) નો જવાબ આપવાનો રહેતો નથી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૪૦ યુનિવર્સિટી સંલગ્ન જે જે સ્વનિર્ભર સંસ્થાઓના વર્ષ ૨૦૦૬–૨૦૦૭ માટેના જોડાણના જાહેરનામા સરકાર દ્વારા હજુ સુધી બહાર પાડવામાં આવ્યા નથી તે સંસ્થાઓની યાદી સેનેટ સમક્ષ રજૂ કરવા વિનંતી છે. આવી સંસ્થાઓના જે જે શિક્ષકો યુનિવર્સિટીના અધિકાર મંડળોના મતદારો હોય, સભ્ય હોત તેની યાદી, અધિકાર મંડળ દીઠ, સેનેટ સમક્ષ રજુ કરવા વિનંતી છે.

ઉત્તરઃ ૪૦ આ માહિતી સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૪૧ વી.ન.દ.ગુ. યુનિ.ના ઉપકુલપતિ શ્રી જયેશ દેશકરના હાલના મોબાઈલ બીલનું જાન્યુઆરી 2006 થી સપ્ટેમ્બર 2006 ના બીલની કુલ રકમ તથા કયા કયા દિવસે કઈ કઈ જગાએ કયા કામ અંગે ફોન કર્યા તેનું સ્ટેટમેન્ટ જે તે કંપની પાસેથી મેળવી માહિતી information Act 2005ની જોગવાઈ અને મને માહિતી માંગવાના પ્રાપ્ત થયેલ હક અનુસાર તેમાં કરેલ સમય મર્યાદાની જોગવાઈ મુજબ મને મળે તે રીતે મોકલવા વિનંતી છે સાથે તે મોબાઈલ ફોનનો નંબર પણ આપશોજી તથા કઈ કંપનીનું સીમકાર્ડ વાપરે છે તે પણ માહિતી આપશો.

ઉત્તરઃ ૪૧ યુનિવર્સિટીસના ઉપકુલપતિશ્રી જયેશભાઈ વી. દેશકરના મોબાઈલ ફોનના બીલની માહિતી.
જાન્યુઆરી–૨૦૦૬ થી સપ્ટેમ્બર–૨૦૦૬. (કુલ ૯ માસ) રૂા. ૧૪,૩૦૭/–
મોબાઈલ નંબરઃ ૯૮૨૫૧ ૩૫૬૭૩ (હચ), અગાઉ હચ નું સીમકાર્ડ હતુ.
હાલમાં મોબાઈલ નંબરઃ ૯૪૨૭૧ ૦૬૭૬૭ (બીએસએનએલ) છે.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૪૨ (ક) યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિદ્યાભવનોમાં/ અભ્યાસક્રમોમાં નીચે જણાવ્યા મુજબનાં મંજૂર થયેલ શૈક્ષણિક સ્ટાફની વિગત નીચે મુજબ આપવી.

અ.નં.	વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમનું નામ	પ્રોફેસર અને હેડ કેટેગરી ઓપન/અનામત		(સંખ્યામાં) રીડર કેટેગરી ઓપન/અનામત		પ્રાધ્યાપક કેટેગરી ઓપન/અનામત	
૧							
૨							
૩							
૪							

(ખ) તે પૈકી કયા કયા વિભાગમાં કઈ કઈ જગ્યાઓ ખાલી છે ?
(ગ) તે પૈકી અનામત કેટેગરીની જગ્યા કયા કયા વિભાગમાં કઈ કઈ જગ્યાઓ ખાલી છે?
(ઘ) તે જગ્યાઓ કયારથી ખાલી છે ?
(ચ) હાલમાં (તાજેતરમાં) કયા કયા વિભાગમાં ઓપન કેટેગરીમાં જગ્યા ભરવામાં આવી ?
(છ) લોકપ્રકાશન વિભાગમાં હાલમાં કઈ કેટેગરીમાં જગ્યા ભરવામાં આવી ?
(જ) સદર વિભાગમાં ભરવામાં આવેલ જગ્યા પર કઈ વ્યકિતની પસંદગી કરવામાં આવી ?
(ઝ) જે જગ્યા ભરવામાં આવી તે કઈ કેટેગરીમાં ભરવામાં આવી?
(ટ) તેમની શૈક્ષણિક લાયકાતનાં ધોરણો શું છે.
(ઠ) તેઓશ્રી અગાઉ કોઈ સંસ્થામાં નોકરી કરતાં હતા કે કેમ?
(ડ) જો નોકરી કરતા હોય તો કઈ સંસ્થામાં ?
(ઢ) તે સંસ્થા મારફતે (Through proper chanel) એમની અરજી આવી હતી કે ડાયરેકટ આવી હતી ?
(ણ) આ લોક પ્રકાશન વિભાગમાં અનામત કેટેગરસની કેટલી જગ્યા હાલમાં ખાલી છે ? કુલ કેટલી જગ્યાઓ છે ?
(ત) તે પૈકી અનામત કેટેગરીમાં કુલ કેટલી જગ્યા ભરવામાં આવી છે ?

ઉત્તરઃ ૪૨ (ક) થી (ઘ) યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં મંજુર થયેલ જગાઓ પૈકી અનામત નિતીના રોસ્ટરના નિયમાનુસાર એસસી–૭%, એસટી–૧૫%, એસઈબીસી–૨૭% મુજબ યુનિવર્સિટીને એક એકમ ગણીને ગણવામાં આવે છે. જેથી અલગ અલગ વિભાગોવાર જે તે કેટેગરીની જગા ફાળવેલ નથી, જેથી વિભાગવાર અનામત કેટેગરીને લગતી ખાલી જગાઓ અંગેની માહિતી આપવાની રહેતી નથી.

(ચ) હાલમાં તા.૨૩–૧–૨૦૦૬ની જાહેરાતથી નીચેના ત્રણ વિભાગમાં ઓપન કેટેગરીથી જગા ભરવામાં આવી છે.

વિભાગનું નામ	જગાનું નામ અને સંખ્યા	કેટેગરી
૧) લોક પ્રશાસન વિભાગ	લેકચરર - ૧	ઓપન
૨) ભૌતિકશાસ્ત્ર વિભાગ	લેકચરર - ૧	ઓપન
૩) ગ્રામ અભ્યાસ વિભાગ	લેકચરર - ૧	ઓપન

(છ) લોકપ્રશાસન વિભાગમાં ઉપર ઉત્તર (ચ) મુજબ ઓપન કેટેગરીમાં ભરવામાં આવી છે.

(જ) આ વિભાગમાં મધુબેન એમ. થવાની ની નિમણૂંક કરવામાં આવી છે.

(ઝ) ઉપર ઉત્તર (ચ) મુજબ.

(ટ) બીકોમ., એમપીએ., પીએચ.ડી-રજીસ્ટર તા.૨૮-૧૧-૨૦૦૫

(ઠ) તેઓશ્રી આ યુનિવર્સિટીમાં જોડાયા તે અગાઉ નોકરી કરતાં હતાં.

(ડ) મેટા'સ ઓફ સેવેન્થ ડે એડવેન્ટીસ્ટ, કોલેજીસ, સુરતમાં નોકરી કરતાં હતાં.

(ઢ) તેઓની અરજી ડાયરેકટ આવી હતી.

(ણ) આ વિભાગમાં અનામત કેટેગરીની ખાલી જગા અંગે ઉત્તર (ક) થી (ઘ) સબબ આપવાનો રહેતો નથી કુલ મંજુર થયેલ અને ભરાયેલ જગાઓ નીચે દર્શાવેલ છે.

યુ.જી.સી.દ્વારા મંજૂર થયેલ				હાલ ભરાયેલ જગ્યાઓ				હાલ ખાલી જગ્યાઓ			
પ્રોફેસર	રીડર	લેકચરર	કુલ	પ્રોફેસર	રીડર	લેકચરર	કુલ	પ્રોફેસર	રીડર	લેકચરર	કુલ
૧	૨	૪	૦૭	-	૧	૪	૦૫	૧	૧	-	૦૨

(ત) આ વિભાગમાં અનામત કેટેગરી માં એસઈબીસી કેટેગરીમાં ૧-લેકચરર ભરવામાં આવેલ છે.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૪૩ વી.ન.દ.ગુ. યુનિ.ના હાલના ઉપકુલપતિશ્રી જયેશ દેશકરની નિમણૂક કરતો રાજય સરકારનો હુકમ તથા નિમણૂંકની શરતો, પગાર ધોરણ અને અન્ય મળવાપાત્ર લાભો પર્કસ સહિતની વિગત સાથે યુનિ.નો સંબંધકર્તા છેલ્લામાં છેલ્લો સ્ટેટયુટ્સ અને સિન્ડિકેટે કોઈ વધારાની ગાડીના ડ્રાયવરના ઉપયોગ સહિત સગવડનો નિર્ણય કર્યો હોય તો તેનો પાઠ પણ આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૪૩ રાજય સરકારશ્રીના G.R. તથા અગાઉના ઉપકુલપતિશ્રીને આપવામાં આવતી સગવડની પ્રણાલિકા મુજબ.

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૪૪ (A) પાંચ વર્ષની ટર્મ સાથેની યુનિવર્સિટીની સૌ પ્રથમ સેનેટ કઈ તારીખે અસ્તિત્વમાં આવી હતી ? વર્તમાન સેનેટની ટર્મ ક્યારે સમાપ્ત થશે? તા.૨૨–૦૫–૦૭ના રોજ કે તા.૧૭–૦૮–૦૭ના રોજ ?

(B) સેનેટમાં બહુમતી સભ્યો હોદ્રાની રૂએ આવતા સ્થાયી સભ્યો છે તેથી સેનેટની ટર્મ ચોકકસ તારીખે શરૂ થઈને પાંચ વર્ષ પછીની ચોકકસ તારીખે જ પુરી થાય એવી જોગવાઈ છે ? આ બાબતે યુનિવર્સિટીએ કાનુની અભિપ્રાય મેળવ્યો છે ? જો એવો અભિપ્રાય મેળવ્યો હોય તો તે અંગેની તમામ વિગતો જેવી કે યુનિવર્સિટીએ કાનુની સલાહકારને લખેલા પત્રની વિગતો તથા કાનુની સલાહકારે યુનિવર્સિટીને આપેાલા લેખીત અભિપ્રાયની વિગતો આપવા વિનંતી. બંને પત્રોની નકલ સેનેટ સભ્યોને બિડાણ તરીકે મોકલવા માટે સૂચના આપવા વિનંતી. આ બાબતે યુનિવર્સિટીએ યુનિવર્સિટી ધારાની કલમ ૫૯ અનુસાર રાજય સરકારને બાબત રીફર કરી છે ? જો કરી હોય તો જે તે પત્રની નકલ સેનેટ સભ્યોને બીડાણ તરીકે મોકલવા વિનંતી છે. આ બાબતે રાજય સરકારે જો તેનો નિર્ણય જણાવ્યો હોય તો તેની નકલ સેનેટ સભ્યોને બિડાણ તરીકે મોકલવા વિનંતી છે.

(C) યુનિવર્સિટી ધારાની કલમ ૧૬(૨)માં સેનેટના ચૂંટાયેલા સભ્યો અને સરકારી પ્રતિનિધિઓની સેનેટની ટર્મ પાંચ વર્ષની રહેશે એમ જણાવવામાં આવ્યું છે પરંતુ તેમાં નિમણૂંક/ જાહેરનામાની તારીખથી પાંચ વર્ષ જેવા શબ્દોનો પ્રયોગ થયો નથી તેથી સેનેટની ટર્મ ક્યારે શરૂ થયેલી ગણાય ? સરકારી પ્રતિનિધિઓની નિમણૂંક થાય તે તારીખથી કે વિવિધ મતદાર વિભાગોની ચૂંટણીના પરીણામોનુ જાહેરનામુ પ્રસિધ્ધ થાય તે તારીખથી ? આ બાબતે યુનિવર્સિટીએ કોઈ કાનુની અભિપ્રાય લીધો છે ? જો લીધો હોય તો તેની સંલગ્ન વિગતો, જેવી કે યુનિવર્સિટીના પત્રની વિગતો તથા એડવોકેટના અભિપ્રાયની વિગતો આપવા વિનંતી છે બંને પત્રો સેનેટના સભ્યોને બિડાણ તરીકે મોકલવાની વ્યવસ્થા કરવા વિનંતી. યુનિવર્સિટીએ ધારાની કલમ ૫૯ અનુસાર રાજય સરકારને બાબત રીફર કરી છે ? જો કરી હોય તો જે તે પત્રની નકલ સેનેટ સભ્યોને બીડાણ તરીકે મોકલવા વિનંતી છે. આ બાબતે રાજય સરકારે જો તેનો નિર્ણય જણાવ્યો હોય તો તેની નકલ સેનેટ સભ્યોને બીડાણ તરીકે મોકલવા વિનંતી છે.

(D) સરકારી પ્રતિનિધિઓની આકસ્મિક રીતે ખાલી પડતી જગ્યા માટે તથા ચૂંટાયેલા સભ્યોની આકસ્મિક રીતે ખાલી પડતી જગ્યા બાકીની ટર્મ માટે નોમિનેશન/ ચૂંટણીથી ભરવાની જોગવાઈ યુનિવર્સિટી ધારાની કલમ – ૫૭માં કરવામાં આવી છે તે સંદર્ભમાં ડૉ. ગીરીશ શાહ, ડૉ. વિનેશ શાહ, પ્રા. અદિતી હજારે, પ્રા. અક્ષય મહેતા વગેરેની ટર્મ ક્યારે પૂર્ણ થશે તેની માહિતી આપવા વિનંતી.

(E) વર્તમાન સનેટ સભ્યો શ્રી હેમંતભાઈ ટોપીવાલા, શ્રી દીપકભાઈ આફ્રિકાવાલા, શ્રી વી. એન. પટેલ વગેરે સરકારી પ્રતિનિધિઓની ટર્મ ક્યારે શરૂ થઈ હતી અને ક્યારે પૂર્ણ થનાર છે તેની માહિતી આપવા વિનંતી.

(F) સેનેટમાં ચૂંટાયેલા સભ્યો શ્રી હોશંગભાઈ મીરઝા, શ્રી કિશોર વાઘેલા, શ્રી કે. બી. પટેલ, શ્રી નૈષધ દેસાઈ વગેરેની વર્તમાન ટર્મ કઈ તારીખે શરૂ થઈ હતી અને કઈ તારીખે પૂર્ણ થશે તેની માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૪૪ (A) તા. ૨૩–૫–૧૯૬૭.
સેનેટની ટર્મ પૂર્ણ થતી હોતી નથી.

(B) પ્રશ્ન અસ્પષ્ટ છે. સેનેટની ટર્મ પૂર્ણ થતી ન હોય જવાબ આપવાનો રહેતો નથી.

(C) રાજય સરકારનો કાનૂની અભિપ્રાય મંગાવેલ છે. રાજય સરકારશ્રીએ આગળની કાર્યવાહી હાથ ધરી છે, જે બાબતનો પત્ર વ્યવહાર સભા સમયે ટેબલ પર જોવા આપવામાં આવેલ હતો.

(D) Act-59 મુજબ યુનિવર્સિટીએ રાજય સરકાર પાસે સ્પષ્ટતા કરવા જણાવેલ છે.

(E) તા. ૨૩–૫–૨૦૦૨થી તા. ૨૨–૫–૨૦૦૭.

(F) જવાબ (C) મુજબ.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૪૫ (અ) યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સેલ્ફફાઈનાન્સ સિવાયના બહારથી વિઝીટીંગ પ્રાધ્યાપકો બોલાવવામાં આવે છે ?

(૧) જવાબ જો " હાં " હોય તો કયાકયા અનુસ્નાતક અભ્યાસક્રમો વર્ષ ૨૦૦૫–૨૦૦૬ થી આજદિન સુધીમાં વિઝીટીંગ પ્રોફેસરોને બોલાવવામાં આવ્યા ?

(૨) તેમને લેકચર૨ દીઠ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૩) કુલ કેટલી રકમ છેલ્લા ૨ વર્ષમાં ૨૦૦૫–૨૦૦૬, ૨૦૦૬ થી આજદિન સુધી ચૂકવવામાં આવી ?

(૪) સદર ચૂકવેલ રકમ કયા ફંડમાંથી ચૂકવવામાં આવી ?

(બ) સ્વનિર્ભર સિવાયના અનુસ્નતક કોર્ષમાં વીઝીટીંગ તરીકે આવતાં (કોલેજોમાંથી) વિઝીટીંગ શિક્ષકો પી.જી.શિક્ષક તરીકે ની માન્યતા ધરાવે છે કે કેમ ?

(૧) હાલમાં યુનવર્સિટીમાં આવતા બધાજ શિક્ષકો પી.જી. શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે ?

ઉત્તરઃ ૪૫ (અ) હા.

(૧) યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમોમાં સેલ્ફ ફાઈનાન્સ સિવાયનાં બહારથી નીચે મુજબ વિઝીટીંગ પ્રાધ્યાપકો બોલાવવામાં આવે છે.

શૈ.વર્ષ : ૨૦૦૫–૦૬	શૈ.વર્ષ : ૨૦૦૬–૦૭
M.A. - English	M.A. - English
M.Sc. - Bioscience	M.Sc. - Bioscience
M.Sc. - Mathematics	M.Sc. - Mathematics
M.A. - Economics	M.A. - Economics
M.H.R.D.	M.H.R.D.
M.Sc. - Physics	M.Sc. - Physics
M.A. - Hindi	M.A. - Hindi
M.A. - Gujarati	M.A. - Gujarati
M.P.A.	M.P.A.
M.Sc. - Statistics	M.Sc. - Statistics

(૨) પ્રતિ લેકચર૨ રૂા. ૨૦૦/– (પ્રતિ કલાક)

(૩) Statute : 36 (2) (i) (g) મુજબ.

(૪) જનરલ ફંડ માંથી.

(બ) સ્પેશ્યલાઈઝ વિષયો ભણાવવા કોર્પોરેટ અને ઈન્ડસ્ટ્રીઝ સિવાયની વ્યકિતઓ (શિક્ષકો) પી. જી. ટીચરની માન્યતા ધરાવે છે.

(૧) હાજી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૪૬ અને ૪૭)

પ્રશ્નઃ ૪૬ વી.ન.દ.ગુ. યુનિ.ના હાલના ઉપકુલપતિશ્રી જયેશ દેશકરનું સત્તાવાર નિવાસસ્થાન પોતાનું છે કે ભાડાનું અને તે પાછળ યુનિ. દર વર્ષે અને મહિને સુ. મ. પા. ના જુદા જુદા વેરાઓ, ફીકસ ટેલિફોન બીલ, વીજળી બીલ, પાણી વેરો, અલગ ભરાતો હોય તો તે, મેઈન્ટેનન્સ ખર્ચ સોસાયટીનો તેને પુરુ પાડેલ ફર્નિચર અને અન્ય સગવડ તથા તેની જાળવણી અને મરામત પાછળ તેમની નિમણૂંકની તારીખથી આજદિન સુધી યુનિ. એ કરેલ ખર્ચની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૪૬ સત્તાવાર નિવાસસ્થાન ભાડાનું છે.

તા.૧-૬-૨૦૦૬ થી પટેલ હાઉસ, 'ઈ' ટાઈપ બંગલો, શાંતિનિકેતન રો હાઉસ, આનંદ મહલ રોડ, સુરત ખાતે યુનિવર્સિટી દ્વારા રાખવામાં આવેલ ભાડાના મકાનમાં રહે છે.

૧. માસિક ભાડું	: રૂા. ૯,૦૦૦/-
૨. સુરત મહાનગરપાલિકાના વેરા	: માસિક ભાડામાંજ તેનો સમાવેશ થાય છે.
૩. ઘરના ટેલિફોન બીલ	: મહિને જે બિલ આવે તે.
૪. ઘરનું વીજળી બીલ	: મહિને જે બિલ આવે તે.
૫. પાણી વેરો	: માસિક ભાડામાંજ તેનો સમાવેશ થાય છે.
૬. ગેસ બીલ	: મહિને જે બિલ આવે તે.
૭. સોસાયટીનો મેઈન્ટેનન્સ ખર્ચ	: માસિક ભાડામાંજ તેનો સમાવેશ થાય છે.
૮. ફર્નિચર ખર્ચ	: રૂા. ૧,૧૯,૨૫૪/-
	(ફર્નિચરની માલિકી યુનિવર્સિટીની છે)

તા. ૨૨–૧૧–૦૪થી તા. ૩૦–૫–૦૬ સુધી ડો. એસ. એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, સુરતના ગર્લ્સ હોસ્ટેલના રેકટર હાઉસના મકાનમાં રહેતા હતા. અને તેમાં રાજય સરકારના નિયમ અનુસાર ભાડુ યુનિવર્સિટી દ્વારા ચૂકવવામાં આવતુ હતુ. તથા જાળવણી અને મરામત પાછળ કોઈ ખર્ચ કરેલ નથી.

પ્રશ્નઃ ૪૭ ગુ.મા./ ઉ. મા. શિક્ષણ બોર્ડમાં વી. ન. દ. ગુ. યુનિ. ના પ્રતિનિધિ તરીકે શ્રી જયેશ દેશકર કઈ હેસિયતમાં Ac ના પ્રતિનિધિ કે ઉપકુલપતિ તરીકે નિમણૂંક કરેલ અને તે વખતે ત્રણ સતત બોર્ડની સભામાં ગેરહાજર રહેવા બદલ સભ્ય મટી જઈ disqualify થયા હોય તો કયારે અને હાલમાં કોણ પ્રતિનિધિત્વ યુનિ. નું પ્રસ્તુત બોર્ડ પર કરે છે તેની વિગતો/ માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૪૭ ગુજરાત માધ્યમિક બોર્ડ/ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે મા.શ્રી જયેશભાઈ દેશકરની નિમણૂંક કરવામાં આવી હતી. તા.૨૨–૨–૨૦૦૭ના રોજ તેમનું માધ્યમિક શિક્ષણ બોર્ડનું સભ્યપદ પૂર્ણ થયેલ છે. આ અંગેનું **પરિશિષ્ટઃ 'ગ'** આ સાથે સામેલ છે. હાલમાં આ જગ્યા ખાલી છે.

(પરિશિષ્ટઃ 'ગ')

ડૉ. વિપીનકુમાર દયાળજી નાયકે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૪૮ (A) યુનિવર્સિટી સત્તા મંડળોના માળખાની દ્રષ્ટિએ સેનેટ ઉપરી સત્તા મંડળ છે કે સિન્ડિકેટ ?

(B) પદવીદાન સમારંભમાં તમામ સેનેટ સભ્યોને મંચ પર સ્થાન આપવામાં આવે છે પરંતુ સેનેટ સભ્ય ન હોય તેવા સિન્ડિકેટ સભ્યોને મંચ પર સ્થાન આપવામાં આવતુ નથી તે હકીકત સાચી છે ?

(C) સેનેટ/ સિન્ડિકેટ સભ્યોની સંયુકત સભાઓમાં સિન્ડિકેટ સભ્યો માટે આગલી હરોળ ખાલી રાખવી એવો નિયમ/ ચીલો/ પ્રથા છે ? એવી સૂચનાઓ આપવામાં આવે છે ?

(D) ૩૪માં યુવક મહોત્સવના પૂર્ણાહુતી સમારંભમાં પ્રથમ હરોળના સોફાની બેઠકો ઉપર, આમંત્રણ કાર્ડ દ્વારા આમંત્રિત સેનેટ સભ્યોને સ્થાન ન આપવાની અને માત્ર સિન્ડિકેટ સભ્યો (પછી તે સેનેટ સભ્ય હોય કે ન હોય) તથા તેના કુટુંબીજનોને જ બેસવા દેવાની સૂચના કુલસચિવશ્રીએ આપી હતી કે ઉપકુલપતિશ્રીએ ? એવી સૂચના આમંત્રણ કાર્ડમાં કેમ છાપી ન હતી ?

(E) સોફા ઉપર યોગ્ય સ્ટીકર્સ કેમ લગાડવામાં આવ્યા ન હતા ? સેનેટ સભ્યો ને પ્રથમ હરોળના સોફા ઉપર ન બેસવાનું જણાવતા, બધાનું ધ્યાન ખેંચે એવી જગ્યાએ અને સૌથી વાંચી શકાય એવા મોટા અક્ષરોમાં લખેલા, સૂચના – બોર્ડ લગાવવામાં આવ્યા હતા ?
જો જવાબ 'હા' હોય તો તે કયાં લગાવાયા હતા તે જણાવવા વિનંતી તથા તે તમામ બોર્ડ સેનેટ સમક્ષ રજૂ કરવા વિનંતી.

(F) પૂર્ણાહુતી સમારંભ ચાલુ થયા પછી આવેલા આમંત્રિત સેનેટ સભ્યોએ યોગ્ય માહિતીના અભાવે પ્રથમ હરોળના સોફા માંથી બે – પાંચ સેનેટ/ સિન્ડિકેટ સભ્યોએ લીધેલ બેઠકો સિવાયની લગભગ તમામ ખાલી જગ્યઓમાંની કોઈ જગ્યા લીધા પછી તેમને તે જગ્યા ખાલી કરાવવાની, અને તેમ કરીને સેનેટ સભ્યો જેવા આમંત્રિતોનું જાહેર અપમાન કરવા સમાન સૂચના માઈક પરથી આપવા માટેની સૂચના મંચ પર બેઠેલા કુલસચિવશ્રીએ આપી હતી કે ઉપકુલપતિશ્રીએ ? જો બે માંથી કોઈએ પણ એવી સૂચના ન આપી હોય તો એવી જાહેરાત કરનાર શ્રી રોમનભાઈ ભાટીયાને આવી જાહેરાત કરવા માટે સ્પષ્ટતા કરવા માટે સેનેટ સમક્ષ હાજર રહેવાની સૂચના આપવા અથાવ તેમની લેખીત સ્પષ્ટતા મેળવી તે બીડાણ તરીકે પરિપત્રિત કરવા વિનંતી છે.

ઉત્તરઃ ૪૮ (A) સેનેટ

(B) હાજી.

(C) પ્રશ્ન અસ્પષ્ટ છે. જવાબ આપવાનો રહેતો નથી.

(D) Statute : 224 મુજબ.

(E) હાજી,
હાજી.

(F) પ્રશ્ન અસ્પષ્ટ છે. કોઈ સેનેટ સભ્યોનું અપમાન થયાની ફરીયાદ યુનિવર્સિટીને મળેલ નથી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૪૯ અને ૫૦)

પ્રશ્નઃ ૪૯ ઓગષ્ટ ૨૦૦૬માં તાપી નદીમાં આવેલ પૂરનાં પરિણામે યુનિવર્સિટીની વિવિધ અભ્યાસક્રમોને જે નુકશાન થયુ છે તેની વિગતવાર માહિતિ આપવી.

અ.નું.	વિદ્યાભવનો	થયેલ નુકશાન

ઉત્તરઃ ૪૯ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમો જે વિભાગમાં ચાલતા હતા તે વિભાગો પૂરના દિવસો દરમ્યાન બંધ રાખવામાં આવેલ હતા. એટલે શૈક્ષણિક કાર્ય બંધ રહેવાથી વિદ્યાભવનોમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમોને શૈક્ષણિક કાર્યનું નુકશાન થયેલ છે.

પ્રશ્નઃ ૫૦ યુનિવર્સિટીના જેતે અનુસ્નાતક વિભાગમાં કામ કરતાં શૈક્ષણિક કર્મચારીઓ પૈકી અનામતની જગ્યાઓનું ધોરણ યુનિવર્સિટીનું કયું સતામંડળ નકકી કરે છે ?

એ માટે કોઈ ઠરાવો થયા હોયતો કયારે ? વિગતવાર માહિતી આપવી.

દરેક અનુસ્નાતક વિભાગમાં કયા અને કેટલા પ્રમાણમાં અનામતોની ફાળવણી કઈ કઈ કેટેગરીમાં કરવામાં આવે છે ?

યુનિવર્સિટીમાનાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં હેડ, પ્રોફેસર કે રીડર કક્ષાનાં વ્યકિતઓમાં અનામત જોગવાઈ છે કે કેમ?

જો હોય તો વિભાગ વાર માહિતી આપવી.

અને જો ન હોય તો કયા કારણોસર એ વિભાગમાં અનામતનુ પ્રમાણ રાખવામાં આવ્યુ નથી ?

ઉત્તરઃ ૫૦ યુજીસી દ્વારા મંજુર થયેલ જે તે અનુસ્નાતક વિભાગવાર કુલ જગાઓ પૈકી અનામતનું ધોરણ રોસ્ટરના નિયમાનુસાર નિયમાનુસાર એસસી-૭%, એસટી-૧૫%, એસઈબીસી-૨૭% મુજબ યુનિવર્સિટીને એક એકમ ગણીને ગણવામાં આવે છે. જયારે જયારે રાજય સરકારશ્રીની મંજુરી મળ્યેથી ભરવાની થતી જગાઓ પૈકી કયા વિભાગવાર કયા કેડરમાં કઈ કેટેગરીમાં ભરવા અંગે એક કમિટિ બોલાવી કમિટિની ભલામણ સિન્ડિકેટની મંજુરીને આધિન નકકી થાય છે.

દરેક અનુસ્નાતક વિભાગમાં અલગ અલગ કેટેગરી મુજબ અનામતોની ફાળવણી કરવામાં આવતી નથી.

યુનિવર્સિટીમા હાલમાં અનુસ્નાતક વિભાગોમાં હેડ, પ્રોફેસર કે રીડર કક્ષાની કેડરમાં અનામતની જોગવાઇ નથી.

હાલ યુનિવર્સિટીને એક એકમ ગણી કુલ જગાઓ પૈકી લેકચરરની કુલ જગા પર અનામત રોસ્ટરના નિયમાનુસાર પ્રમાણ રાખવામાં આવેલ છે.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૧ વી. ન. દ. ગુ. યુનિ. ના કુલપતિશ્રી ડૉ. આર. જી. કોઠારીનું જાન્યુ 2006થી ઓકટોબર 2006 સુધીનું મોબાઈલ ફોન, તેમના નિવાસસ્થાનના ટેલિફોનનું બીલ, તેમના કાર્યાલયના અંગત ટેલિફોનનું બીલ, ફેકસના ટેલિફોનનું બીલ તથા ઈન્ટરનેટ કનેકશન લીધું હોય તો તેના બીલની રકમની વિગત દરેકની અલગ આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૫૧ યુનિવર્સિટીના કુલપતિ શ્રી રમેશચંદ્ર જી. કોઠારીને લગતી માહિતી નીચે મુજબ છે.

જાન્યુઆરી-૨૦૦૬ થી ઓકટોબર-૨૦૦૬ (દશ માસ) ના મોબાઈલ ફોન બીલ	રૂા. ૭,૫૯૦/-
નિવાસ સ્થાન ટેલિફોન બીલ. (તા.૧-૧-૨૦૦૬ થી તા.૩૧-૧૦-૨૦૦૬)	રૂા. ૭,૮૬૯/-
કાર્યાલયના અંગત ટેલિફોનનું બીલ	રૂા. ૧૮,૧૭૩/-
ફેક્ષનું ટેલિફોન બીલ	રૂા. ૨,૦૦૬/-
ઈન્ટરનેટ કનેકશન બીલ	રૂા. ----

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૨ (ક) યુનિવર્સિટીના ઉપકુલપતિ પદે શ્રી જયેશ દેશકર ની નિમણૂંક થઈ તે દિવસે તેમનું રહેઠાણનું સરનામું આપવા વિનંતી.

(ખ) હાલમાં તેમના રહેઠાણનું સરનામુ આપવા તથા કઈ તારીખથી ત્યાં નિવાસસ્થાનમાં રહે છે તેની માહિતી આપવા વિનંતી છે.

(ગ) હાલમાં તેઓ ભાડાનાં મકાનમાં રહે છે ? જો હાં તો તેની રકમ વાર્ષિક જુદાજુદા વેરા અન્ય ખર્ચ ને રહેઠાણની મરામત જાળવણી વિગેરે પાછળ યુનિવર્સિટીએ આજ દિન સુધી કરેલ ખર્ચ નિવાસસ્થાનનાં ટેલીફોન ખર્ચની આજદિન સુધીની માહિતી આપવા વિનંતી છે.

(ઘ) જો પોતાના મકાનમાં રહેતા હોયતો યુનિવર્સિટીએ "ગ" માં જણાવેલ વિવિધ ખર્ચા પેટે આજદિન સુધી ખર્ચ કર્યો હોય તો તેની માહિતી આપવા વિનંતી છે.

(ચ) યુનિવર્સિટીનાં ઉપકુલપતિશ્રી યુનિવર્સિટીમાં આ પદે નિમણૂંક પામ્યા તે અગાઉ કઈ કઈ સંસ્થામાં કેટલા વર્ષ નોકરી કરી છે ?

ઉત્તરઃ ૫૨ (ક) યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી જયેશભાઈ વી. દેશકર તા.૨૨-૧૧-૨૦૦૪ થી તા.૩૧-૫-૨૦૦૬ સુધી ડો. એસ. એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ ઓફ એન્જી. એન્ડ ટેકનોલોજી, સુરતના ગર્લ્સ હોસ્ટેલના રેક્ટર હાઉસના મકાનમાં રહેતા હતા.

(ખ) તા.૧-૬-૨૦૦૬ થી પટેલ હાઉસ, 'ઈ' ટાઈપ બંગલો, શાંતિનિકેતન રો હાઉસ, આનંદ મહલ રોડ, સુરત ખાતે યુનિવર્સિટી દ્વારા રાખવામાં આવેલ ભાડાના મકાનમાં રહે છે.

(ગ) હાજી,

માસિક ભાડું	: રૂા. ૯,૦૦૦/-
સુરત મહાનગરપાલિકાના વેરા	: માસિક ભાડામાં સામેલ છે.
ઘરના ટેલિફોન બીલ	: રૂા. ૯,૪૧૦/- (તા. ૧–૬–૨૦૦૬થી આજ પર્યત)
ઘરનું વીજળી બીલ	: રૂા. ૫,૨૦૧/- (તા. ૧–૬–૨૦૦૬થી આજ પર્યત)
પાણી વેરો	: માસિક ભાડામાં સામેલ છે.
ગેસ બીલ	: રૂા. ૬૪૯/-
સોસાયટીનો મેઈન્ટેનન્સ ખર્ચ	: માસિક ભાડામાં સામેલ છે.
ફર્નિચર ખર્ચ	: રૂા. ૧,૧૯,૨૫૪/-
	(ફર્નિચરની માલિકી યુનિવર્સિટીની છે)

(ઘ) પોતાના મકાનમાં રહેતા ન હોઈ જવાબ આપવાનો રહેતો નથી.

(ચ) Statute: 36 (2) (i) (d) મુજબ.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૫૩ અને ૫૪)

પ્રશ્નઃ ૫૩ તાજેતરના વિનાશક પૂરના કારણે યુનિ. ના વીસી, પીવીસી અને અન્ય વાહન (વાન) ના રિપેરીગ પાછળ થયેલ કુલ ખર્ચ તથા તેની વીમાની રકમ claim પેટે કેટલી રકમ મળી કે માંગી છે તેની વિગત આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૫૩ ઓગષ્ટ-૨૦૦૬ ના પૂરના કારણે યુનિવર્સિટીના વાહનોના રીપેરીગ ખર્ચની માહિતી નીચે મુજબ છે. (તા.૨૮-૨-૨૦૦૭ સુધીમાં ચુકવાયેલ ખર્ચની માહિતી).

૧. ઈન્ડીગો ગાડી નં.	જીજે-૫-સી.એફ-૫૭૧	રૂા. ૯,૨૨૯/-
૨. એસ્ટીમ ગાડી નં.	જીજે-૫-એજી-૩૫૦૨	રૂા. ૧૪,૧૪૪/-
૩. મારૂતી વાન ગાડી નં.	જી.જે-૫-પીપી-૨૮૨	રૂા. ૧૦,૭૬૨/-

તાજેતરના વિનાશક પુરના કારણે યુનિવર્સિટીના કુલપતિશ્રી ,ઉપકુલપતિશ્રી તેમજ અન્ય વાહનોને જે નુકશાન થયેલ જે અંગે ઓથોરોઈઝ ડિલરને ત્યાં રીપેરીગ માટે આપેલ તેમના તરફથી રીપેરીગની કામગીરી થયેલ છે અને કલેઈમ અંગેની કાર્યવાહી ચાલી રહી છે.

પ્રશ્નઃ ૫૪ યુનિ. ના કુલપતિશ્રી ડૉ. કોઠારી માટે લીધેલ નવી ગાડીની કિંમત તથા તેમાં કરેલ વધારાની સગવડનો ખર્ચ, વીમો, જકાત, RTO ટેક્ષ વગેરેની રકમની તેમજ તે ગાડી આવ્યા બાદ ઓકટોબર 2006 સુધી તેની પાછળ થયેલ પેટ્રોલ/ ડિઝલ, ઓઈલ, સર્વિસ તેમજ જાળવણી, મરામત વગેરે પાછળ થયેલ કુલ ખર્ચની વિગત, તથા આ ખર્ચ કયા મથાળા હેથળની આવકમાંથી પાડવામાં આવ્યો છે તેની વિગત આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૫૪ યુનિવર્સિટીના કુલપતિશ્રી માટે નવી ખરીદેલ ગાડી ઈન્ડીગો નં. જીજે-૫-સી.એફ-૫૭૧ ને લગતી માહિતી નીચે મુજબ છે.

૧. એક્ષ શો રૂમ પ્રાઈઝ (એસેસરીઝ સાથે)	રૂા. ૪,૬૭,૩૧૪/-
૨. વીમો (૧ વર્ષના વીમાનું પ્રિમિયમ)	રૂા. ૧૬,૯૬૧/-
૩. આર.ટી.ઓ. (આજીવન ટેક્ષ સાથે)	રૂા. ૨૦,૨૨૭/-

યુનિવર્સિટીના કુલપતિશ્રીની ગાડીને લગતો નિભાવ અને બળતણનો ખર્ચ યુનિવર્સિટીના જનરલ ફંડ (રાજય સરકારની ગ્રાન્ટ) માંથી કરવામાં આવે છે.

શૈક્ષણિક સંસ્થાઓને જકાતમાંથી મુકિત આપવામાં આવી છે.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૫ (ક) યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રનાં અનુસ્નાતક વિભાગમાં પાર્ટ–૧, અને પાર્ટ–૨ માં ચાલુ વર્ષે નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યાની માહિતી આપવા વિનંતી.

(ખ) યુનિવર્સિટીનાં જાહેરવહિવટી વિભાગમાં અનુસ્નાતક કક્ષાએ પાર્ટ–૧ અને પાર્ટ–૨ માં નોંધાયેલ વિદ્યાર્થીઓની માહિતી આપવા વિનંતી.

(ગ) યુનિવર્સિટીના યુસીક વિભાગમાં તથા ફીઝીકસ વિભાગ દ્વારા ચલાવાતા અનુસ્નાતક સિવાયના સ્વનિર્ભર ડીપ્લોમાં કે સર્ટીફિકેટ કે અન્ય અભ્યાસક્રમોમાં ચાલુ વર્ષે જોડાયેલા વિદ્યાર્થીઓની સંખ્યાઓની માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૫૫ (ક) યુનિવર્સિટીના આંકડાશાસ્ત્રના અનુસ્નાતક વિભાગમાં પાર્ટ– ૧માં પાંચ વિદ્યાર્થીઓ અને પાર્ટ–૨માં ૭ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે.

(ખ) માહિતી નીચે મુજબ છે.

Statement showing the No.of Student of P.G. Department Part I / II

Sr. No.	Name of the P.G. Deptt.	General		S.C		S.T.		S.E.B.C.		P.H.		Total
		M	F	M	F	M	F	M	F	M	F	
1.	M.P.A.-I	4	6	1	1	3	0	3	3	0	0	21
2.	M.P.A.-II	5	4	0	1	0	0	0	3	0	0	13
	Total	**9**	**10**	**1**	**2**	**3**	**0**	**3**	**6**	**0**	**0**	**34**

(ગ) આવા કોઈ ડીપ્લોમા સર્ટી કોર્ષ ચાલતા નથી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૫૬ (૧) આપણી યુનિ.ના કુલપતિશ્રીએ પોતાની નિમણૂંક થયાંથી આજ દિન સુધીમાં યુનિ. સિન્ડિકેટની બહાલીને ધ્યાનમાં લઈ તથા યુનિ.ના અન્ય અધિકારી કે અધિકાર મંડળ વતી ઈમરજન્સી તથા ખાસ સંજોગોમાં કલમ ૧૧ (૪), ૧૧ (૩) હેઠળ કોઈ મહત્ત્વના નિર્ણયો, વિદ્યાર્થીઓને પ્રવેશ, વહીવટી તથા નાણાંકીય નિર્ણયો લીધાં હોય તો તેની વિગતો આપવા વિનંતિ.

(૨) ઉપર જણાવ્યા મુજબના કોઈ નિર્ણયો લીધાં હોય તો ત્યાર બાદની કઈ કઈ સિન્ડિકેટની મિટીંગમાં/ અધિકારમંડળમાં સદર નિર્ણયોને બહાલી આપવામાં આવી ? વિગતવાર માહિતી આપશો.

ઉત્તરઃ ૫૬ (૧) અને (૨) સભા સમયે ટેબલ પરથી રજૂ કરવામાં આવી હતી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૫૭ અને ૫૮)

પ્રશ્નઃ ૫૭ (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં અગાઉ યુનિવર્સિટી પોતાના દ્વારા નિમાયેલ સ્વતંત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા હિસાબોનું ઓડીટ દર વર્ષે કરાવતી હતી તે પ્રથા કયા વર્ષથી કયા કારણે બંધ કરવામાં આવી ?
હાલમાં આ પ્રથા ચાલુ છે ?
યુનિવર્સિટી તે પ્રથા ચાલુ કરવા માંગે છે ?

(ખ) યુનિવર્સિટી દ્વારા વિવિધ સરકારી કે યુ.જી.સી. સિવાયની અન્ય તમામ પ્રકારની આવક સંબંધે સર્ટિફાઈડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે ઓડીટ કરાવે છે ?

ઉત્તરઃ ૫૭ (ક) હાજી, ૮૫–૮૬ થી રાજય સરકાર દ્વારા ઈન્ટર્લ ઓડિટરની મંજૂરી મળેલ હોવાથી.
નાજી,
હાજી,

(ખ) યુ.જી.સી. માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું ઓડિટ કરાવી યુટીલાઈઝેશન સર્ટીફીકેટ મોકલવામાં આવે છે.
સ્વનિર્ભર અભ્યાસક્રમોની ફી ની આવક અને ખર્ચનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ઓડિટ કરાવવામાં આવે છે

પ્રશ્નઃ ૫૮ (ક) યુનિવર્સિટીના વિવિધ વિભાગોની ડેડસ્ટોક અને વપરાશી ચીજ–વસ્તુઓનું ફીઝીકલ વેરિફીકેશન કોઈ અધિકૃત અધિકારી દ્વારા દર વર્ષે કરાવવામાં આવે છે તે અંગેનાં રજીસ્ટરો નિયમીત નિભાવી તે બાબતે તેનાં પર યુનિવર્સિટીનાં વહીવટી વડા કુલસચિવશ્રીની સહી લેવામાં આવે છે ?

ઉત્તરઃ ૫૮ (ક) નાજી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૫૯ અને ૬૦)

પ્રશ્નઃ ૫૯ વી. ન. દ. ગુ. યુનિ.માં શ્રી આર. એચ. રાજપૂત એડહોક ધોરણે (ગુજરાત વડી અદાલતના હુકમ મુજબ) નિમાયાં ત્યારથી આજદિન સુધી :–

(ક) કેટલાં દિવસ કાર્યાલય ફરજ માટે બહારગામ ગયાં ?
(ખ) આ માટે તેમને કેટલી રકમ **TA/DA**(ભાડાં ભથ્થાં) તરીકે ચૂકવવામાં આવી ?
(ગ) શ્રી રાજપૂત કાર્યાલય ફરજ માટે બહારગામ, યુનિવર્સિટી કોન્ટ્રાકટ પરની ગાડી લઈ કેટલી વખત ગયાં ? અને કોન્ટ્રાકટરને કેટલી રકમ ચૂકવવામાં આવી ?
(ઘ) શ્રી રાજપૂત કાર્યાલય ફરજ માટે પોતાનું વાહન લઈ જો બહારગામ ગયાં હોય તો તેમને ખર્ચ પેટે તથા ડી. એ. પેટે કુલ કેટલી રકમ આજ દિન સુધી ચૂકવવામાં આવી ?
(ચ) યુનિ. ના એડ હોક મુખ્ય હિસાબી અધિકારીશ્રી રાજપૂત, નિમાયાં ત્યારથી આજદિન સુધી કયા કયા પ્રકારની કેટલી રજા આજદિન સુધી અવેજીની રજા સહિત ભોગવી.
(છ) યૂનિ.ના અન્ય શૈક્ષણિક કે બિન શૈક્ષણિક (એડહોક ધોરણે નિમાયેલાં) કર્મચારીને નિયમ મુજબ કયા કયા પ્રકારની કેટલી રજા મળવાપાત્ર છે ?
(ઝ) તે જ રીતે " કોન્ટ્રાકટ " પર નિમાતાં કર્મચારીઓને કેટલી રજાઓ તથાં કયા પ્રકારની રજાઓ મળવા પાત્ર છે ?

ઉત્તરઃ ૫૯ શ્રી રામસિંહ એચ. રાજપૂત, ચીફ એકાઉન્ટસ ઓફિસર નીચે મુજબના વર્ષોમાં યુનિવર્સિટીની ફરજ માટે બહારગામ ગયા ત્યારે ચૂકવાયેલ મુસાફરી ભથ્થાની માહિતી નીચે મુજબ છે.

નાણાંકીય વર્ષ	મુસાફરીના દિવસો	ટી.એ./ડી.એ. તરીકે ચૂકવાયેલ રકમ
૨૦૦૪-૨૦૦૫	૧૩ દિવસ	રૂા.૩,૨૫૫/-
૨૦૦૫-૨૦૦૬	૭ દિવસ	રૂા.૬,૫૩૫/-
૨૦૦૬-૨૦૦૭ ★	૬ દિવસ	રૂા.૧,૩૨૫/-

★ ૨૦૦૬-૨૦૦૭ ના ચાલુ નાણાંકીય વર્ષની માહિતી તા.૫-૩-૨૦૦૭ સુધીમાં થયેલ ચુકવણાં અંગેની છે.

(ક) ૨૬ દિવસ
(ખ) નિયમ અનુસાર મળવા પાત્ર રૂા. ૧૧,૧૧૫/–
(ગ) સભા સમયે રજૂ કરવામાં આવી હતી.
(ચ) મેટર સબજયુડિશ્યલ છે.
(છ) દૈનિક રોજ પર રાખેલ કર્મચારીને - રજા મળતી નથી. અને ફીકસ પગારથી રાખેલ કર્મચારીને - શનિ-રવિ તથા જાહેર રજા મળે છે.
(ઝ) અજમાયશી સમય તથા કાયમી કર્મચારી - નિયમ મુજબ સી.એલ., હકક રજા, માંદગીની રજા મળે છે.

પ્રશ્નઃ ૬૦ યુનિવર્સિટીમાં એડહોક ધોરણે નિમાતી વ્યકિત પૂર્ણ સમયની ખાલી કાયમી જગા પર નિમાતી વ્યકિતિની જેમ તે જગાના હકો પ્રાપ્ત કરી તે વિભાગના વડા તરીકે " એડહોક " શબ્દ તેમનાં હોદ્દાની સામે લખ્યા વિનાં કે ઉલ્લેખ કર્યા વિના કાયદાકીય, ગોપનીય, નાણાંકીય, વહીવટી તથા નાણાંકીય વ્યવહારો પર મુખ્ય હિસાબી અધિકારી તરીકે સહી, કાનૂની રીતે કરી શકે ?

ઉત્તરઃ ૬૦ હાજી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૧ (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનાં પરીક્ષા નિયામકની અરજી નં.૧૭/૨૦૦૪ પર નામદાર ટ્રીબ્યુનલે તા. ૪–૫–૨૦૦૫ નાં રોજ હુકમ પર યુનિવર્સિટી સિન્ડિકેટે તા. ૨૫–૬–૨૦૦૫ નાં રોજ ઠરાવ નં.૩૨ થી લીધેલ નિર્ણય કે કરેલ ઠરાવની નકલ આપવા વિનંતી છે.

(ખ) પ્રસ્તુત ઠરાવ અન્વયે સ્વૈચ્છિક નિવૃતિ માટે સમાધાન ની શરતો/ ભૂમિકા નકકી કરવા સમિતિની રચનાં કરવામાં આવી હતી ?

(ગ) પ્રસ્તુત સમિતિએ તેમને સોપેલ કાર્યક્ષેત્ર અને હેતુની ઉપરવટ જઈ દરખાસ્ત તૈયાર કરેલ હતી ?

(ઘ) તો ૯–૦૨–૨૦૦૬ નાં રોજ મળેલ સિન્ડિકેટની સભામાં દરખાસ્ત પર નિર્ણય લેતી વખતે સિન્ડિકેટ ની તા. ૨૫–૬–૦૫નાં ઠરાવ નં. ૩૨ નો સ્વૈચ્છીક નિવૃતિ માટેના પ્રત્યે કાર્યાલયે સભ્યોનું ધ્યાન ખેંચ્યુ હતું ?

(ચ) સિન્ડિકેટના ઠરાવ મુજબ શ્રી શાહની લેખિતમાં સંમતિ યુનિવર્સિટી એ મેળવેલ હતી ? જો " હા " તો તેની નકલ આપવા વિનંતી છે જો ના હોય તો કયા કારણથી મેળવી ન હતી ? આ માટે જવાબદાર અધિકારી કોણ ?

ઉત્તરઃ ૬૧ (ક) સિન્ડિકેટ, તા. ૨૫ – ૬ – ૨૦૦૫નો ઠરાવ નીચે મુજબ છે :

:: ઉપરોકત બાબતે લંબાણપૂર્વકની ચર્ચા બાદ ઠરાવવામાં આવ્યુ કે, શ્રી દિલીપ શાહ દ્વારા ના. ટ્રીબ્યુનલમાં દાખલ કરેલ અરજી નં.: ૧૭/૦૪ સંબંધે ના. ટ્રીબ્યુનલ દ્વારા કરવામાં આવેલ તા. ૪–૫–૦૫ના ઓર્ડર/ હુકમની નોધ લઈ, તેમાં દર્શાવ્યા મુજબ શ્રી શાહ દ્વારા સ્વૈચ્છિક નિવૃત્તિ માટે કરવામાં આવેલ દરખાસ્ત પર વિચારણા કરી સમાધાન અંગેની ભૂમિકા/ શરતો નકકી કરવા નીચે સિન્ડિકેટ મુજબના સભ્યોની એક સમિતિની રચના કરી સમિતિનો અહેવાલ સમક્ષ રજૂ કરવો.

(૧) આ. શ્રી જી.પી. સનાઢય

(૨) શ્રી મયુરભાઈ ચૌહાણ

સંજોગોવશાત્, સમિતિનો અહેવાલ સ્વીકાર્ય ન થાય તો તે પરિસ્થિતિમાં યુનિવર્સિટીને ના. ટ્રીબ્યુનલના પ્રસ્તુત ચૂકાદા સામે ઉપલી કોર્ટમાં જવાનો અધિકાર ઉભો રહેશે અને તે માટે યુનિવર્સિટી સંપૂર્ણ સ્વતંત્ર રહેશે.

વધુમાં ઠરાવવામાં આવ્યુ કે, ઉપરોકત વિગતો તથા શ્રી શાહની સ્વૈચ્છિક નિવૃત્તિની ટ્રીબ્યુનલ સમક્ષની દરખાસ્ત ધ્યાને લઈ ના. ટ્રિબ્યુનલના ઓર્ડર/ હુકમમાં સૂચવ્યા મુજબ શ્રી દિલિપ શાહની અપીલ અંગે હાલમાં યુનિવર્સિટી પક્ષે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેમજ ઉપરોકત સમિતિ દ્વારા એનો અહેવાલ રજૂ કરવામાં આવે તે સમયગાળા દરમિયાન તેઓની સામે ચાલતી ખાતાકીય તપાસ મોકૂફ રાખવી.

આ અંગે તેઓની લેખિતમાં સંમતિ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરવી.

(ખ) " હા જી "

(ગ) " ના જી "

(ઘ) નાજી.

(ચ) પ્રશ્ન અસ્પષ્ટ છે. જવાબ આપવાનો રહેતો નથી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૨ (અ) રાજય સરકારની મંજૂરી વગર તથા યુનિવર્સિટી એકટની વિરુધ્ધ સત્તા યુનિવર્સિટી સિન્ડિકેટને આ બાબતમાં ન હોવા છતાં યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારી તરીકે એડહોક ધોરણે નિમાયેલાં શ્રી રાજપૂતને પેશગી, પી.એફ. રજા, તબીબી ખર્ચ, નિમણૂંક સમયે આપેલાં વધારાના ઈજાફાઓ વિગેરે ચૂકવવામાં આવ્યાં છે ?

(બ) એઓશ્રીની નિમણૂંક એડહોક ધોરણે કરવામાં આવી હતી ? નિમણૂંક બાબતનો હાઈકોર્ટનો હુકમ કયો હતો ? પાઠ આપવા વિનંતિ.

(ક) મુ. હિ. અધિકારીને કોઈ "Equity" એડહોક નિમણૂંક સમયે ન ચૂકવવાના હાઈકોર્ટના આદેશનો યુનિ. ઉચ્ચ સત્તા મંડળ સિન્ડિકેટે અનાદર કર્યો છે ? (" અ " માં બતાવેલ બાબતોને ધ્યાનમાં રાખી કરેલ ચૂકવણીના સંદર્ભમાં).

ઉત્તરઃ ૬૨ (અ) રાજય સરકારના નિયમ મુજબ તથા યુનિવર્સિટીના અન્ય કર્મચારીઓને મળતા લાભો નિયમ મુજબ યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારી શ્રી રામસિંહ એચ. રાજપૂતને આપવામાં આવેલા છે. યુનિવર્સિટી દ્વારા કોઇ પેશગી આપવામાં આવી નથી.

(બ) મુખ્ય હિસાબી અધિકારીની નિમણૂંક કરવા અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદના હુકમનો પાઠ સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવેલ હતો.

(ક) નિયમ મુજબ હોઇ અનાદર થતો નથી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૩ (ક) યુનિવર્સિટી સિન્ડિકેટ તા. ૯–૨–૦૬ ની બાબત ક્રમાંક ૬૯ બનાવતી વખતે સિન્ડિકેટ ની તા. ૨૫–૬–૦૫ ની સભાનાં ઠરાવ નં. ૩૨ થી ઠરાવ્યા અનુસાર " સ્વૈચ્છીક નિવૃતિ " માટે સમાધાનની ફોર્મ્યુલા તૈયાર કરવાનો ઉલ્લેખ કયા હેતુથી કરવામાં આવ્યો ન હતો ? બાબત પરથી કયા હેતુ માટે સમાધાનની ફોર્મ્યુલા તૈયાર કરવા સમિતિ નિમેલ તે માહિતી આપેલ ન હોવાથી સિન્ડિકેટ અહેવાલ પર યોગ્ય સાચો નિર્ણય ન લઈ શકવાથી શ્રી શાહને મોટુ આર્થિક નુકશાન કાર્યાલયની ભૂલ થી થયેલ છે તેને માટે જવાબદાર કોણ ?

(ખ) સમાધાનની દરખાસ્ત અનુસાર સિન્ડિકેટે લીધેલ નિર્ણય પર યુનિવર્સિટી ના વકીલ ના ટ્રીબ્યુનલ સમક્ષ તે રજૂ કરી હતી ? ટ્રીબ્યુનલે તેના ઉપર કોઈ હુકમ કરેલ છે ? જો ના હોય તો યુનિવર્સિટીએ ફરીથી આ નિર્ણય સંબંધે કરેલ કાર્યવાહીની જણ આગળની કાર્યવાહી હાથ ધરવા માટે માર્ગદર્શન મેળવવા સિન્ડિકેટ નું ધ્યાન ખેંચ્યુ હતુ ? જો ના તો સિન્ડિકેટ ના નિર્ણયની ઉપરવટ જઈને કુલપતિશ્રીએ તેમને સિન્ડિકેટે કરાર કરવા અધિકૃત કર્યા ન હોવા છતાં તેમને મળેલ ખાસ સત્તાનો ઉપયોગ કરી સિન્ડિકેટ ની બહાલીની અપેક્ષાએ રૂા. ૧૦૦/– નાં સ્ટેમ્પ પેપર એગ્રીમેન્ટ કર્યું અને શ્રી શાહને રાજીનામુ શબ્દ લખી કે લખાવી લઈ મોટું આર્થિક નુકશાન પહોંચાડવું છે તે માટે કોણ જવાબદાર ? યુનિવર્સિટી કે સિન્ડિકેટ તેની આ ભૂલ સુધારી લઈ શ્રી શાહને તેનાં નિવૃતનાં તમામ બાકી લાભોની ચૂકવણી કરવા માંગે છે ?

ઉત્તરઃ ૬૩ (ક) સમાધાનની સમિતિના સભ્યો જે બન્ને સિન્ડિકેટ સભ્યો હતા અને શ્રી શાહ સાથે બેસીને પરસ્પર સંમતિથી સમાધાનની ફોર્મ્યુલા તૈયાર કરી સહીઓ કરી યુનિવર્સિટીમાં રજૂ થઈ હતી અને તે ફોર્મ્યુલાને કાયદાકીય સ્વરૂપ આપવા માટે યુનિવર્સિટી વતી સિન્ડિકેટની સભામાં સ્વીકાર થયો હતો. શ્રી દિલીપ શાહ તરફે રૂા. ૧૦૦/– ના સ્ટેમ્પ ઉપર નોટરી પાસે સર્ટિફાઈડ કરીને યુનિવર્સિટીમાં રજૂ કરવામાં આવ્યું હતું તેથી સંમતિ હોવાથી ખોટો નિર્ણય લેવાયો નથી. તેથી તેમને કોઈ નુકસાન થવાનો પ્રશ્ન નથી. શ્રી શાહને સમાધાનની નીચે મુજબની ચૂકવણી કરવામાં આવી છે.

ગ્રેજયુએટી	૩,૫૦,૦૦૦
રજાનું રોકડમાં રૂપાંતર	૧,૨૧,૦૦૦
સી.પી.એફની રકમ	૩,૩૨,૨૬૫
ગ્રુપ ઇન્સ્યુરન્સની રકમ	૫૭,૪૩૪
મેડીકલ રીએમબ્યુઝ રકમ	૪૨,૩૩૩

આ રીતે કુલ રૂા. ૧૦,૦૩૮૬૨ જેથી મોટી રકમ મળી હોવાથી આર્થિક ફાયદો થયો છે.

(ખ) યુનિવર્સિટી સર્વિસીસ ટ્રિબ્યુનલમાં અરજી નં. ૧૭/૨૦૦૪ કેંસલ થઈ ગયેલ હોવાથી આ બાબતે યુનિવર્સિટી સર્વિસીસ ટ્રિબ્યુનલમાં રજૂ કરવાની જરૂર ન હતી. યુનિવર્સિટીના વહીવટી સ્ટાફનાં રાજીનામા કુલપતિશ્રી મંજૂર કરી શકે છે. તેથી સિન્ડિકેટમાં મૂકવાની જરૂર ન હતી શ્રી શાહ દ્વારા સ્વૈચ્છાએ રાજીનામું આપવામાં આવ્યું હતુ, અને તે બાબત સમાધાનની શરતોમાં પણ જણાવ્યું હતુ. અને રૂા.૧૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી એફીડેવીટ કરીને રજૂ કર્યુ હતુ. તેથી તા. ૫–૫–૨૦૦૬ના કાર્યાલય સમય બાદથી અમલમાં આવે તે રીતે તેમનું રાજીનામું સ્વીકારવામાં આવ્યું હતુ. અને રાજીનામા સ્વીકાર્યના બે મહિનામાં તેમને રૂા. ૧૦,૦૮૬૨ જેવી મોટી રકમ સમાધાનની રકમ પુનઃ ચુકવવામાં આવી છે, તેથી દિલીપશાહને આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યુ નથી અને સમાધાન સમિતિના બંને સભ્યો શ્રી મયૂરભાઈ ચૌહાણ તથા પ્રિન્સિપાલ શ્રી જી.પી.સનાઢય ને આવો પ્રશ્ન હલ કરવાની ક્રેડીટ મળે છે અને શ્રી દિલીપ શાહ દ્વારા પૂર્ણ સંમતિથી સ્વીકારેલ હોવાથી બાકીની કોઈ રકમ ચૂકવવાની રહેતી નથી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૪ (ક) યુનિ.ના મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા પર શ્રી રાજપૂતને આપેલ એડહોક નિમણૂક યુનિ.ની કઈ સમિતિએ કરી ?

(ખ) તે સમિતિના સભ્યોના નામો તથા સમિતિની ભલામણ અને તેની ઉપર સિન્ડિકેટે કરેલ ઠરાવની માહિતી આપવા વિનંતિ.

(ગ) તેના સંદર્ભમાં યૂનિ. એ શ્રી રાજપૂતને આપેલ " નિમણૂંક પત્ર " અથવા પત્રોની નકલ દરેક સેનેટ સભ્યોને પરિપત્રિત કરવા વિનંતિ છે.

ઉત્તરઃ ૬૪ (ક) સિન્ડિકેટે કરેલ છે.

(ખ) પ્રશ્ન અસ્પષ્ટ છે આથી જવાબ આપવાનો રહેતો નથી.

(ગ) પ્રશ્ન અસ્પષ્ટ છે આથી જવાબ આપવાનો રહેતો નથી.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૫ યુનિવર્સિટીએ શ્રી શાહ સાથે રૂા.૧૦૦/–નાં સ્ટેમ્પ પેપર ઉપર કરેલ કરારની નકલ આપવા વિનંતી.

ઉત્તરઃ ૬૫ યુનિવર્સિટીએ શ્રી શાહ સાથે રૂા.૧૦૦/–નાં સ્ટેમ્પ પેપર ઉપર કરેલ કરારની નકલ આ સાથે **પરિશિષ્ટઃ ' ઘ '** તરીકે સામેલ છે.

(પરિશિષ્ટઃ' ઘ ')

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૬ યુનિ.ના મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા પર " એડહોક ધોરણે " (ગુજરાતની વડી અદાલતના હુકમ મુજબ) નિમાયેલા શ્રી રાજપૂત આ જગ્યા માટેના યુ. જી. સી.ના નોટિફિકેશન મુજબ જરૂરી ન્યૂનતમ લાયકાતના ધોરણો અને અનુભવો નિમણૂંક સમયે ધરાવતાં હતાં ?

ઉત્તરઃ ૬૬ યુ.જી.સી.ના નોટીફિકેશનમાં મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા માટે ન્યુન્તમ લાયકાતના ધોરણો દર્શાવેલ નથી. આથી સિન્ડિકેટે નકકી કરેલા લાયકાતના ધોરણો અને અનુભવને ધ્યાનમાં લઈ નિમણૂક કરેલ છે.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૬૭ (ક) શ્રી દિલીપ શાહને તેમની માંગણી મુજબ કયા કયા નિવૃતિનાં લાભોની ચૂકવણી કરવાની બાકી છે ?

(ખ) કરાર મુજબ તથા કાયદેસર નિયમાનુસાર કયા કયા લાભોની રકમની ચૂકવણી હજી બાકી છે.

ઉત્તરઃ ૬૭ (ક) કરાર અનુસાર કોઈ ચૂકવણું બાકી નથી.

(ખ) નિયમાનુસાર કોઈ ચૂકવણું બાકી નથી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પ્રશ્નો પૂછવાની નોટિસ આપી હતીઃ (૬૮ અને ૬૯)

પ્રશ્નઃ ૬૮ (અ) યુનિ. મુખ્ય હિસાબી અધિકારીની જગ્યા પર એડહોક ધોરણે નિમાયેલાં શ્રી રાજપૂત આ સાથે બિડેલ બિડાણ (ગુજરાત મુલ્કીસેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો ૨૦૦૨નો પરિચય ૧/ ૨૦૦૩ના) મુજબ રાજય સરકારના ઠરાવો, નિયમો અને BCSRના નિયમો મુજબ કે તેને સુસંગત હોય તે રીતે તેમની નિમણૂંક યુનિ. એ કરી છે ?

(બ) જો તે રીતે કરી હોય તો નિયમ મુજબ કેટલા સમય માટે આવી એડહોક નિમણૂંક કરી શકાય ?

(ક) આવી એડહોક નિમણૂંક માટે રાજય સરકારની પૂર્વ મંજૂરી યુનિ. એ મેળવી છે ?

(ડ) એમની એડહોક નિમણૂંકને આજ દિન સુધી કેટલો સમય/ મહિના થયાં ?

(ઈ) બિડેલ બિડાણ સેનેટના દરેક સભ્ય મહાનુભાવશ્રીને પરિપત્રિત કરવામાં આવશે ? પરિપત્રિત કરવા નમ્ર વિનંતિ છે.

ઉત્તરઃ ૬૮ (અ) મુખ્ય હિસાબી અધિકારી શ્રી રામસિંહ એચ. રાજપૂતની નિમણૂક નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના આદેશ મુજબ કરવામાં આવતી નિમણૂકોમાં દર્શાવવામાં આવતાં કોર્ટના ચુકાદાને આધિન રહીને કરવામાં આવેલ છે.

(બ)
(ક) ' બ ' થી ' ઈ ' ના પ્રશ્નો અસ્પષ્ટ હોઈ જવાબ આપવાનો રહેતો નથી.
(ડ)
(ઇ)

પ્રશ્નઃ ૬૯ ગુજરાતની વડી અદાલતે શ્રી આર. એચ. રાજપૂતની " એડહોક મુખ્ય હિસાબી અધિકારી તરીકે " Indefinate Period " માટે નિમણૂંક કરવા કોઈ હુકમ કેરલ છે ?

ઉત્તરઃ ૬૯ નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદમાં ચાલતા કેસ નં.એસ.સી.એ./૧૫૨૫૧/૨૦૦૩ મુજબ શ્રી રાજપૂતની નિમણૂંક કરવામાં આવી હોય તે કેસના અંતિમ ચુકાદાને આધિન રહેશે.

શ્રી લક્ષ્મણભાઈ બાલુભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ

પ્રશ્નઃ ૭૦ (A) ત્રણ મહિના કે તેથી વધુ સમયગાળાથી પરીક્ષા વિભાગમાં રોજીંદા મહેનતાણા ના ધોરણે નિમણૂંક પામેલા અને /અથવા એડહોક ધોરણે નિમણૂંક પામેલા ચોથા વર્ગ સિવાયના કેટલા કર્મચારીઓ કાર્યરત છે તેની માહિતી જેવી કે કર્મચારીનું નામ, કેટલા સમયથી આ વિભાગમાં કાર્યરત છે તેને સોંપવામાં આવતા જુદા જુદા કારકુની કામના પ્રકાર વગેરે જેવી માહિતી આપવા વિનંતી છે.

(B) પરીક્ષા વિભાગની ગોપનીય કાર્યવાહીને ધ્યાનમાં લેતા કર્મચારીઓને કામ કાજ સોંપવાનો નિર્ણય કોણ કરે છે? પરીક્ષા નિયામકશ્રી, કુલસચિવશ્રી, કે કુલપતિશ્રી ?

(C) છેલ્લા ત્રણ મહિનાથી કે તેથી વધુ સમયગાળાથી હિસાબી વિભાગમાં રોજીંદા મહેનતાણાના ધોરણે/ એડહોક ધોરણે નિમણૂંક પામેલા ચોથા વર્ગ સિવાયના કેટલા કર્મચારીઓ કાર્યરત છે તેની માહિતી જેવી કે કર્મચારીનું નામ, કેટલા સમયથી આ વિભાગમાં કાર્યરત છે, તેને સોપવામાં આવતા કામકાજના પ્રકાર વગેરે જેવી માહિતી આપવા વિનંતી.

(D) હિસાબી વિભાગની નાણાંકીય વ્યવહાર સાથે સંકળાયેલ કામકાજ એડહોક ધોરણે નિમણૂંક પામેલા કર્મચારીને જ સોંપવુ અનિવાર્ય છે ? આ નિર્ણય કુલસચિવ કે ઉપકુલપતિશ્રી કરે છે.

(E) પરીક્ષા વિભાગ અને હિસાબી વિભાગ નું કામ સંભાળી શકે એટલા કાયમી કર્મચારીઓ પણ યુનિવર્સિટી પાસે નથી ?

(F) મુખ્ય હિસાબી અધિકારીનો કાર્યભાર સંભાળી શકે તેવો એક પણ કાયમી કર્મચારી યુનિવર્સિટી માં નથી ?

ઉત્તરઃ ૭૦ (A) Statute: 36 (2) (i) (g) મુજબ ઉત્તર આપી શકાય નહી.

(B) રજીસ્ટ્રાર અને પરિક્ષા વિભાગના જુદા જુદા અધિકારીઓ દ્વારા આ કામગીરી સોંપવામાં આવે છે.

(C) Statute: 36 (2) (i) (g) મુજબ ઉત્તર આપી શકાય નહી.

(D) નાજી.

(E) નાજી.

(F) નાજી.

શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેનો પ્રશ્ન પૂછવાની નોટિસ આપી હતીઃ (૭૧ થી ૧૩૯)

પ્રશ્નઃ ૭૧ ગુજરાતની વડી અદાલતનો આખરી ચૂકાદો આવ્યાં બાદ મુખ્ય હિસાબી અધિકારીની જગા ભરવા નિયમાનુસાર યુનિવર્સિટી એ ફરી જાહેરાતો આપી યુ. જી. સી.ના નોટિફિકેશન મુજબ જરૂરી લાયકાત ધોરણો અનુસાર અરજીઓ મંગાવી પસંદગી સમિતિ નિમી કાર્યવાહી નવેસરથી યુનિ. કરવા માંગે છે ?

ઉત્તરઃ ૭૧ Statute: 36 (2) (i) (c) મુજબ ઉત્તર આપી શકાય નહી.

પ્રશ્નઃ ૭૨ (અ) યુનિ. ના મુખ્ય હિસાબી અધિકારીની જગા પર એડહોક ધોરણે નિમાયેલ શ્રી રાજપૂત અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠમાં અનુસ્નાતક અભ્યાસક્રમ કરવા માટે યુનિ. ની મંજૂરી માંગતો કોઈ વિધિવત પત્ર લખેલ હોય તો તેની નકલ આપવા વિનંતિ છે.

(બ) તેઓ અભ્યાસક્રમ કરે છે તેવી મતલબની ફકત જાણ યુનિ. ને પત્ર દ્વારા કરી હોય તો તેની પણ નકલ આપવા વિનંતિ.

(ક) આ યુનિ.માં નોકરીમાં જોડાયાં બાદ કોઈ પણ અભ્યાસક્રમ કરવા માટે કે ચાલુ રાખવા માટે (યુનિ. માં જોડાયાં પહેલાં અભ્યાસક્રમ હાથ ધરેલ હોય તો) મંજૂરી લેવાની જરૂર છે ? કે ફકત જાણ જ કરવાની હોય છે ?

ઉત્તરઃ ૭૨ (અ) યુનિ. ના મુખ્ય હિસાબી અધિકારી શ્રી રામસિંહ એચ. રાજપૂત તા.૧૯/૭/૨૦૦૪ ના રોજ યુનિવર્સિટીની સેવામાં જોડાયા હતાં. ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ચાલતા એમ.એ.(ગાંધી વિચાર) સ્વાધ્યાય અને પત્રાચાર (External) પધ્ધતિથી અભ્યાસ કરવા માટે તા.૫-૮-૨૦૦૪ ના પત્રથી મંજૂરી માગવા અંગે યુનિવર્સિટીને પત્ર પાઠવ્યો હતો. સભા સમયે ટેબલ પર જોવા આપવામાં આવેલ હતો.

(બ) અભ્યાસ કરવા અંગેની વિધિસર પરવાનગી તા.૫-૮-૨૦૦૪ થી માંગવામાં આવી હતી. અને યુનિવર્સિટીના પત્ર નં.જન/એસ્ટા/૬૯૧૨/૨૦૦૪, તા.૧૩/૮/૨૦૦૪ થી મંજૂરી આપવામાં આવી હતી.

(ક) કોઇપણ કર્મચારી કે અધિકારીએ આગળ અભ્યાસ કરવા માટે પૂર્વ મંજૂરી લેવાની જરૂરીયાત રહે છે. અને શ્રી રાજપૂતના કિસ્સામાં પૂર્વ મંજૂરી લેવામા આવી છે. અને એમ.એ. માં ૬૪% સાથે પ્રથમ વર્ગમાં ઉતીર્ણ થયા અંગેની જાણ પણ કરવામાં આવી છે.

પ્રશ્નઃ ૭૩ (અ) યુનિ. ના હિસાબી વિભાગના મુખ્ય હિસાબી અધિકારી તરીકે એડહોક ધોરણે કામ કરતાં અધિકારીના હાથ નીચેના કર્મચારીઓને મળેલ માહિતી મુજબ માનસિક ત્રાસ અને ધમકીઓ આપવાનાં કારણે કોઈ કર્મચારીનું મૃત્યું થયું હોય કે હ્રદયરોગનો હુમલો થયો હોય અને તેની સારવાર લેવી પડી હોય તેવા કર્મચારીના નામો આપવા વિનંતિ છે.

(બ) યુનિ.ના મુખ્ય હિસાબી અધિકારીની એડહોક નિમણૂંકના ૧૧ માસ પુરાં થયાં બાદ તેમણે કરેલ કામગીરીનું કોઈ મૂલ્યાંકન (ખાનગી હેવાલ) ભરી સિન્ડિકેટને યુનિ. એ જાણ કરી છે ?

ઉત્તરઃ ૭૩ (અ) આ અંગે કાર્યાલયને કોઈ ફરિયાદ મળેલ નથી.

(બ) નાજી, નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ મુજબ જગ્યા ભરવામાં આવેલ હોય.

પ્રશ્નઃ ૭૪ ગુજરાતની વડી અદાલતના હુકમ મુજબ શ્રી આર. એચ. રાજપૂતને વી. ન. દ. ગુ. યુનિ.ના કુલસચિવના પદેથી દૂર કરવામાં આવેલ અને તેમની સેવાનો તાત્કાલિક અસરથી અંત લાવેલ તે હકીકત સાચી છે ?

આ પ્રક્રિયાને યુનિ. સિન્ડિકેટે તેમની માંગણી અનુસાર <u>" સ્વૈચ્છિક નિવૃત્તિ "</u> ગણી પેન્સનના તથા અન્ય કોઈ લાભો આપવા કોઈ ઠરાવ કરેલ હોયતો તેમની અરજી, વડી અદાલતનો કોઈ હુકમ હોય તો તે તથા સિન્ડિકેટના ઠરાવ સહિત માહિતિ આપવા વિનંતિ છે.

ઉત્તરઃ ૭૪ - હાજી. નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના આદેશ મુજબ યુનિવર્સિટીની તથા શ્રી રાજપૂતની સંમતિથી કુલસચિવ તરીકેની નિમણૂક રદ કરવામાં આવી હતી.
શ્રી આર.એચ.રાજપૂતને સ્વૈચ્છિક નિવૃતિ ગણી પેન્શનના તથા અન્ય કોઈ લાભ આપવા માટે યુનિવર્સિટીની સિન્ડિકેટ દ્વારા આજ સુધી કોઈ ઠરાવ કરવા અંગે દરખાસ્ત મુકવામાં આવી નથી. કે તેવો કોઈ ઠરાવ કરવામાં આવ્યો નથી.

પ્રશ્નઃ ૭૫ (ક) આપણી યુનિ.ના મુખ્ય હિસાબી અધિકારી તરીકે એડહોક ધોરણે નિમાયેલાં શ્રી રાજપૂત, નાણાંકીય વ્યવહારો, લેવડ – દેવડ પરનાં ચેકો પર મુખ્ય હિસાબી અધિકારીની હેસીયતથી કાનૂની રીતે સહી કરી શકે ?

(ખ) આ વ્યવસ્થા માટે એડહોક નિમાયેલ વ્યકિત એડહોક હોવા છતાં તેનો ઉલ્લેખ કર્યા વિના સહી કરે તે માટે સિન્ડિકેટની મંજૂરી લેવામાં આવી છે ?

(ગ) જો લીધી હોય તો તે ઠરાવની નકલ આપવા વિનંતિ છે.

(ઘ) જે તે બેંક કે ટ્રેઝરીને એડહોક નિમણૂંકની જાણ યુનિ.એ આ માટે કરી હોય તો તે પત્રની નકલ આપવા વિનંતિ છે.

ઉત્તરઃ ૭૫ (ક) હાજી.

(ખ) નાજી.

(ગ) (ખ)નો જવાબ જોતા (ગ)નો જવાબ આપવાનો રહેતો નથી.

(ઘ) પ્રશ્ન અસ્પષ્ટ છે ઉત્તર આપવાનો રહેતો નથી.

પ્રશ્નઃ ૭૬ (૧) ઉપરના પત્ર નં. ૧૮ના સંદર્ભમાં સદર બંધ કરી દેવાયેલાં વિભાગનાં કયા કયા કર્મચારીઓ યુનિ.માં હાલમાં ફરજ બજાવે છે ?

(૨) કયા કયા કર્મચારીઓ ફરજ મૌકુફી પર છે ? અને કયારથી છે ?

(૩) કયા કયા કર્મચારીઓને અન્ય વિભાગમાં કાયમી ધોરણે અન્ય વિભાગોમાં સમાવી લીધાં છે ?

(૪) આ વિભાગમાં કામ કરતાં કર્મચારીઓ (નોન વેકેશનલ)ની નિવૃત્તિ વયમર્યાદા કેટલી ?

ઉત્તરઃ ૭૬ (૧) (i) ડૉ.અનસૂયાબેન ટી.શેઠ, (ii) ડૉ.એ.એન.માલવિયા, (iii) ડૉ..રોમાન ભાટિયા, (iv) શ્રી દેવેન્દ્ર પટેલ.

(૨) (i) શ્રી નાનુભાઇ જોષી - તા.૨૮/૨/૧૯૯૬થી.

(૩) શ્રી એસ.ડી.પરમારને કાયમી ધોરણે સમાવી લેવામાં આવ્યા છે.

(૪) નિયમ અનુસાર.

પ્રશ્નઃ ૭૭ (અ) પ્રશ્ન નં. ૧૮ના સંદર્ભમાં કયા કયા કર્મચારીઓના અદાલતોના કેસો હાલમાં કઈ કઈ પરિસ્થિતિમાં છે ?

(બ) કેટલાં સમયથી છે ?

(ક) યુનિ.એ ત્યાર બાદ તેના આખરી નિકાલ માટે આજ દિન સુધી કઈ કઈ કાર્યવાહી ? કયારે કયારે કરી ? તેની વિગતવાર માહિતિ આપવા વિનંતિ છે જેથી સેનેટના માનવંતા સભ્ય મહાનુભાવશ્રીઓને હકીકતથી માહિતગાર કરી શકાય.

ઉત્તરઃ ૭૭ (અ) (i) શ્રી નાનુભાઇ જોષી (ii) ડૉ.એ.એન.માલવિયા, (iii) ડૉ.રોમાન ભાટિયા, (iv) શ્રી દેવેન્દ્ર પટેલ.(v) રોહિત ડી. સોલંકી (vi) ડૉ.અનસૂયાબેન ટી.શેઠ

(બ) ૧૯૯૭ થી

(ક) કોર્ટની કાર્યવાહી મુજબ.

પ્રશ્નઃ ૭૮ (૧) શ્રી આર. એચ. રાજપૂત આપણી યુનિ.માં એડહોક ધોરણે નિમાયાં તે પહેલાં જે સંસ્થામાં નોકરી કરતાં હતાં તે સંસ્થા દ્વારા તેમની અરજી યૂનિ.ને મોકલી આપી હતી કે કેમ ? (Through Proper Chanel) અને N.O.C. પણ મોકલેલ હતી કે કેમ ?

(૨) જો મોકલેલ હોય તો તેની નકલ આપવા વિનંતિ.

ઉત્તરઃ ૭૮ (૧) અન્ય સંસ્થામાં નોકરી કરતા હતા તેવું રેકર્ડ જોતા માલુમ પડતું નથી. N.O.C. (Through Proper Chanel) ની જરૂર જણાતી નથી.

(૨) (૧) અવલોકનમાં લેતાં (૨) નો ઉત્તર આપવાનો રહેતો નથી.

પ્રશ્નઃ ૭૯ (ક) આપણી યુનિ.માં અગાઉ કુલસચિવ પદ પર રહી ગયેલાં શ્રી આર. એચ. રાજપૂત તે પહેલાં સરદાર પટેલ યુનિ.માં મુખ્ય હિસાબી અધિકારી તરીકે પ્રોબેશન પર, કઈ તારીખથી ? કયા પગાર ધોરણમાં ? કેટલાં બેઝીક પગાર ? નિમાયાં હતાં ?

(ખ) તેમણે પ્રોબેશન પિરિયડ પુરો કરેલ કે કેમ ?

(ગ) જો પૂરો કર્યો હોય તો કઈ તારીખે કાયમી થયાં હતાં ?

(ઘ) કાયમી થયાં હોય તો તે સમયે એમનો બેઝીક કેટલો હતો ?

(ચ) તેઓના પ્રોબેશન પિરીયડ પુરો કરે તે પહેલાં તેમને ત્યાંથી છૂટા કરી તેમની નોકરીનો અંત લાવવામાં આવ્યો હતો એ વાત સાચી ?

(છ) પ્રોબેશન પિરીયડ દરમ્યાન સરદાર પટેલ યુનિ. માં તેમને વાર્ષિક ઈજાફો આપવામાં આવતો હતો ?

(જ) જો પ્રોબેશન પિરિયડ દરમ્યાન ઈજાફો આપવામાં આવેલ હોય તો તે કેટલી રકમનો હતો ?

ઉત્તરઃ ૭૯ આ પ્રશ્ન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને સ્પર્શતો નથી માટે જવાબ આપવાનો રહેતો નથી.

પ્રશ્નઃ ૮૦ (૧) આપણી યુનિ.માં શ્રી રાજપૂતને મુખ્ય હિસાબી અધિકારી તરીકે એડહોક નિમણૂંક આપતી વખતે પગાર રક્ષણના બહાના હેઠળ પગારના બેઝીકમાં ત્રણ ઈજાફાઓ યુનિ. એ આપેલાં ?

(૨) તેમની માંગણીના પુરાવારૂપે તેમણે રજૂ કરેલ " પે સ્લીપ" ની નકલ આપવા વિનંતી.

(૩) આ વધારાના ત્રણ ઈજાફાઓ આપતી વખતે રાજય સરકારના શિક્ષણ વિભાગની પૂર્વ મંજૂરી કે લોકલ ફંડ ઓડિટનો અભિપ્રાય લેખિતમાં યુનિ.એ મેળવેલ હતો ?

(૪) જો મેળવેલ હોય તો પત્ર વ્યવહારની નકલ આપવા વિનંતી છે.

(૫) યુનિવર્સિટી એકટ મુજબ આ વધારાના ઈજાફાઓ મંજૂર કરવાની સત્તા યુનિવર્સિટી સિન્ડિકેટને પ્રાપ્ત થયેલ છે ?

(૬) જો જવાબ 'હા' હોય તો કઈ કલમ હેઠળ ?

(૭) પગાર રક્ષણ કયારે ? કયા સંજોગોમાં ? આપી શકાય ?

ઉત્તરઃ ૮૦ (૧) નાજી.

(૨) થી (૭) પ્રશ્ન અસ્પષ્ટ હોઈ જવાબ આપવાનો રહેતો નથી.

પ્રશ્નઃ ૮૧ આપણી યુનિ.માં મુખ્ય હિસાબી અધિકારીની જગા પર શ્રી રાજપૂતની એડહોક એટલેકે તદ્દન હંગામી નિમણૂંક કરી પગાર ધોરણ, રજા સહિતના અન્ય "equity" આપવામાં આવે છે. તે જ રીતે યુનિ.માં મંજૂર થયેલ કાયમી ખાલી જગા સામે કામ કરતાં અન્ય કર્મચારીઓને પણ તે મુજબનું પગાર ધોરણ, રજાઓ તથા અન્ય લાભો આપવામાં આવે છે કે કેમ ? તેની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૮૧ આ પ્રકારની યુનિવર્સિટીની અન્ય કાયમી ખાલી જગ્યા પર કોઈ કર્મચારીને એડહોક પર મૂકવામાં આવેલ નથી.

પ્રશ્નઃ ૮૨ (અ) એડહોક ધોરણે થતી નિમણૂક BCSRની માન્યતા મુજબ હંગામી ગણાય તો મુખ્ય હિસાબી અધિકારીની જગા પર યુનિ.માં એડહોક તરીકે નિમાયેલ શ્રી રાજપૂત હંગામી કર્મચારી ગણાય કે કેમ ? તે માહિતી આપવા વિનંતિ છે.

(બ) અને ન ગણાય તો યુનિ.ના અન્ય હંગામી કામ કરતાં કર્મચારીઓને એડહોક ગણી શકાય કે કેમ ? તેની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૮૨ (અ) શ્રી રાજપૂતની નિમણૂક નામદાર ગુજરાત હાઈકોટના ચુકાદાને આધિન થયેલ હોઈ જવાબ આપી શકાય નહી.

(બ) નાજી.

પ્રશ્નઃ ૮૩ (ક) આપણી યુનિ.માં ચીફ એકાઉન્ટ ઓફિસરની (મુ.હિ.અ.ની.) જગા પર એડહોક ધોરણે નિમણૂક પામેલ શ્રી રાજપૂતને વડી અદાલતના હુકમ મુજબ કોઈ "equity" ન મળી શકે તેમ જણાવેલ છે. તો એડહોક ધોરણની નિમણૂકનો સમયગાળો પુરો થયો હોય ત્યારે આપેલ ઈજાફો અગર એડહોક નિમણૂક કરતાં સમયે તેમને ઈજાફાઓ આપેલ હોય તો કયા નિયમોને આધારે છોડેલ છે.

(ખ) એઓશ્રીની નિમણૂક હંગામી/ એડહોક કે પ્રોબેશન પર કે ચોકકસ પગાર ગ્રેડમાં કરવામાં આવી છે ? તેની માહિતી આપશો.

(ગ) તેમેને આપેલ નિમણૂક ઓર્ડરની નકલ અને કાર્યાલય આદેશની નકલ આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૮૩ (ક) યુનિવર્સિટીના મુખ્ય હિસાબી અધિકારીની નિમણૂક નામદાર હાઈર્કોટના આદેશ મુજબ કરવામાં આવેલ છે. હાલમાં ૨ (બે) વર્ષના અજમાયશી સમય પર રૂા.૧૦,૦૦૦ –૩૨૫–૧૫૨૦૦ના પગાર ધોરણમાં કરવામાં આવે છે.

(ખ)
(ગ) સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવેલ હતી.

પ્રશ્નઃ ૮૪ (ક) યુનિ.ના પરિક્ષા નિયામક શ્રી દિલિપ સી. શાહે ગુ. યૂનિ. સ. ટ્રીબ્યુનલ અમદાવાદમાં કરેલ અરજી નં.૧૭/૨૦૦૪માં નામદાર ટ્રીબ્યુનલે કરેલ તા. ૪–૫–૦૫ના હુકમમાં શ્રી શાહની સ્વૈચ્છિક નિવૃત્તિ સમાધાન માટેની દરખાસ્ત અરજી પર વિચારણા કરવા જણાવેલ હતું.

(ખ) નામદાર ટ્રિબ્યુનલના હુકમ અન્વયે યુનિ.ની સિન્ડિકેટની તા. ૨૫/૬/૦૫ની સભાએ ઠરાવ નં. ૩૨થી સ્વૈચ્છિક નિવૃત્તિ અંગેની અપીલ પર સમાધાનની શરતો નકકી કરવા સમિતિની રચના કરેલ એ હકીકત સાચી છે ?

(ગ) સમાધાન માટે નિમેલ સમિતિના સભ્યશ્રીઓનો નામો આપવા વિનંતિ છે.

(ઘ) સિન્ડિકેટનાં તા.૨૫–૬–૦૫નાં નિર્ણય બાબતે યુનિ.એ શ્રી શાહને તા.૧૦–૮–૦૫ તથા તા. ૩૦–૬–૦૫ના રોજ લખેલ પત્રોમાં સ્વૈચ્છિક નિવૃત્તિ માટે દરખાસ્તનો સમાધાનકારી સેટલમેંટ (સ્વૈચ્છિક નિવૃત્તિ) માટે સમિતિની રચના બાબતે જાણ કરેલ હતી, તે હકીકત સાચી છે ?

(ચ) પ્રસ્તુત સમાધાન માટેની સમિતિની સભા યુનિ. એ કઈ કઈ તારીખોએ ? કયા સ્થળે ? કેટલા વાગે બોલાવી ? તેમાં હાજર સભ્યોની નામોની માહિતી તથા સભા બોલાવાની જાણ કરતાં સભ્યોને યુનિ.એ લખેલ પત્રોની નકલ આપવા વિનંતી છે.

(છ) પ્રસ્તુત સમિતિની તા. ૩–૨–૦૬ના રોજ શ્રી શાહ સાથે સમાધાનની ર્ફોમ્યુલા બાબતે ચર્ચા કરવા કોઈ સભા બોલાવી હોય કે તે પહેલાં પણ બોલાવી હોય તેમજ શ્રી શાહને તે સભામાં હાજર રહેવા કોઈ પત્ર દ્વારા જાણ કરવામાં આવી હોય તો તે પત્રોની નકલ તથા આ દિવસે હાજર રહેલ સભ્યોના નામોની માહિતી આપવા વિનંતી છે.

(જ) (૧) પ્રસ્તુત સમિતિના એક સભ્ય મહાશયશ્રી આચાર્ય ઘનશ્યામ પ્રસાદ શનાઢય તા.૩–૨–૦૬ તથા સિન્ડિકેટની તા.૯–૨–૦૬ના સભાના દિવસે હાજર રહ્યાં હતા?

(૨) તેઓ ફેબ્રુઆરી ૨૦૦૬ના પ્રથમ બે અઠવાડિયા દરમ્યાન સુરતમાં હતાં ? કે તેમના વતન રાજસ્થાનમાં હતાં ? જો તેઓ તા. ૩–૨–૦૬ના દિવસે સમિતિની સભામાં હાજર ન હતાં તો હાજર હોવાની સહી કેવી રીતે બતાવવામાં આવી છે ?

(૩) તેઓશ્રીની સહી સિન્ડિકેટની તા. ૯–૨–૦૬ની સભા પછીના કયા દિવસે પાછલી તારીખમાં લેવામાં આવી ?

(ઝ) તા. ૯–૨–૦૬ન રોજની સિન્ડિકેટની સભાના ઠરાવ નં. ૬૯નો પાઠ બિડાણ સહિત આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૮૪ (ક) હાજી. શ્રી દિલીપ શાહને સસ્પેન્શન માટે દરેક મુદ્દા ઉપર સિન્ડિકેટ દ્વારા કોમેન્ટ આપવી અથવા શ્રી દિલીપ શાહ દ્વારા રજૂ કરવામાં આવેલી દરખાસ્ત સ્વીકારવી કે ના સ્વીકારવી તે અંગે યુનિવર્સિટી નિર્ણય કરી શકશે.

(ખ) હા, જીજી,

(ગ) (૧) આચાર્યશ્રી જી. પી. સનાઢય અને (૨) શ્રી મયૂરભાઈ ચૌહાણ

(ઘ) " હા જી "

(ચ) સમિતિના સભ્યોએ શ્રી દિલીપ શાહ એક બીજા સાથે ટેલીફોનિક ચર્ચા કરી સંમતિથી મિટીગો બોલાવી હતી.

(છ) (ચ) ને જોતા (છ)નો ઉત્તર આપવાનો રહેતો નથી.

(જ) (૧) તા. ૩–૨–૨૦૦૬ના રોજ ગેરહાજર. તા. ૯–૨–૨૦૦૬ના રોજ હાજર.

(૨) તા. ૩–૨–૨૦૦૬ના રોજ ટેલિફોનથી સંમતી લીધેલ હોય, પાછળથી સહિ કરેલ હતી.

(૩) તેમની સહી નીચે તારીખ દર્શાવેલ નથી.

(ઝ) સભાના સમયે ટેબલ પર રજૂ કરવામાં આવેલ હતો.

પ્રશ્નઃ ૮૫ (અ) સિન્ડિકેટની તા. ૯–૨–૨૦૦૬ની સભાના ઠરાવ નં. ૬૯ મુજબ યુનિવર્સિટીના વકીલે સમાધાનની દરખાસ્ત નામદાર ટ્રિબ્યુનલ સમક્ષ રજૂ કરી હતી ?

(૧) જવાબ જો 'હા' હોય તો કઈ તારીખે ?

(૨) આ બાબતે તેમણે કોઈ અભિપ્રાય આપ્યો હોય તો તેની વિગત આપવા વિનંતી છે.

(૩) આ દરખાસ્ત સંબંધમાં નામદાર ટ્રિબ્યુનલે કોઈ હુકમ કર્યો હોય તો તેની નકલ આપવા વિનંતી.

(બ) યુનિ.ના એડવોકેટ તથા રજૂઆત અધિકારીએ તા.૧૧–૬–૨૦૦૫નારોજ લેખિતમા શ્રી શાહ સામેની ખાતાકિય તપાસના અધિકારી શ્રી સમક્ષ લેખીતમાં, તેની સામે શ્રી શાહે કરેલી અરજીઓ અને લીટીગેશનોમાં નિર્ણયો તેમની તરફેણમાં આવ્યાં બાદ કોઈ પ્રકારનો ઉલ્લેખ કરતી અરજી આપેલ હતી ? જો આપેલ હોય તો તેની નકલ આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૮૫ (અ) નાજી.

(બ) પ્રશ્ન અસ્પષ્ટ છે તેથી જવાબ આપવાનો રહેતો નથી.

પ્રશ્નઃ ૮૬ (ક) યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી દિલિપ સી. શાહની સ્વૈચ્છિક નિવૃત્તિ કે જેને યુનિવર્સિટીએ સ્વૈચ્છિક રાજીનામાનો ઉલ્લેખ કરી સિન્ડિકેટના તા.૨૫–૬–૨૦૦૫ ના ઠરાવની ઉપરવટ જઈ કર્યુ, તેમના સમાધાનકારી (સેટલમેંટ) દરખાસ્તના એગ્રિમેંટ વખતે તા. ૫–૫–૨૦૦૬ના રોજ કુલપતિશ્રીએ બોલાવેલ સભામાં હાજર રહેલ શહેરના પ્રતિષ્ઠિત તબીબો, ઉદ્યોગપતિઓ, સિન્ડિકેટ સભ્યો, પદાધિકારીઓ યુનિવર્સિટીના જુદા જુદા વહીવટી વિભાગના વડાઓના નામોની યાદી આપવા વિનંતી છે.

(ખ) પ્રસ્તુત તા. ૫–૫–૨૦૦૬ તથા ત્યારબાદ કુલપતિશ્રીની હાજરીમાં તા. ૨૯/૬/૦૬ તથા તા. ૧૦–૧૦–૦૬ની સભામાં હાજર રહેલ તમામ વ્યકિતઓના નામો તે ત્રણેય સભામાં થયેલ નિર્ણયની નોંધ તથા કાર્યવાહીની નકલ આપવા વિનંતી છે.

(ગ) 'ખ' માં જણાવેલ ત્રણેય સભામાં લેવાયેલ નિર્ણયની નોંધ કે કાર્યવાહી લખવામાં ન આવી હોય તો તે માટે જવાબદાર કોણ ? આ ન લખવા બાબતે ઉપરથી કોઈ સૂચના આપવામાં આવી હતી ?

(ઘ) જો પ્રસ્તુત ત્રણેય સભાના નિર્ણયોની નોંધ કે કાર્યવાહી ન લખાય હોય પરિણામે એગ્રીમેન્ટના પાલનમાં નિયમો આગળ ધરી પાછળથી તે બહાના હેઠળ ફરી જઈ શ્રી શાહને સ્વૈચ્છિક નિવૃત્તિના સભામાં નકકી થયેલ બોલી અને શરતો તથા આપેલ માહિતી મુજબ નાણાંકીય લાભો પુરેપુરા ન ચૂકવી લાખોનું આર્થિક નુકશાન યુનિવર્સિટીએ કર્યું છે તે માટે જવાબદાર કોણ ? એ થયેલ ભૂલ સુધારવા યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સત્તાધીશો એગ્રિમેન્ટ મુજબ રકમ ચૂકવી દઈ ભૂલ સુધારવા માંગે છે કે કેમ ? કયા કારણોસર પાછળથી ના પાડી રહ્યા છે ?

(ચ) તા. ૫–૫–૨૦૦૬ના રોજ કુલપતિશ્રીની ચેમ્બરમાં યુનિવર્સિટી અને શ્રી શાહ વચ્ચે સૌની હાજરીમાં થયેલ એગ્રિમેન્ટ પર 'નોટરી' તરીકે સહી કરનાર એડવોકેટ શ્રી હેમંત ટોપીવાલા તથા નિર્ણયમાં સિન્ડિકેટ સભ્ય તરીકે હાજર રહેલાં શ્રી હેમંતભાઈ ટોપીવાલા બંનેવ એકજ વ્યકિત છે કે અલગ અલગ ?

(છ) 'ચ' માં જણાવેલ એગ્રિમેન્ટ પર નોટરીના સહી સિકકા યુનિવર્સિટીમાં વી.સી.ની ચેમ્બરમાં ચોપડા લાવી કરવામાં આવેલ કે નોટરીની અધિકૃત ઓફિસમાં ? કેટલા વાગે કરવામાં આવેલ ?

ઉત્તરઃ ૮૬ (ક), (ખ) આવી સભા થઈ હોય તેવું યુનિવર્સિટીના રેકર્ડ પર જણાતું નથી.

(ગ) (ખ) નો જવાબ જોતા (ગ)નો ઉત્તર આપવાનો રહેતો નથી.

(ઘ) યુનિવર્સિટીએ કરેલ કરાર મુજબ રકમ ચુકવેલ હોય જવાબ આપવાનો રહેતો નથી.

(ચ) એક જ વ્યકિત છે.

(છ) યુનિવર્સિટીના રેકર્ડ પર આવી કોઈ માહિતી નથી.

પ્રશ્નઃ ૮૭ આપણી યુનિવર્સિટીમાં જુદા જુદા વિભાગોમાં ૧, ૩ કે ૫ વર્ષ માટે કોન્ટ્રાકટ કે કામચલાઉ ફિકસ્ડ કે ઉચ્ચક નિમાયેલ કર્મચારીઓનાં નામની યાદી તથા તેમને અપાતા રજા સહિતના લાભોની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૮૭ રાજય સરકારશ્રીની બોલીઓ અને શરતોને આધિન પાંચ વર્ષીય કોન્ટ્રાકટ પર ફીકસ પગારે નિમણૂંક કરેલ કર્મચારીઓની યાદી નીચે મુજબ છે. અને તેમને રાજય સરકારશ્રીની બોલીઓ અને શરતોને આધિન રજા સહિતના લાભો આપવામાં આવે છે.

૧.કુ.કલ્પના સી. તરીવાલા	૯. શ્રી.અલ્પેશકુમાર ડી. પટેલ	૧૭. શ્રી.મેહુલ એન. જોષી
૨.શ્રી.હિતેશકુમાર કે. પટેલ	૧૦. શ્રી.હિતેશ પી. પટેલ	૧૮. શ્રી.આકાશ એફ.ક્રિશ્ચિયન
૩.કુ.રીના કે. સુરતી	૧૧. શ્રી.ભરતકુમાર જે. પટેલ	૧૯. શ્રી.ભાવેશકુમાર એમ.પટેલ
૪.કુ.પ્રીતીબેન જે. પટેલ	૧૨. શ્રીમતી દેવલ જે. પટેલ	૨૦. શ્રી.વિજયકુમાર કે. પટેલ
૫.શ્રી.અરૂણકુમાર એમ. માસ્તર	૧૩. શ્રી.અશ્વિન ડી. કાપડીયા	૨૧. કુ.બીના એસ. પટેલ
૬.શ્રી.રવિભાઇ ડી. વળવી	૧૪. શ્રી.પંકજ એસ. ટંડેલ	૨૨. શ્રી.વિજય કે. વરીઆ
૭.શ્રી.દિનેશકુમાર વાય. શિંદે	૧૫. શ્રી. અશ્વિન કે. શંકર	૨૩ શ્રી મિત્તલ ડી. ઉપાધ્યાય-ઓડિટર
૮.શ્રી.કમલેશકુમાર એન. સગર	૧૬. શ્રી.સંદીપ બી. વાલેકર	૨૪. શ્રી જીમિત બી. મકવાણા-જુ.લાય.આસિ.

રજા સહિતના અન્ય લાભોના રાજય સરકારે કરેલ હુકમની નકલ ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૮૮ યુનિવર્સિટીમાં વર્ષોથી દૈનિક રોજ ૫૨ કામ ક૨તાં કર્મચારીઓ પૈકીના કોઈ કર્મચારીએ તેમના હક માટે કોર્ટમાં ગયા છે ? જો ગયા હોય તો તેની માહિતી આપવા વિનંતી છે.

ઉત્ત૨ઃ ૮૮ હાજી. મેટ૨ સબ જયુડિશ્યલ છે.

પ્રશ્નઃ ૮૯ યુનિવર્સિટીમાં હાલમાં ફ૨જ મૌકૂફી ૫૨ કયા કયા કર્મચારીઓને કે શિક્ષકોને કયા૨થી મૂકાયાં છે ? તેઓને અત્યા૨ સુધી દ૨ેકને કેટલો પગા૨ (નિર્વાહ ભથ્થા સહિત) ચૂકવવામાં આવ્યો ? આ કેસોનો નિકાલ લાવવા યુનિવર્સિટીએ કઈ કાર્યવાહી આજદિન સુધી ક૨ી છે ? હાલમાં આ કેસોની શું પ૨િસ્થિતિ છે ?

ઉત્ત૨ઃ ૮૯ ફ૨જમોકુફી હેઠળના કર્મચારીઓના નામ :

(૧) શ્રી એ.ટી.કાયસ્થ _ તા.૨૭/૧૦/૧૯૯૪
(૨) શ્રી દિપક એલ.વાઘેલા _ તા.૧/૭/૨૦૦૩.
(૩) શ્રી એન.સી.ઠાકો૨ _ તા.૩૦/૮/૨૦૦૬.
(૪) શ્રી નાનુભાઈ જોશી_ તા.૨૮/૨/૧૯૯૬
અત્યા૨ સુધી દ૨ેકને નિર્વાહ ભથ્થા નિયમાનુસા૨ ચૂકવવામાં આવે છે.
ક્રમાંકઃ (૨) અને (૩) ના કેસ સબ જયુડિશ્યલ છે.

પ્રશ્નઃ ૯૦ (ક) યુનિવર્સિટીના વહીવટી વિભાગ સહિતના તમામ વિભાગોમાં કુલ કેટલા કોમ્પ્યુટ૨ો છે ?
(ખ) તેમાના કેટલાં ચાલુ હાલતમાં છે ?
(ગ) કેટલાં બગડેલા કે બિનઉપયોગી પડેલાં છે ?
(ઘ) કેટલા લેપટોપ ખ૨ીદયાં છે ? તેનો ઉપયોગ કોણ ક૨ે છે ?

ઉત્ત૨ઃ ૯૦ (ક) થી (ઘ) નો ઉત્ત૨ નીચે મુજબ છે :

વિભાગ	કોમ્પ્યુટ૨ની સંખ્યા	પ્રિન્ટ૨ની સંખ્યા	યુ.પી.એસની સંખ્યા	સ્કેન૨ની સંખ્યા
કુલપતિશ્રી	૧(લેપટોપ) + ૧ ડેસ્ક સ્ટોપ = કુલ ૨	૧	-	(પ્રિન્ટ૨ સાથે એટેચ)
ઉપ કુલપતિશ્રી	૧ + ૧ = ૨ (૧ પ૨ીક્ષા વિભાગમાં છે.)	૧	-	(પ્રિન્ટ૨ સાથે એટેચ)
૨જીસ્ટા૨	૧ (હાલ સિન્ડિકેટમાં છે.)	૧+ ૧+ ૧= ૩	૧	-
	૧ (ઓલ ઈન વન કોમ્પ્યુટ૨ પ્રિન્ટ૨–જે પંડયા સાહેબના કાર્યાલયમાંથી, વી.સી.કાર્યાલય માં મુકવામાં આવેલ છે.) + ૧ (કિ૨ણ પંડયા સાહેબની સુચના અનુસા૨ કુલસચિવ કાર્યાલયનું પ્રિન્ટ૨ યુ.ક. અને શા શિ. વિભાગમાં મુકેલ છે.) ૨ + ૧ (હાલ સિન્ડિકેટમાં છે)= ૩			
પી.એ. ટુ ૨જીસ્ટા૨	૧	૧	૧	-
ઈ.ચા.પ૨ીક્ષા નિયામકશ્રી (ડો. વિપુલ સોમાણી)	૧	૧	૧	-
	જે હાલ પ૨ીક્ષાના કોમ્પ્યુટ૨ પુલમાં મુકેલ છે.			
ડીન, સી.ડી.સી.	૧	૧	૧	(પ્રિન્ટ૨ સાથે એટેચ)
ઈ.ચા.પ૨ીક્ષા નિયામકશ્રી	૧	૧	-	-
નાયબ ૨જીસ્ટા૨ (જન૨લ)	૧	૧	૧	-

ડેપ્યુટી રજીસ્ટાર (સિન્ડિકેટ, પી.જી., અનુસ્નાતક વિભાગો)	૧	૧	૧	૧
સી.ડી.સી. કાર્યાલય	૧	૧	૧	-
કુલસચિવશ્રીના અંગત મદદનીશ	૧	૧	૧	-
જનરલ / વહીવટી	૪	૨	૨	-
પી.જી. (અનુસ્નાતક વિભાગ)	૩	૨(સારા) + ૧(બગડેલા)	૩	-
એકેડેમિક	૩ (સારા) + ૧ (બગડેલા)	૧(સારા) + ૧(બગડેલા)	૨	-
યુવક કલ્યાણ અને શારિરીક શિક્ષણ	૧	૧	૧	-
લીગલ સેલ/ એસ.ટી./ એસ.સી. સેલ	૧	૧	૧	-
કુલપતિશ્રીના અંગત મદદનીશ	૧	૧	૧	-
ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ	૧	૧	૧	-
યુનિ. ગર્લ્સ હોસ્ટેલ	૧	૧	૧	-
હેલ્થ સેન્ટર	૧	-	-	-
ગ્રંથાલય વિભાગ	૩૪	૫	૫ (સારા) + ૧ (બગડેલા)	૩
ડી.બી.આઈ.એમ વિભાગ	૪૯(સારા) + ૯(બગડેલા) ૧૭ લેપટોપ	૨૧(સારા) + ૭ (બગડેલા)	૧૬(સારા) + ૫ (બગડેલા)	૨
સાયન્સ બિલ્ડીંગ	૧	૧	-	-
ફીઝીકસ	૩૪ (સારા) + ૪(બગડેલા)	૫	૧(સારા) + ૧(બગડેલા)	૧
ગણિતશાસ્ત્ર / આંકડાશાસ્ત્ર	૫૨	૪	૨	૧
પરીક્ષા વિભાગ	૩૬	૨૨	૧૧	૧
પરીક્ષા બાહય વિભાગ	૧	૧	૧	-
પરીક્ષા સુધારણા વિભાગ	૨	૧	૧(સારા)+ ૧ (બગડેલા)	-
અનુસ્નાતક વ્હીવટી સકુંલ	૧	૧	૧	-
અંગ્રેજી વિભાગ	૨૩(સારા) + ૨ (બગડેલા)	૨(સારા) + ૪(બગડેલા)	૧	-
કનૈયાલાલ મુનશી ચેર	૧	૧	૧	-
તુલનાત્મક સાહિત્ય	૧	૧	-	-

એજ્યુકેશન	૧૦	૧	૨	-
યુસિક વિભાગ	૧૯	૧(સારા) + ૨(બગડેલા)	૧	-
એકવેટીક બાયોલોજી	૨	૨	૨	-
કેમેસ્ટ્રી વિભાગ	૨૬	૬	૪	૨
બાયો સાયન્સ	૧૮	૫	૪	-
એમ.આર.એસ.	૨૯	૨	૫(સારા) + ૧ (બગડેલા)	૧
એમ.એસ.ડબલ્યુ	૧૯(સારા) + ૧(બગડેલા)	૩	૯(સારા) + ૧ (બગડેલા)	-
સમાજ વિજ્ઞાન ભવન	૧	૧	૧	-
અર્થશાસ્ત્ર વિભાગ	૫૫(સારા) + ૫ (બગડેલા)	૪(સારા) + ૧ (બગડેલા)	૨	(પ્રિન્ટર સાથે એટેચ)
પબ્લિક એડ્મીનીસ્ટ્રેશન	૨૩	૩	૧(સારા) + ૪(બગડેલા)	૨ (પ્રિન્ટર સાથે એટેચ)
એમ.એચ.આર.ડી/ એમ.એલ.ડબલ્યું	૩૬	૩	૧	૧(સારા) + ૧(બગડેલું) (પ્રિન્ટર સાથે એટેચ)
કોમ્પ્યુટર સાયન્સ વિભાગ	૧૨૨ સારા ૮૨(સારા) + ૪૫(બગડેલા) ૯ લેપટોપ	૭(સારા) + ૮(બગડેલા)	૨(સારા) + ૬(બગડેલા)	૧
સેનેટ / સિન્ડિકેટ	૬	૫(સારા) + ૨(બગડેલા)	૧	-
રવાનગી વિભાગ	૧	૧	૧	-
સી.ડી.સી.	૧	૧	૧	૧
બાંધકામ	૨	૨	૨	-
યુ.ક અને શા.શિ. ઈન્ટર ડિઝાઈન અને ફાઈન આર્ટસ	૫	-	-	-
કુલ સંખ્યા :–	૭૨૦(સારા) + ૬૭(બગડેલા)	૧૩૫ (સારા) + ૨૪(બગડેલા)	૧૦૨(સારા) + ૨૦ (બગડેલા)	૨૧(સારા) + ૧ (બગડેલા)

પ્રશ્ન: ૯૧ આપણી યુનિવર્સિટીના અગાઉના કુલપતિ મહોદયશ્રી પ્રેમકુમાર શારદાના વખતમાં તેમના ઉપયોગ માટે ખરીદેલ " લેપટોપ" નો હાલમાં કોણ ઉપયોગ કરે છે ?

ઉત્તર: ૯૧ હાલમાં વપરાશમાં નથી.

પ્રશ્ન: ૯૨ (ક) યુનિવર્સિટીએ પરીક્ષા સિવાયના અન્ય તમામ પ્રકારના કામો માટે (અનુસ્નાતક વિભાગો સહિતના) ભાડે કોન્ટ્રાકટ પર લીધેલ વાહનોમાં ભાડાં પેટે તા.૧–૪–૨૦૦૫ થી તા. ૩૧–૩–૦૬ તથા તા. ૧–૪–૦૬ થી તા. ૨૮–૨–૦૭ સુધી કેટલી રકમ કોન્ટ્રાકટરને ચૂકવી ?

(ખ) 'ક' માં જણાવેલ સમયગાળા માટે યુનિવર્સિટીએ પરીક્ષા વિભાગની તમામ કામગીરી માટે ભાડે કોન્ટ્રાકટ પર રાખેલ વાહનોનાં ભાડા પેટે કોન્ટ્રાકટરને કુલ કેટલી રકમ ચૂકવી ? કેટલી ચૂકવવાની બાકી છે ?

ઉત્તર: ૯૨ (ક) યુનિવર્સિટી દ્વારા ચુકવાયેલ વાહન ભાડાની રકમની વર્ષવાર માહિતી.
(પરીક્ષા સિવાયના કામ માટે)

વર્ષ	રકમ (રૂા.)
૨૦૦૫-૨૦૦૬	રૂા.૪,૭૩,૩૧૫/-
૨૦૦૬-૨૦૦૭ (તા.૨૮-૨-૨૦૦૭ સુધી)	રૂા. ૯૧,૧૪૫/-

(ખ) : પરીક્ષા વિભાગની કામગીરી માટે વાહન ભાડાની ચુકવાયેલ રકમની વર્ષવાર માહિતી.

વર્ષ	રકમ (રૂા.)
૨૦૦૫-૨૦૦૬	રૂા.૧૬,૯૫,૬૩૫/-
૨૦૦૬-૨૦૦૭ (તા.૨૮-૨-૨૦૦૭ સુધી)	રૂા.૨૧,૪૦,૫૮૩/-

પ્રશ્ન: ૯૩ (અ) યુનિવર્સિટીના પરીક્ષા નિયામકશ્રી દિલિપ સી. શાહનું સ્વૈચ્છિક રાજીનામું સ્વીકાર્યા બાબતોનો યુનિવર્સિટીએ બહાર પાડેલ કાર્યાલય આદેશ પર કઈ તારીખ લખવામાં આવી છે?

(બ) કાર્યાલય આદેશ તારીખ વગરનો છે કે તારીખ સાથેનો ?

(ક) કઈ તારીખના કાર્યાલય આદેશથી સ્વૈચ્છિક રાજીનામું સ્વીકાર કરેલ છે ? તેની જાણ તેમને કરવામાં આવી છે ?

(ગ) જો તારીખ ન લખવામાં આવી હોય તો તે માટેનું કારણ જણાવવા વિનંતી છે.

(ઘ) આ તૈયાર કરનાર જવાબદાર અધિકારીનું નામ આપવા વિનંતી છે.

ઉત્તર: ૯૩ (અ) તા.૫/ ૫/ ૨૦૦૬.

(બ) તારીખ સાથેનો.

(ક) ઉપર 'અ' મુજબ.

(ગ) ઉત્તર 'અ'ના સંદર્ભમાં પ્રત્યુત્તર આપવાનો રહેતો નથી.

(ઘ) પ્રશ્ન અસ્પષ્ટ છે જવાબ આપવાની જરૂર નથી.

પ્રશ્ન: ૯૪ આપણી યુનિવર્સિટીમાંથી

(ક) જુન–૨૦૦૭ તથા ઓકટોબર–૨૦૦૭માં વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર બિન–શૈક્ષણિક કર્મચારીઓના નામો આપવા વિનંતી છે.

(ખ) જુન–૨૦૦૮ તથા ઓકટોબર–૨૦૦૮માં વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર બિન–શૈક્ષણિક કર્મચારીઓના નામો આપવા વિનંતી છે ?

(ગ) વર્ષ–૨૦૦૭ તથા વર્ષ–૨૦૦૮ની સાલમાં યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં હેડસ કયારે કઈ તારીખે ૬૨ વર્ષ પુરાં કરે છે તેમજ આ બંને વર્ષમાં વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના શિક્ષકોના નામોની યાદી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૯૪ (ક) ૧૪–જુન–૨૦૦૭ તથા ૩૧–ઓકટોબર–૨૦૦૭માં વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર બિન–શૈક્ષણિક કર્મચારીઓના નામો નીચે મુજબ છે.

ક્રમ	કર્મચારીનું નામ	ક્રમ	કર્મચારીનું નામ
	તા.૧૪–૬–૨૦૦૭ના રોજ નિવૃત્ત		તા.૩૧–૧૦–૨૦૦૭ના રોજ નિવૃત્ત
૧.	શ્રી બી.સી. દેસાઈ	૧૧	શ્રી જે.એચ. રાઠોડ
૨.	શ્રી બી.એન. વાઘેલા	૧૨	શ્રી દલપત બી. પટેલ
૩.	શ્રી એન.બી. પટેલ	૧૩	શ્રી રમણ કે. પટેલ
૪.	શ્રી એ.આર. સોલંકી	૧૪	શ્રી મોહન જી. પટેલ
૫.	શ્રી કે.એન. મહેતા	૧૫	શ્રી એસ.એમ. રાઠોડ
૬.	શ્રી . આર. આર. નાયક	૧૬	શ્રી.એસ.સી. મારફતીયા
૭.	શ્રીમતી ડી.એસ.ભટ્ટ	૧૭.	શ્રી એસ.જી. જેરોલ્ડ
૮.	શ્રી એમ.એમ. હકીમ	૧૮.	શ્રી બી.સી. સોલંકી
૯.	શ્રી એ.બી. ચૌહાણ	૧૯.	શ્રી ડી.બી. લેકીનવાલા
૧૦.	શ્રી બી.એચ. પારેખ	૨૦.	શ્રી બાબુભાઈ આર. પટેલ
		૨૧.	શ્રી મહીજી એન. સોલંકી

(ખ) ૧૪–જુન–૨૦૦૮ તથા ૩૧–ઓકટોબર–૨૦૦૮માં વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર બિન–શૈક્ષણિક કર્મચારીઓના નામો નીચે મુજબ છે.

ક્રમ	કર્મચારીનું નામ	ક્રમ	કર્મચારીનું નામ
	તા.૧૪–૬–૨૦૦૮ના રોજ નિવૃત્ત		તા.૩૧–૧૦–૨૦૦૮ના રોજ નિવૃત્ત
૧.	શ્રી પી.એન. નાણાંવટી	૧૦	શ્રી પી.આઈ.દેસાઈ
૨.	શ્રી પી.જી. મૈસુરીયા	૧૧	શ્રી કે.કે. શાહ
૩.	શ્રી આર.એન.દેસાઈ	૧૨	શ્રી એફ.બી. પટેલ
૪.	શ્રી દલપત એન. પટેલ	૧૩	શ્રી આર.સી. સુરતી
૫.	શ્રી એસ.જે. પટેલ		
૬.	શ્રી કાશીનાથ એચ. સોલંકી		
૭.	શ્રી ડી.વી. રાઠોડ		
૮.	શ્રી એ.જી. શેખ		
૯.	શ્રી આર.યુ. પટેલ		

(ગ) વર્ષ–૨૦૦૭ તથા વર્ષ–૨૦૦૮ની સાલમાં યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં હેડસ કયારે કઈ તારીખે ૬૨ વર્ષ પુરાં કરે છે તેમજ આ બંને વર્ષમાં વયમર્યાદાના કારણે નિવૃત્ત થનાર યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના શિક્ષકોના નામોની યાદી આપવા વિનંતી છે.

વર્ષ - ૨૦૦૭

ક્રમ	ડિપાર્ટમેન્ટ હેડ	નિવૃત્તિ તારીખ	ક્રમ	ડિપાર્ટમેન્ટના શિક્ષકો	નિવૃત્તિ તારીખ
૧	ડૉ.બી.વી.આચાર્ય	૯/૩/૨૦૦૭	૧	ડૉ.એ.એસ.અબાણી	૩/૫/૨૦૦૭
૨	ડૉ.સવિતા ગૌડ	૩/૪/૨૦૦૭			
૩	ડૉ.સતેન્દ્રકુમાર	૭/૮/૨૦૦૭			

વર્ષ - ૨૦૦૮

ક્રમ	ડિપાર્ટમેન્ટ હેડ	નિવૃત્તિ તારીખ	ક્રમ	ડિપાર્ટમેન્ટના શિક્ષકો	નિવૃત્તિ તારીખ
૧	ડૉ.કે.આર.દેસાઈ	૨૦/૯/૨૦૦૮	૧	ડૉ.પી.કે.ભટ્ટ	૨૯/૮/૨૦૦૮
૨	ડૉ.ડી.આર.શાહ	૧૩/૧૨/૨૦૦૮	૨	ડૉ.ટી.એન.નાગર	૫/૧૧/૨૦૦૮
			૩	ડૉ.કે.કે.દેસાઈ	૨/૬/૨૦૦૮

પ્રશ્નઃ ૯૫ (ક) આપણી યુનિવર્સિટીનું 'પરીક્ષા સુધારણા એકમ' હાલમાં કાર્યરત છે ? સદર વિભાગ જે હેતુ માટે ઉભો કરવામાં આવ્યો હતો તે પ્રવૃતિઓ/ હેતુ આ વિભાગ દ્વારા હાલમાં કરવામાં આવે છે ?

(ખ) યુનિવર્સિટીનું પરીક્ષા સુધારણા એકમ હાલમાં સ્વતંત્ર એકમ હેઠળ કામ કરે છે ? કે પરીક્ષા વિભાગ હેઠળ કામગીરી બજાવે છે ?

(ગ) સદર એકમ હાલમાં કઈકઈ કામગીરીઓ બજાવે છે ?

(ઘ) પરીક્ષા સુધારણા એકમ હેઠળ નિમાયેલાં કર્મચારીઓના નામો આપવા વિનંતી છે.

(ચ) આ કર્મચારીઓને દર માસે ચૂકવાતાં પગાર પેટે કોઈ અલગ અનુદાન પ્રાપ્ત થાય છે?

(છ) આ કર્મચારીઓના પગાર ખર્ચ હાલમાં કયા મથાળા (હેડ) હેઠળ કઈ મળતી આવક હેઠળ પાડવામાં આવે છે ?

ઉત્તરઃ ૯૫ (ક) હાજી.

(ખ) પરીક્ષા વિભાગ હેઠળ.

(ગ) પરીક્ષા સુધારણા ઉપરાંત રી-એસેસમેન્ટ.

(ઘ) શ્રી એન.જે.સુરતી.

(ચ) નાજી.

(છ) રાજય સરકારની અનુદાન ગ્રાંટમાંથી.

પ્રશ્નઃ ૯૬ સુરતની SVNIT જે ડીમ્ડ યુનિવર્સિટી છે. તે અગાઉ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે S.V.R. એન્જિનિયરીગ કોલેજ તરીકે સંલગ્ન હતી ત્યારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એન્જિનીયરીગ ફેકલ્ટીના યુનિવર્સિટી પરીક્ષાના તમામ પરિણામો P.D.D.C. તેમજ પુનઃ મૂલ્યાંકન સહિતના આ કોલેજમાં વર્ષો સુધી તૈયાર કરાવવામાં આવતાં હતાં આ કોમ્પ્યુટર પર તૈયાર કરેલ તમામ વર્ષોના તમામ પરીક્ષાઓના પરિણામોની "સીડી" યુનિવર્સિટીને પ્રાપ્ત થયેલ છે ? જો થયેલ હોય તો હાલમાં કોના કબજા હેઠળ છે ?

ઉત્તરઃ ૯૬ નાજી.

પ્રશ્નઃ ૯૭ (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી નવી અસ્તિત્વમાં આવેલ " મેનેજમેન્ટ ફેકલ્ટી " કઈ તારીખથી વિધિવત કામ કરતી થઈ ?

(ખ) આ ફેકલ્ટીના હાલમાં ' ડીન ' કોણ છે ? કઈ તારીખથી તેઓ ડીન તરીકેની કામગીરી સંભાળે છે ? તેમની ચૂંટણી કઈ તારીખે થઈ ?

(ગ) આ નવી અસ્તિત્વમાં આવેલ મેનેજમેન્ટ ફેકલ્ટી હેઠળ નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગ તથા નોંધાયેલા શિક્ષકોના મતદાર વિભાગ હેઠળના સેનેટની સભા પરના પ્રતિનિધિની ચૂંટણી કરવામાં આવી છે ? જવાબ જો ' હા ' હોય તો તે પ્રતિનિધિઓના નામો આપવા વિનંતી છે ? જવાબ જો 'ના' હોય તો યુનિવર્સિટીના કયા એકટ અને સ્ટેટયૂટ હેઠળ આજદિન સુધી આ ચૂંટણી કરવામાં આવી નથી ? આ માટે જવાબદાર કોણ ?

ઉત્તરઃ ૯૭ (ક) મેનેજમેન્ટ ફેકલ્ટી તા. ૮–૭–૨૦૦૩ના વર્ષથી અસ્તિત્વમાં આવી હતી.

(ખ) આ ફેકલ્ટીમાં હાલના ડૉ. સતેન્દ્રકુમાર ડીન છે. ફેકલ્ટીના ડીન તરીકેની કામગીરી તા.૧–૮–૨૦૦૬ થી સંભાળે છે. તા. ૨૪–૭–૨૦૦૬ના રોજ ચૂંટણી હતી.

(ગ) કોમર્સ ફેકલ્ટી માંથી મેનેજમેન્ટ ફેકલ્ટી છૂટી પાડવી સંભવ ન હોય જે તે સમયે ચૂંટણી કરેલ ન હતી. જવાબદારીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્નઃ ૯૮ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં એન્જિનીયરીંગ ફેકલ્ટીના ડીન અને અધર ધેન ડીનની ચૂંટણી કરવામાં આવી ત્યારે તે સમયે/ દિવસે સુરતની સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનીયરીંગ અને ભરૂચની સદ્‌વિદ્યા મંડળ ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી વિધિવત "Affiliation" યુનિવર્સિટી સાથે ધરાવતાં હતા ?

જો જવાબ "ના" હોય તો યુનિવર્સિટીના એકટ અને સ્ટેટયૂટની જોગવાઈ મુજબ આ ચૂંટણી કાનૂની રીતે કાયદેસર કરે છે ? જવાબ જો 'ના' હોય તો તેઓ ડીન તરીકે કાયદેસર તેમની ફરજો બજાવી શકે ?

ઉત્તરઃ ૯૮ હાજી.

પ્રશ્નઃ ૯૯ (૧) Medical Council of India (M.C.I.) પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું હાલમાં પ્રતિનિધિત્વ કરતાં પ્રતિનિધિત્વનું નામ આપવા વિનંતી છે.

(૨) તેઓની નિમણૂક/ ચૂંટણી થયા બાદ રાજયસરકાર કે અન્ય અધિકૃત સરકારી ઓફિસ કે વિભાગ કે કોઈ અદાલત દ્વારા તેમને તેમની ફરજ ન બજાવવાની જાણ કરતો પત્ર કે મનાઈ હુકમ દ્વારા રોક લગાવવામાં આવી છે ? કે યુનિવર્સિટીને લખવામાં આવ્યો છે ? ઉપરોકત બાબતના પત્રવ્યવહારની નકલો આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૯૯ (૧) હાલ કોઈ પ્રતિનિધિત્વ નથી.

(૨) પ્રશ્ન અસ્પષ્ટ હોય જવાબ આપવાનો રહેતો નથી.

પ્રશ્નઃ ૧૦૦ (ક) ભારતીય બંધારણ મુજબ બનેલા Right to Information Act સર્વોપરી છે કે રાજયસરકારના યુનિવર્સિટી કાયદા હેઠળનો બનેલો સ્ટેટયૂટ–૩૬ જો RTI Act સર્વોપરી હોય તો યુનિવર્સિટીમાં સેનેટ સભ્યો દ્વારા પૂછવામાં આવતાં સેનેટની સભા વખતના પ્રશ્નોના શા કારણે સ્ટેટયૂટ–૩૬ ના ઓથા હેઠળ જવાબો આપવામાં આવતાં નથી ?

(ખ) શું રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટનો ભંગ કરવાથી ફોજદારી ગુનો કે કોઈ સજાપાત્ર ગુનો બને છે ?

(ગ) વર્ષઃ ૨૦૦૭ની વાર્ષિક સેનેટની સભામાં RTI Act ને ધ્યાનમાં રાખી પ્રશ્નોના ઉત્તરો આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૧૦૦ (ક) RTI Act અંતર્ગત પૂછવામાં આવતા તે RTI Act અંતર્ગતની જોગવાઈઓ અનુસાર આપવામાં આવે છે તથા સેનેટમાં પૂછવામાં આવતા પ્રશ્નોના જવાબો એકટ/ સ્ટેટયૂટની જોગવાઈઓ અનુસાર આપવામાં આવે છે.

(ખ) હાજી.

(ગ) પ્રશ્ન (ક) નો ઉત્તર જોતા (ગ) ઉત્તર આપવાનો રહેતો નથી.

પ્રશ્ન: ૧૦૧ (A) સેનેટ સભ્યો દ્વારા સેનેટ સમક્ષ માહિતી રજૂ કરવા માટે પૂછાતા પ્રશ્નોના જવાબો રૂપી માહિતી યુનિવર્સિટી એકટ/ સ્ટેટયૂટ દ્વારા તેમને અપાયેલા અધિકારને કારણે આપવામાં આવે છે કે અન્ય કારણોસર તેવા જવાબો આપવામાં આવે છે તેની માહિતી આપવા વિનંતી.

(B) કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલા કાયદાકીય અધિકાર અનુસાર પણ સેનેટ સભ્યોને માહિતી આપવી ફરજિયાત છે ત્યારે રાજય સરકારના કાયદાથી સ્થપાયેલી યુનિવર્સિટી દ્વારા બનેલા સ્ટેચ્યુટ–૩૬ અનુસાર તે જ માહિતી આપવી મરજિયાત છે કે ફરજીયાત તેની સ્પષ્ટતા કરતી માહિતી આપવા વિનંતી છે. સ્ટેચ્યુટ–૩૬ દ્વારા કુલપતિશ્રીને પ્રશ્ન અમાન્ય કરવાની સત્તા પ્રાપ્ત થઈ છે પરંતુ પ્રશ્ન પુછાયો જ ન હોય અને માત્ર માહિતી આપવાની વિનંતી કરવામાં આવી હોય ત્યારે તેવી વિનંતીનો અસ્વીકાર કરવાની સત્તા કુલપતિશ્રીને સ્ટેટયૂટ–૩૬ માં મળી છે કે નહિ તેની સ્પષ્ટતા કરતી માહિતી આપવા વિનંતી.

(C) યુનિવર્સિટીએ ભારતીય નાગરીકને માહિતી અધિનિયમ અનુસાર આપવામાં આવેલ જાહેર સંસ્થા પાસેથી માહિતી મેળવવાના અધિકારનો સ્વીકાર કર્યો છે અને યુનિવર્સિટીને લગતી તમામ માહિતી સેનેટ સભ્યો સહિત જાહેર જનતાને વહેલામાં વહેલી તકે ઉપલબ્ધ કરે છે એ હકીકત સાચી છે ? આ અધિનિયમ અનુસાર માહિતી આપવા માટે યુનિવર્સિટી વધુમાં વધુ કેટલા દિવસોનો સમય માંગી શકે છે ?

(D) જો પ્રશ્ન (C) નો જવાબ 'હા' હોય તો માહિતી અધિનિયમની જોગવાઈ છતા યુનિવર્સિટી તેના સ્ટેટયૂટ–૩૬ ના સંદર્ભમાં એવી જોગવાઈ સેનેટને આપવાની માહિતીના સંદર્ભમાં લાગુ પડતી નથી તેવી સ્પષ્ટતા કરતો પરિપત્ર યુનિવર્સિટીએ સેનેટ સભ્યોને મોકલ્યો છે ?

(E) માહિતી અધિનિયમ અને યુનિવર્સિટીના સ્ટેટયૂટ–૩૬ના સંદર્ભમાં એવો પરિપત્ર મોકલવો કે નહિ તે માટેની સ્પષ્ટતા યુનિવર્સિટીએ, યુનિવર્સિટી ધારાની કલમ–૫૯ અન્વયે રાજય સરકાર પાસેથી મેળવવા માટે પત્ર લખ્યો છે ? જો એવો પત્ર લખ્યો હોય તો તેની નકલ બિડાણ તરીકે સેનેટ સભ્યોને મોકલવા વિનંતી છે આ બાબતે રાજય સરકારે કોઈ સ્પષ્ટતા કરતો નિર્ણય આપ્યો હોય તો તે તેની નકલ પણ સેનેટ સભ્યોને બિડાણ તરીકે ઉપલબ્ધ કરવા વિનંતી છે.

ઉત્તર: ૧૦૧ (A) એકટ/ સ્ટેટયુટ અંતર્ગત મળેલા અધિકારને કારણે.

(B) RTI Act અંતર્ગત પૂછવામાં આવતા પ્રશ્નોના જવાબ RTI Act ની જોગવાઈ અંતર્ગત આપવામાં આવે છે. સેનેટમાં પૂછવામાં આવતા પ્રશ્નોના જવાબ યુનિવર્સિટી એકટ/ સ્ટેટયૂટની જોગવાઈ અનુસાર આપવામાં આવે છે. મા.કુલપતિશ્રી માહિતી અંગેનો જવાબ Statute : 36 (2) માં દર્શાવેલ જોગવાઈ અંતર્ગત જવાબ આપવા કે ન આપવા અધિકાર ધરાવે છે.

(C) હાજી, RTI Act ની જોગવાઈ મુજબ.

(D) નાજી.

(E) નાજી.

પ્રશ્નઃ ૧૦૨ (A) યુનિવર્સિટીની AC/BUT/Faculty ને યુનિવર્સિટીના ઓર્ડિનન્સ/ સ્ટેટયૂટ/ એકટની જોગવાઈનો ભંગ થાય તેવા રૂલ્સ/ રેગ્યુલેશન બનાવવાનો અધિકાર છે કે નહિ તેની માહિતી આપવા વિનંતી છે.

(B) યુનિવર્સિટીની સિન્ડિકેટને યુનિવર્સિટીના સ્ટેટયૂટ/ એકટની કોઈ જોગવાઈનો ભંગ થાય તેવો ઓર્ડિનન્સ બનાવવાનો અધિકાર છે કે નહિ તેની માહિતી આપવા વિનંતી છે.

(C) યુનિવર્સિટીની સેનેટને એકટની કોઈ જોગવાઈનો ભંગ થાય તેવો સ્ટેટયૂટ બનાવવાનો અધિકાર છે કે નહિ તેની માહિતી આપવા વિનંતી.

(D) યુનિવર્સિટીના એકટની કોઈ કલમ રાજય/ કેન્દ્ર સરકારના કોઈ કાયદાની કલમનો ભંગ થાય તેવી હોઈ શકે કે નહી તેની માહિતી આપવા વિનંતી છે.

(E) યુનિવર્સિટીનો કોઈ સ્ટેટયૂટ રાજય/ કેન્દ્ર સરકાર દ્વારા તેના નાગરીકોને અપાયેલા મૂળભૂત અધિકાર છિનવે તેવા હોઈ શકે ? જો એવો સ્ટેટયૂટ અસ્તિત્વમાં હોય તો તે આપો આપ રદ થાય કે નહી તેની માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૧૦૨ (A), (B), (C), (D), (E) નાજી.

પ્રશ્નઃ ૧૦૩ યુનિવર્સિટીના પરિપત્ર ક્રમાંકઃ પીજી/પીએચ.ડી./ ૨જી/૧૨૧૮૬/ ૨૦૦૬ તા.૩૦–૧૧–૨૦૦૬ના બિડાણ–૧માં O.Ph.D.I (I) (7) (i) માં જણાવ્યા અનુસાર Ph.D. Degree માટે રજીસ્ટ્રેશન કરાવતા પહેલાં ઉમેદવારે સંશોધન પ્રસ્તાવ તૈયાર કરી યુનિવર્સિટીને આપવાનો રહેશે અને DRSC સમક્ષ આ પ્રસ્તાવની સેમિનાર રૂપે રજૂઆત કરવાની રહેશે. પરિપત્રમાં જણાવ્યા અનુસાર આ બાબત B.U.T.ની તા.૨–૯–૨૦૦૬ની સભામાં ચર્ચામાં લેવામાં આવી હતી. એકેડેમિક કાઉન્સિલની તા.૫–૧૦–૨૦૦૬ની સભામાં ચર્ચામાં લેવામાં આવી હતી તથા સિન્ડિકેટની તા.૧૭–૧૦–૨૦૦૬ની સભામાં ચર્ચામાં લેવામાં આવી હતી. તે સંદર્ભમાં નીચેની માહિતી આપવા વિનંતી છે.

(A) ઓર્ડિનન્સમાં થયેલા આ સુધારા પહેલાં ખાસ કરીને વિજ્ઞાનના વિષયોમાં ગુપ્તતાને લગતા ઉમેદવારના હિતને ધ્યાનમાં લઈ ઉમેદવારની સંશોધનની પદવી માટે રજીસ્ટ્રેશનની બાબતે નિર્ણય કરવાની બાબત માત્ર ને માત્ર માર્ગદર્શકની વિવેક બુધ્ધિ પર છોડી દેવામાં આવતી હતી તેથી સંશોધનને લગતી બાબતે આટલો મોટો ફેરફાર કરતા પહેલા કેવા કેવા કારણોસર પહેલાં એવી વ્યવસ્થા રાખવામાં આવી હશે તે બાબતે ઊંડાણ પૂર્વક વિચાર કરવા માટે BUT ના કોઈ સભ્યોએ, AC ના કોઈ સભ્યોએ કે સિન્ડિકેટના કોઈ સભ્યો એ વિનંતી કરી હતી ? જો જવાબ ' હા' હોય તો જે તે સત્તા મંડળના જે તે સભ્યોના નામો આપવા વિનંતી છે. આ ત્રણમાંથી જે સત્તા મંડળમાં આ સુધારો મંજૂર કરવાનો નિર્ણય બહુમતીથી થયો હોય તે સત્તા મંડળોના નામો આપવા વિનંતી તથા કયા સત્તા મંડળમાં કેટલા વિરૂધ્ધ કેટલા મતોથી સુધારો પસાર થયો હતો તે માહિતી આપવા વિનંતી.

(B) ખાસ કરીને વિજ્ઞાન, ઈજનેરી, તબીબી જેવી વિદ્યાશાખાઓમાં શરૂઆતમાં સંશોધન વિષયની, સંપૂર્ણ રૂપરેખા તૈયાર કરવી શકય હોતી નથી તેથી અથવા જયારે શકય હોય ત્યારે ગોપનીયતાની દ્રષ્ટિએ અને વિષયની ઉઠાતરી થવાની સંભાવનાને કારણે અથવા લેખિત પ્રસ્તાવમાંથી કે તેની રજૂઆતમાંથી 'hints' મળવાથી જ તજજ્ઞોને નવાજ સંશોધનની દિશા મળી જવાથી સંશોધનકારને કદી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થવાનો કે કારર્કિદીને ગંભીર નુકશાન થવાનો હંમેશા ભય રહે છે એવા કોઈક કારણો બાબતે ધ્યાન ખેંચીને ઉપરોકત માના કોઈ સત્તા મંડળના સભ્યોએ ચોકકસ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને રજીસ્ટ્રેશન માટેની આ શરતમાંથી મુકતી આપવાનો અને તે વિદ્યાશાખાઓ માટે જુનો નિયમ ચાલુ રાખવા માટેની આ શરતમાંથી મુકતી આપવાનો અને તે વિદ્યાશાખાઓ માટે જુનો નિયમ ચાલુ રાખવા માટેની વિનંતી/આગ્રહ કર્યો હતો ? જો જવાબ 'હા' હોય તો કયા સત્તામંડળના કયા સભ્યએ આવી રજૂઆત સાથે વિનંતી કરી હતી તે સભ્યોના અને સત્તામંડળના નામોની માહિતી આપવા વિનંતી.

(C) ઉપરોકત સુધારા પછી આ માંથી કેટલા ઉમેદવારોએ સંશોધન પ્રસ્તાવ તૈયાર કરી DRSC સમક્ષ તેની રજૂઆત કરી છે તેની વિષય વાર માહિતી આપવા વિનંતી.

(D) ઉપરોકત સુધારા પહેલા ભૂતકાળમાં, ખાસ કરીને વિજ્ઞાન વિદ્યાશાખામાં Core-Science Subject માં, સંશોધનની ડીગ્રી માટે રજીસ્ટ્રેશન કરાવતી વખતે સંશોધન વિષયનું શિર્ષક આપવુ ફરજીયાત ન હતું તે હકીકત સાચી છે ?

(E) ચોકકસ શિર્ષક સાથે રજીસ્ટ્રેશન થયા પછી જરૂર જણાય તો માર્ગદર્શકની સંમતિથી શિર્ષક બદલવાની મંજૂરી ઉમેદવારને આપવામાં આવતી હતી તે હકીકત સાચી છે ?

(F) કોઈ ઉમેદવારે રજૂ કરેલ સંશોધન પ્રસ્તાવ મંજૂર થયા પછી અને ઉમેદવારનું રજીસ્ટ્રેશન થયા પછી તેણે સંશોધન વિષયનું શિર્ષક બદલવુ હોય, તેના પ્રસ્તાવમાં અનિવાર્ય ફેરફાર કરવો હોય તો તેણે નવેસરથી પ્રસ્તાવ રજૂ કરવાનો રહેશે? નવેસરથી DRSC સમક્ષ સેમીનારના સ્વરૂપમાં રજૂઆત કરવાની રહેશે? DRSC જો એવો ફેરફાર ના મંજૂર કરે તો તે સંજોગોમાં ઉમેદવારનું રજીસ્ટ્રેશન રદ થયેલુ ગણાશે ?

(G) હયુમનીટીઝ, સોશિયલ સાયન્સ, સાયન્સ, મેડીકલ, ઈજનેરી, કાનૂની, વાણિજય, મેનેજમેન્ટ વગેરે વિદ્યાપ્રવાહોમાં સંશોધનના સ્વરૂપોમાં રહેલા મૂળભૂત તફાવતોને ધ્યાનમાં લેતા દરેક પ્રવાહ માટે કે પ્રવાહોના સમૂહો માટે રજીસ્ટ્રેશન પૂર્વેની શરતો અલગ અલગ રાખવા માટે કોઈ સભ્યોએ BUT, AC કે સિન્ડિકેટમાં રજૂઆત કરી હતી કે નહી તેની માહિતી આપવા વિનંતી જો કોઈ સભ્યોએ એવી રજૂઆત કરી હોય તો તે સભ્યનું નામ તથા જે તે સત્તા મંડળના નામની માહિતી આપવા વિનંતી.

ઉત્તર: ૧૦૩ (A) AC/ BUTના કોઈ સભ્યોએ વિનંતી કરી હોઈ તેવુ યુનિવર્સિટીના રેકર્ડ પર નથી. તમામ સત્તા મંડળોમાં આ નિર્ણય સર્વાનુમત્તે થયેલ છે.

(B) નાજી.

(C) Statute: 36 (2) (i) (g) મુજબ ઉત્તર આપી શકાય નહી.

(D) થી (F) હાજી.

(G) આવી માહિતી રેકર્ડ પર નથી.

પ્રશ્ન: ૧૦૪ આપણી વી.ન. દ. ગુ. યુનિ.માં આગ કે શોટ સર્કિટ જેવા બનાવો બને તો તે અટકાવવા સલામતિના પગલાં તરીકે કઈ કઈ વ્યવસ્થા કરવામાં આવી છે ? કે અસ્તિત્વમાં છે ?

ઉત્તર: ૧૦૪ આપણી વી.ન. દ. ગુ. યુનિ.માં આગ કે શોટ સર્કિટ જેવા બનાવો બને તો તે અટકાવવા સલામતિના પગલાં તરીકે સંવેદનશીલ જગ્યાઓ જેવી કે સંવેદનશીલ લેબોરેટરીમાં, પરીક્ષા વિભાગમાં ફાયર એકસ્ટીગવીસલર્સ મુકવામાં આવેલ છે.

પ્રશ્ન: ૧૦૫ આગ હોલવવા ખરીદેલ ફાયર એસ્ટીનવેસર નિયમિત સર્વિસ કરી ટેસ્ટીગ કરવામાં આવે છે ? હાલમાં કયા કયા વિભાગોમાં કયાં કયાં ફાયર એસ્ટીનવેસર રાખવામાં આવેલ છે ? અને તેઓ ચાલુ હાલતમાં છે ?

ઉત્તર: ૧૦૫ હાજી, પરીક્ષા, લેબ, વિગેરે. હાજી.

પ્રશ્ન: ૧૦૬ (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું વર્ષ ૨૦૦૫–૨૦૦૬ તથા વર્ષ ૨૦૦૬–૨૦૦૭નું આજદિન સુધીનું માસિક વિજળી બિલની રકમ કેટલી આવે છે ? તેના પરથી માસિક વીજળી બીલની રકમ સરેરાશ કેટલી રહે છે ?

(ખ) યુનિ. કેમ્પસ પર રહેતાં સ્ટાફ પાસે વિજળી બિલની રકમ લેવામાં/ વસૂલવામાં આવે છે ? જો જવાબ ' હા ' હોય તો વર્ષ ૨૦૦૫–૨૦૦૬ અને ૨૦૦૬થી આજદિન સુધી વિજળી વપરાશની કેટલી રકમ વસૂલ કરવામાં આવી.

(ગ) યુનિ. કેમ્પસ પર કુલ કેટલાં કુટુંબો/ કર્મચારીઓ નિવાસ કરે છે ?

ઉત્તર: ૧૦૬ (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના વીજળી બિલના ખર્ચની માહિતી નીચે મુજબ છે.

વર્ષ	વીજળી બિલનો ખર્ચ (વાર્ષિક)	સરેરાશ ખર્ચ (માસિક)
૨૦૦૫–૨૦૦૬	રૂા. ૪૪,૯૩,૨૨૧/–	રૂા. ૩,૭૪,૪૩૫/–
૨૦૦૬–૨૦૦૭	રૂા. ૫૦,૩૪,૩૮૫/–	રૂા. ૪,૧૯,૫૩૨/–

(ખ) સ્ટાફ કવાર્ટર્સમાં સ્વતંત્ર મિટરનું બિલ આવતું હોઈ યુનિવર્સિટી કર્મચારી તેનુ પોતાનું બિલ ચુકવે છે.

(ગ) કુલ ૭૬ કર્મચારી પરિવારો નિવાસ કરે છે.

પ્રશ્ન: ૧૦૭ (૧) યુનિ. કેમ્પસ પર આવેલ વિવિધ મકાનોની પાણીની ટાંકીઓની નિયમિત અને વૈજ્ઞાનિક પધ્ધતિથી સફાઈ કરાવવામાં આવે છે?
વર્ષ ૨૦૦૫ થી વર્ષ ૨૦૦૭ આજદિન સુધામાં ટાંકી સફાઈ પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) છેલ્લે ટાંકીઓ કયારે સાફ કરવામાં આવી હતી ?

ઉત્તર: ૧૦૭ (૧) ૨૦૦૫–૨૦૦૬માં રૂા. ૬૪,૦૦૦/– અને ૨૦૦૬–૨૦૦૭માં રૂા. ૪૮,૦૦૦/–

(૨) ડિસેમ્બર / જાન્યુઆરી માસમાં ટાંકીઓ સાફ સફાઈ કરાવવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૦૮ આપણી યુનિ.માં કોન્ટ્રાકટ પધ્ધતિથી રોકવામાં આવેલ " સિકયુરીટી એજન્સીને " વર્ષ ૨૦૦૫–૨૦૦૬ અને વર્ષ ૨૦૦૬–૨૦૦૭ (આજદિન સુધી)માં કોન્ટ્રાકટ પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

ઉત્તરઃ ૧૦૮ યુનિવર્સિટીના સિકયોરીટી એજન્સીને ચુકવેલ રકમની વર્ષવાર માહિતી.

વિગત	૨૦૦૫-૨૦૦૬	૨૦૦૬-૨૦૦૭
અન્ય વિભાગનો ખર્ચ (પરીક્ષા વિભાગ સિવાય)	રૂા. ૯,૩૦,૧૧૫/-	રૂા. ૧૦,૭૮,૪૯૪/-
પરીક્ષા વિભાગનો ખર્ચ	રૂા. ---	રૂા. ૩,૦૬,૦૯૪/-

(**નોંધઃ** તા. ૫–૩–૨૦૦૭ સુધીના ખર્ચની વિગત છે.)

પ્રશ્નઃ ૧૦૯ વી. ન. દ. ગુ. યુનિ. કેમ્પસ ૫૨ના વિવિધ મકાનો સફાઈ માટે રાખેલ સફાઈ કોન્ટ્રાકટરને સફાઈ કોન્ટ્રાકટ પેટે વર્ષ ૨૦૦૫–૨૦૦૬ તથા વર્ષ ૨૦૦૬–૨૦૦૭ (આજદિન સુધી) દરમ્યાન કેટલી રકમ ચૂકવવામાં આવી ?

ઉત્તરઃ ૧૦૯ યુનિવર્સિટીના સફાઇ કોન્ટ્રાકટ પેટે ચુકવેલ રકમની વર્ષવાર માહિતી.

વર્ષ	રકમ (રૂા.)
૨૦૦૫-૨૦૦૬	રૂા.૬,૦૪,૬૬૭/-
૨૦૦૬-૨૦૦૭	રૂા.૬,૮૮,૭૦૦/-

(**નોંધઃ** તા. ૫–૩–૨૦૦૭ સુધીના ખર્ચની વિગત છે.)

પ્રશ્નઃ ૧૧૦ આપણી યુનિ.ના કેમ્પસ ૫૨ના યુનિ. ગેસ્ટહાઉસની વર્ષ ૨૦૦૫–૨૦૦૬ તથા વર્ષ ૨૦૦૬થી વર્ષ ૨૦૦૭ના આજદિન સુધી કેટલી આવક થઈ ?

ઉત્તરઃ ૧૧૦ યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસની આવકની વર્ષવાર માહિતી.

વર્ષ	રકમ (રૂા.)
૨૦૦૫-૨૦૦૬	રૂા.૯,૦૪૦/-
૨૦૦૬-૨૦૦૭	રૂા.૧૪,૩૩૦/-

(**નોંધઃ** તા. ૫–૩–૨૦૦૭ સુધીના ખર્ચની વિગત છે.)

પ્રશ્નઃ ૧૧૧ વી.ન.દ.ગુ. યુનિ.ના કયા કયા કર્મચારીઓને છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કયા કયા પ્રકારના વાહનો ખરીદવા કેટલી કેટલી રકમ દરેકને વાહન પેશગી તરીકે આપવામાં આવી ?

ઉત્તરઃ ૧૧૧ યુનિવર્સિટીના કર્મચારીઓને વાહન ખરીદવા માટે વાહન પેશગી આપવામાં આવતી નથી.

પ્રશ્નઃ ૧૧૨ (ક) વી.ન.દ.ગુ.યુનિ. દ્વારા ચલાવવામાં આવતાં લાયબ્રેરી સાયન્સના અનુસ્નાતક અભ્યાસક્રમ M.Lib.માં હાલમાં પૂર્ણ સમયના કેટલાં અધ્યાપકો નિમાયેલાં છે ?

(ખ) M.Lib.ના અભ્યાસક્રમમાં શૈક્ષણિક કાર્ય માટે આવતાં મુલાકાતી શિક્ષકોની વિગતો તથા તેમની શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતો આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૧૧૨ (ક) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં લાયબ્રેરી સાયન્સના અનુસ્નાતક અભ્યાસક્રમ M.Lib. સ્વનિર્ભર ધોરણે ચાલતો અભ્યાસક્રમ હોવાથી તેમાં પૂર્ણ સમયના અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવી નથી. સદરહુ અભ્યાસક્રમ ખંડ સમયનો હોય અને તે શનિવાર અને રવિવાર એમ અઠવાડિયામાં બે દિવસ ચાલતો હોવાથી કોઈ પૂર્ણ સમયનો અધ્યાપકની નિમણૂંક કરવામાં આવી નથી.

(ખ) M.Lib. ના અભ્યાસક્રમમાં શૈક્ષણિક કાર્ય માટે આવતાં મુલાકાતી શિક્ષકોના નામ, તેઓની શૈક્ષણિક લાયકાત તથા અનુભવની વિગત નીચે મુજબ છેઃ

ક્રમ	શિક્ષકનું નામ	શૈક્ષણિક લાયકાત	અનુભવની વિગત
૧.	શ્રી કે. એન. મહેતા	બી.એ., એમ.લીબ.	શે.વ.૨૦૦૨–૦૩થી
૨.	શ્રી આર. કે. દેસાઈ	બી.કોમ,એમ.એ,એમ. લીબ.	શે.વ.૨૦૦૬–૦૭થી
૩.	શ્રી એસ. એલ. ભટ્ટ	એમ. એ., એમ. લીબ.	શે.વ.૧૯૯૪–૯૫થી
૪.	શ્રી એન.એન. સોલંકી	બી.એ.,એલએલબી,એમ.લીબ.	શે.વ.૧૯૯૪–૯૫થી
૫.	ડૉ.(શ્રીમતી)આર.સી.ગાંધી	એમ.એ,એમ.લીબ,પીએચ. ડી.	શે.વ.૧૯૯૪–૯૫થી
૬.	ડૉ.(શ્રીમતી)એન.ટી.ઉદાણી	એમ.કોમ,એમ.લીબ,ડી.સી.એ.	શે.વ.૨૦૦૨–૦૩થી

પ્રશ્નઃ ૧૧૩ યુનિ. કેમ્પસ પર તાજેતરમાં નકામાં ઘાસ કચરાનો નિકાલ માટે સળગાવવાં જતાં વર્ષો જુના ઉગાડેલાં વૃક્ષોને પણ ઘણું નુકશાન થયું છે એ વાત સાચી છે.

ઉત્તરઃ ૧૧૩ હાજી. નજીવુ નુકશાન થયેલ છે.

પ્રશ્નઃ ૧૧૪ આપણી યુનિ. દ્વારા યોજાતાં વાર્ષિક પદવીદાન સમારંભ પાછળ મંડપ, સ્ટેજ, માઈક, લાઈટ, ડેકોરેશન વિગેરે પાછળ થતાં છેલ્લાં ત્રણ કોન્વોકેશન ફંકશનમાં થયેલ ખર્ચની વિગત આપવા વિનંતી. તે પૈકી મંડપ અને લાઈટ કોન્ટ્રાકટરને છેલ્લાં ત્રણ વર્ષમાં વર્ષ વાર કેટલી કેટલી રકમની ચૂકવણી કરવા આવી ?

ઉત્તરઃ ૧૧૪ કુલ ખર્ચ રૂા. ૨૮,૧૩,૧૧૯/– (છેલ્લા ત્રણ વર્ષ).

પ્રશ્નઃ ૧૧૫ આપણી યુનિ.માં ગ્રંથાલય તેમજ વિવિધ વિભાગો અને અધિકારીઓને ત્યાં આવતાં છાપાંની પસ્તીના છેલ્લાં બે વર્ષ દરમ્યાન તેનાં વેચાણમાંથી નિકાલ દ્વારા કેટલી કેટલી રકમ પ્રાપ્ત થઈ ?

ઉત્તરઃ ૧૧૫ વર્ષઃ ૨૦૦૫–૨૦૦૬ રૂા. ૩,૯૦,૪૧૪/–
વર્ષઃ ૨૦૦૬–૨૦૦૭ રૂા. ૧૭,૫૫૭/–

પ્રશ્નઃ ૧૧૬ (ક) આપણી યુનિ.ના કેમ્પસ આવેલ ચોથા વર્ગના કર્મચારીઓનાં નવા કવાર્ટસ તથા યુનિયન બેંક પાસે ઉધના – મગદલ્લા રોડ પર અડીને આવેલ કમ્પાઉન્ડ વોલ નમી જઈ તૂટી ગઈ છે તે વાત સાચી ?

(ખ) જવાબ જો ' હા ' હોય તો કેટલી રકમનું નૂકશાન થયું ?

(ગ) દિવાલ કયારે તૂટી ગઈ? કેટલો સમય થયો ?

(ઘ) કયા કોન્ટ્રાકટ મારફતે સદર તૂટી ગયેલ દિવાલ બનાવવામાં આવી હતી ?

(ચ) આવા તકલાદી બાંધકામ કરાવવા માટે જવાબદાર કોણ ?

ઉત્તરઃ ૧૧૬ (ક) હાજી,

(ખ) પ્રસ્તુત ઉત્તર પ્રશ્નઃ (૧) ના ઉત્તર હેઠળ આપવામાં આવ્યો છે.

(ગ) સુરતમાં આવેલ વિનાશક પુર (રેલ) દરમ્યાન દિવાલ નમી ગયેલ છે. જેને સાત માસનો સમયગાળો થયેલ છે.

(ઘ) સદર દિવાલ (કંમ્પાઉન્ડ વોલ) મે.નુતન કન્સ્ટ્રંકશન,સુરત પાસે બનાવવામાં આવી હતી.

(ચ) પ્રસ્તુત પ્રશ્ન અભિપ્રાયને લગતો છે.

પ્રશ્નઃ ૧૧૭ યુનિ. તેના વિવિધ વિભાગો અને સંલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓ, સ્ટાફ, ઇન્વેન્ટરી તેમજ અન્ય માહિતીઓની કેન્દ્રીય ધોરણે માહિતી મળી શકે તે માટે કોઈ વ્યવસ્થા કરવા વિચારે છે ?

ઉત્તરઃ ૧૧૭ હાજી.

પ્રશ્નઃ ૧૧૮ (ક) યુનિ.માં M.Sc. I.T., B.Sc. I.T. નાં અભ્યાસક્રમ શરૂ કર્યાના કેટલા વર્ષ થયાં ?

(ખ) આ વિભાગના પૂર્ણ સમયના ડાયરેકટર તરીકે હાલમાં કોણ કામ કરે છે ?

(ગ) તેમની નિમણૂંક કયારે કરવામાં આવી ?

(ઘ) જો પૂર્ણ સમયના ડાયરેકટર નિમાયાં ન હોય તો હાલમાં આ કામગીરી કોણ સંભાળે છે ?

(ચ) તેમને આ કામગીરી સંભાળવા માટે માસિક વધારાનું કેટલું વેતન ચૂકવવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૧૮ (ક) ૨૦૦૦–૨૦૦૧ (૬ વર્ષ).

(ખ) નાજી.

(ગ) નાજી.

(ઘ) શ્રી એસ. વી. પટેલ.

(ચ) રૂા.૨૦૦૦/– પ્રતિ માસ.

પ્રશ્નઃ ૧૧૯ (અ) યુનિ.ના B.Sc અને M.Sc. I.T. ના અભ્યાસક્રમમાં AICTE અને યુ.જી.સી.ના નોર્મ્સ મુજબ કેટલા પ્રોફેસર, રીડર, લેકચરરની જરૂર તાસ મુજબ પડે ?

(બ) હાલમાં કેટલાં નિમાયેલાં છે ?

(ક) આ વિભાગમાં મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કોણ કોણ ? અને કેટલી વ્યકિતઓ આવે છે ?

(ડ) આ વિભાગમાં ડાયરેકટરની જગ્યા કેટલા વર્ષથી " ઇન્ચાર્જ "તરીકે ચાલુ છે ?

ઉત્તર: ૧૧૯ (અ) થી (ઙ) સુધીના પ્રશ્નોના ઉત્તરો નીચે મુજબ છે.

(1) At J P Dawer Institute of Information Science & technology, the IT course is run as an integrated programme consisting of undergraduate and post graduate degrees. At present the structure being followed is of a college and hence as per UGC the posts have been approved are of lecturers. As per the following calculation we have requirement of 10 lecturers in computer subjects.

The theory workload of computer subjects is as follows: The workload calculated is for odd semester because it is higher than even semester load.

Semester	Number of subjects (a)	Number of divisions (b)	Hours/week (c)	Total hours/week a*b*c
1	5	2	4	40
3	5	2	4	40
5	5	2	4	40
7	4	1	4	16
9	4	1	4	16
ICT 1	4	1	4	16
ICT 2	4	1	4	16
			Total	184
Non computer subjects	3	2	4	-24
			Net load	160
			Load/lecturer	16
			Required teachers	10

For practical we made separate arrangement of 4 lab teachers, l programmer and l lab assistant to handle labs. In future, we nay appoint regular lecturers to replace temporary lab teachers.

(2) At the beginning of year we had 11 lecturers (3 earlier appointmnets + 7 newly appointed computer lecturers + 1 appointed for non computer subject). Due to the death of 1 lecturer, at present we have 9 lectures for computer subjects and 1 lecturer for non computer subjects. The deficiency is met with the help of a visiting lecturer.

(3) The visiting lecturers are:

1. Dr D M Patel, Ph D : To teach mathematics
2. Mr Nishant Patel, CA : To teach business systems
3. Ms Parul Patel, M Sc (IT) : To teach computer Subject

(4) Form 2000-2001

પ્રશ્નઃ ૧૨૦ (૧) આપણી યુનિ.ના કેમ્પસ પર યુનિયન બેંકની આજુબાજુની ઉઘના મગદલ્લા મેઈન રોડ પર આવેલ દુકાનોની સંખ્યા કેટલી ?

(૨) તેનુ બાંધકામ કઈ સાલમાં પુરું થયું ?

(૩) તે દુકાનોનું ભાડે આપવા કેટલી વખત જાહેરાત આપી ? તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

(૪) આ દુકાનો ભાડે ન આપવાના કારણો ? તથા ભાડે ન અપાવાથી ભાડાની આવક ગુમાવવા પેટે આજદિન સુધી કેટલી રકમ યુનિ. એ ગુમાવી ?

(૫) તે માટે જવાબદાર કોણ ?

ઉત્તરઃ ૧૨૦ (૧) આપણી યુનિ.ના કેમ્પસ પર યુનિયન બેંકની આજુબાજુની ઉઘના મગદલ્લા મેઈન રોડ પર આવેલ દુકાનોની સંખ્યા દસ (૧૦) છે.

(૨) તેનુ બાંધકામ ૨૦૦૪ સાલમાં પુરું થયું ?

(૩) આઠ વખત.

(૪) જાહેરાત આપવા છતાં આપણી શરતો પ્રમાણે ભાડુઆત ન મળવાથી કેટલી રકમ ગુમાવી તે નકકી ન કરી શકાય.

(૫) ક્રમાંકઃ (૪) ને અવલોકનમાં લેતા જવાબ આપવાનો રહેતો નથી.

પ્રશ્નઃ ૧૨૧ (૧) વિવિધ અદાલતોમાં યુનિવર્સિટી સામે થતાં કેસોમાં કેસો લડવા માટે એડવોકેટની નિમણૂક કોની મંજૂરીથી કરવામાં આવે છે ?

(૨) યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરની સત્તામાં ન આવતી મોટી રકમની ફી ની ચૂકવણી માટે જે તે અધિકાર મંડળની મંજુરી લેવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૨૧ (૧) કુલપતિશ્રીની મંજૂરીથી કરવામાં આવે છે.

(૨) જરૂર જણાય ત્યાં લેવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૨૨ (ક) યુનિવર્સિટીના પૂર્વ મુખ્ય હિસાબી અધિકારીશ્રી પી. પોપટને અજમાયસી સમય પૂરો થતાં પહેલા નોકરીમાંથી છૂટાં કરતાં તેમને અને/ અથવા યુનિવર્સિટીએ ગુજરાતની વડી અદાલતમાં કરેલ રીટ પીટીશન હાલમાં કયા તબકકામાં છે ? આ રીટ કયારે કરવામાં આવી ? આ સામે આપેલ મનાઈ હુકમની નકલ આપવા વિનંતી છે.

(ખ) શ્રી પોપટે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન ટ્રીબ્યુનલ માં યુનિવર્સિટીના છૂટા કરવાના નિર્ણય સામે કરેલ અરજી પર નામદાર ટ્રીબ્યુનલે આપેલ હુકમની નકલ આપવા વિનંતી છે.

(ગ) ગુજરાતની વડી અદાલતમાં શ્રી પોપટનાં કેસમાં આપેલ મનાઈ હુકમ હઠાવવા કે કોઈના ઝડપી નીકાલ લાવવા યુનિવર્સિટીએ આજદિન સુધી કયારે કયારે ? કઈ કાર્યવાહી કરી ?

(ઘ) આ મનાઈ હુકમ ન ઉઠાવવા પાછળ શ્રી રાજપૂતને મુખ્ય હિસાબી અધિકારી તરીકે બેસાડી દઈ–ચાલુ રહે તેવી કોઈ યોજના યુનિવર્સિટી વિચારી રહી છે કે યુનિવર્સિટીને તેમની આ એડહોક નિમણૂંક ચાલુ રહે તેમાં રસ છે ?

ઉત્તરઃ ૧૨૨ (ક) (ખ) સભાના સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

(ગ) કાર્યવાહી ચાલુ છે.

(ઘ) અભિપ્રાયનો પ્રશ્ન છે.

પ્રશ્નઃ ૧૨૩ શ્રી રાજપૂત આપણી યુનિવર્સિટીમાં મુખ્ય હિસાબી અધિકારીની જગા પર એડહોક તરીકે નિમાયા તે તારીખથી આજદિન સુધી કઈ કઈ સંસ્થાઓમાં અરજી યુનિવર્સિટી મારફતે મોકલી છે?

ઉત્તરઃ ૧૨૩ (૧) તા.૨-૧૧-૨૦૦૬ના પત્રથી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી - વેરાવળ ખાતે અરજી યુનિવર્સિટી મારફતે મોકલી છે.

(૨) તા.૬-૧૦-૨૦૦૪ ના પત્રથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે અરજી યુનિવર્સિટી મારફતે મોકલી છે.

પ્રશ્નઃ ૧૨૪ યુનિવર્સિટીમાં ગ્રંથપાલ ની જગા કઈ તારીખથી ખાલી છે ? તે જગા ભરવા યુનિવર્સિટીએ આજદિન સુધી ભરેલ પગલાની વિગતો આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૧૨૪ ગ્રંથપાલની જગા તા.૩૦-૬-૧૯૯૬ થી ખાલી છે. સમય સમયે જાહેરાતો આપવા છતાં યુ.જી.સી.ના લાયકાત ધોરણો મુજબ ઉમેદવાર ન મળવાથી ખાલી છે.

પ્રશ્નઃ ૧૨૫ (૧) યુનિવર્સિટીમાં નાયબકુલસચિવશ્રીની એક જગા પરીક્ષા નિયામકશ્રી ની એક જગા, મદદનીશ કુલસચિવશ્રીની બે જગા તથા મુખ્ય હિસાબી અધિકારીની એક જગા કયારથી ખાલી છે ?

(૨) તે જગાની કામગીરી હાલમાં કોણ કોણ સંભાળે છે ?

(૩) આ જગાઓનો ચાર્જ, ઈન્ચાર્જ, કાર્યકારી, કે એડહોકથી રાખવામાં આવ્યો છે ? દરેક જગાની અલગ અલગ માહિતી આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૧૨૫ (૧) નાયબ કુલસચિવ - ૨૩/૮/૨૦૦૬ થી.
(૧) મદદનીશ કુલસચિવ - ૩૧/૧૦/૨૦૦૫ થી.
(૨) મદદનીશ કુલસચિવ - ૧૪/૬/૨૦૦૬ થી.
પરીક્ષા નિયામક - ૬/૫/૨૦૦૬ થી.
મુખ્ય હિસાબી અધિકારીની નિમણૂંક એડહોક ધોરણે નામદાર હાઈકોર્ટના ચૂકાદાને આધિન કરેલ છે.

(૨) પરીક્ષા નિયામકની કામગીરી હાલમાં ડૉ. એ. એન. માલવીયા સંભાળે છે.

(૩) નાયબકુલસચિવ અને મદદનિશ કુલસચિવનો ચાર્જ કોઈને આપવામાં આવેલ નથી.

પ્રશ્નઃ ૧૨૬ યુનિવર્સિટી કેમ્પસ પર નવા બંધાતા નવા મકાનોના પ્લાન જે તે સક્ષમ સત્તાધીશો પાસે મંજૂર કરાવી, રજાચિઠ્ઠી મેળવી બાંધકામ હાથ ધરવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૨૬ યુનિવર્સિટી કેમ્પસ પર નવા બંધાતા નવા મકાનોના પ્લાન જે તે સક્ષમ સત્તાધીશો પાસે રજુ કરવામાં આવેલ છે અને મંજૂર કરાવી બાંધકામ હાથ ધરવામાં આવે છે.

પ્રશ્નઃ ૧૨૭ (૧) તાજેતરમાં સુરતમાં આવેલ વિનાશક પૂરના કારણે યુનિવર્સિટી કેમ્પસ પર આવેલ મકાનોને તેમજ માલસામાન, માલસામગ્રી કે ચીજવસ્તુઓને અંદાજે કેટલા રૂપિયાનું નૂકશાન થયું ?

(૨) પૂર સામે થતાં નૂકશાન અંગે વળતર મેળવવા અંગે વીમા કંપની પાસે થી કેટલી રકમ વળતર તરીકે યુનિવર્સિટીને પ્રાપ્ત થઈ છે ?

ઉત્તરઃ ૧૨૭ (૧) પ્રસ્તુત ઉત્તર પ્રશ્નઃ (૧) ના ઉત્તર હેઠળ આપવામાં આવ્યો છે.

(૨) પૂર સામે થતાં નૂકશાન અંગે વળતર મેળવવા અંગે વીમા કંપની પાસે થી વળતર

મેળવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

પ્રશ્નઃ ૧૨૮ આપણી યુનિવર્સિટીએ આગ, હુલ્લડ, રેલ,લુંટફાટ, ચોરી,ધરતીકંપ,તેમજ કુદરતી આપત્તિ સામે થતાં નૂકશાન બાબતે વીમા કંપની પાસે વળતર મેળવવા મકાનો, રાચરચીલું, પ્રયોગશાળાના સાધનો, ઈલેકટ્રોનીક ઉપકરણો, અન્ય ચીજ–વસ્તુઓને થતાં નૂકશાન પેટે વીમો ઉતરાવેલ છે ? કઈ કંપની પાસે વીમો ઉતરાવેલ છે ? વર્ષ દરમ્યાન કુલ કેટલું પ્રિમિયમ ભરવામાં આવે છે ?

ઉત્તરઃ ૧૨૮ હાજી, રાજય વીમા નિગમ પાસેથી વીમો ઉતરાવેલ છે. પ્રિમિયમની રકમની માહીતી સભા સમયે ટેબલ પર રજૂ કરવામાં આવી હતી.

પ્રશ્નઃ ૧૨૯ વર્ષ ૨૦૦૩–૨૦૦૪, ૨૦૦૪–૨૦૦૫, ૨૦૦૫–૨૦૦૬, તથા ૨૦૦૬–૨૦૦૭ (આજદિન સુધી) માં આપણી યુનિ. ને રાજય સરકાર, કેન્દ્ર સરકાર, યુ.જી.સી. કે અન્ય એજન્સી દ્વારા મળતું અનુદાનની રકમની વિગત આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૧૨૯

નાણાંકીય વર્ષ	અનુદાનની રકમ રાજય સરકાર તરફથી	અનુદાનની રકમ યુ.જી.સી. તરફથી
૨૦૦૩–૨૦૦૪	રૂા. ૯,૧૩,૨૫,૦૦૦/–	–
૨૦૦૪–૨૦૦૫	રૂા. ૮,૫૦,૦૦,૦૦૦/–	–
૨૦૦૫–૨૦૦૬	રૂા. ૯,૧૭,૮૪,૦૦૦/–	–
૨૦૦૬–૨૦૦૭	રૂા. ૯,૪૦,૦૦,૦૦૦/–	–
દશમો પ્લાન યુ.જી.સી.	–	રૂા. ૪,૨૯,૦૦,૦૦૦/–
વધારાની ફાળવણી	–	રૂા. ૬૪,૩૫,૦૦૦/–
અનએસાઈન્ડ ગ્રાંટ દર વર્ષે	–	રૂા. ૭,૦૦,૦૦૦/–

પ્રશ્નઃ ૧૩૦ યુનિ.ના રાષ્ટ્રીય સેવા યોજના હેઠળના આવક – જાવકના હિસાબોની વિગતો છેલ્લાં ત્રણ વર્ષના આપવા વિનંતી છે.

ઉત્તરઃ ૧૩૦ રાષ્ટ્રીય સેવા યોજનાના છેલ્લા ત્રણ વર્ષના હિસાબો નીચે મુજબ છે.

સને ૨૦૦૩–૨૦૦૪

નિયમિત પ્રવૃત્તિ ખર્ચ	આવક	ખાસ શિબિર ખર્ચ	આવક
૧૦,૯૩,૭૪૯–૮૧	૧૨,૮૦,૦૦૦–૦૦	૪,૫૮,૮૧૫–૧૦	–

સને ૨૦૦૪–૨૦૦૫

૧૨,૯૨,૬૦૮–૩૦	૨૫,૬૦,૦૦૦–૦૦	૧૧,૮૩,૫૬૫–૭૫	૧૫,૦૦,૦૦૦–૦૦

સને ૨૦૦૫–૨૦૦૬

૧૪,૮૦,૮૫૯–૧૫	૨૨,૧૩,૪૭૦–૦૦	૧૩,૧૦,૯૯૦–૦૦	૧,૦૦,૦૦૦–૦૦

પ્રશ્નઃ ૧૩૧ આપણી યુનિ.ના સર્વાંગી અને ભાવિ વિકાસને ધ્યાનમાં રાખી કઈ કઈ પ્રવૃત્તિઓ યુનિ. કેમ્પસ વિસ્તારમાં કરવા માંગે છે તેની વિગતવાર માહિતી આપવા વિનંતી.

ઉત્તરઃ ૧૩૧ અભિપ્રાયને લગતી બાબત હોઈ જવાબ આપવાનો રહેતો નથી.

પ્રશ્નઃ ૧૩૨ યુનિ. કેમ્પસ પરના છેલ્લાં ૫ વર્ષમાં બંધાયેલા જુદા જુદા વિદ્યાભવનોનાં બાંધકામ પાછળ થયેલ ખર્ચની રકમની માહિતી નીચે પ્રમાણે આપવા વિનંતી છે.

અ.ન.	યુનિ.ના વિવિધ ભવનો	ભવનો બાંધકામ માટે મંજૂર થયેલ રકમ	ખરેખર થયેલ ખર્ચની રકમ	વધારાનો ખર્ચ કયા હેડ હેઠળ પાડવામાં આવ્યો.

ઉત્તરઃ ૧૩૨ પ્રસ્તુત પ્રશ્નનો જવાબ પરિશિષ્ટ ' ચ ' મુજબ છે.

(પરિશિષ્ટઃ ' ચ ')

પ્રશ્નઃ ૧૩૩ આપણી યુનિ.માં હવે પછી કયા કયા નવા અભ્યાસક્રમો શરૂ કરવા માંગે છે ? એ નવા અભ્યાસક્રમો શરૂ કરવા માટેની નાણાંકીય વ્યવસ્થા શું છે ? વિગતવાર માહિતી આપવા વિનંતિ.

ઉત્તરઃ ૧૩૩ એમ.એડ, એમએસસી એપ્લાઈડ સ્ટેટેસ્ટીકસ, બેચલર ઓફ પરફોર્મીંગ આર્ટસ, અને એમએ ગુજરાતી. સ્વનિર્ભર અભ્યાસક્રમનો ખર્ચ જેતે સ્વનિર્ભર અભ્યાસક્રમના ફંડ માંથી કરવામાં આવશે. અને એમએ. ગુજરાતી નો ખર્ચ યુનિવર્સિટી ડેવલપમેન્ટ ફંડ માંથી કરવામાં આવશે.

પ્રશ્નઃ ૧૩૪ યુનિ. ની હાલની સેનેટની મુદત કઈ તારીખે પૂરી થાય છે ?

ઉત્તરઃ ૧૩૪ સેનેટની મુદ્દત પૂરી થતી હોતી નથી.

પ્રશ્નઃ ૧૩૫ સરકાર નિયુકત સેનેટ સભ્યોની મુદત કઈ તારીખે પૂરી થાય છે ?

ઉત્તરઃ ૧૩૫ તા. ૨૨–૫–૨૦૦૭.

પ્રશ્નઃ ૧૩૬ નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગોમાંથી ચૂંટાયેલા સેનેટ સભ્યોની મુદત કઈ તારીખે પૂરી થાય છે ?

ઉત્તરઃ ૧૩૬ એકટ–59-2 મુજબ રાજય સરકારશ્રીનો અભિપ્રાય મેળવવા પત્રવ્યવહાર કરેલ છે.

પ્રશ્નઃ ૧૩૭ આગામી સેનેટની ચૂંટણી કઈ તારીખ પહેલાં કરવી જરૂરી છે ?

ઉત્તરઃ ૧૩૭ એકટની જોગવાઈ મુજબ રાજય સરકારશ્રીનો અભિપ્રાય મેળવવા પત્રવ્યવહાર કરેલ છે.

પ્રશ્નઃ ૧૩૮ આગામી સેનેટની ચૂંટણી કઈ તારીખે યોજવાનું નકકી થયું છે ?

ઉત્તરઃ ૧૩૮ એકટની જોગવાઈ મુજબ રાજય સરકારશ્રીનો અભિપ્રાય મેળવવા પત્રવ્યવહાર કરેલ છે.

પ્રશ્નઃ ૧૩૯ આગામી સેનેટની ચૂંટણી માટે હાલમાં કઈ કાર્યવાહી ચાલે છે ?

ઉત્તરઃ ૧૩૯ ચૂંટણી લક્ષી વહીવટી કાર્યવાહી ચાલે છે.

પ્રશ્નોત્તરીનો એક કલાક પૂર્ણ થતા સભાગૃહ છોડી ગયેલ સભ્યોએ પુનઃ પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ હતું.

મા. કુલપતિશ્રી તરફથી એમ. સી. આઈની ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતુ જેમાં ડૉ. મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણને ૪૬ મતો અને ડૉ. ગીરીશભાઈ શાહને ૪૫ મતો મળ્યા હતા આમ ડૉ.મહેન્દ્રસિંહ દોલતસિંહ ચૌહાણને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

(૫) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ–૫૧ અન્વયે, સિન્ડિકેટે રજૂ કરેલ ૨૦૦૫ – ૨૦૦૬ ના વર્ષનો યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ.

" સિન્ડિકેટ તરફથી ડૉ. શશીકાતંભાઈ જી. શાહએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલાએ ટેકો આપ્યો હતો."

" વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૧ હેઠળ અને સ્ટેટયૂટ : ૯૮ અન્વયે, સિન્ડિકેટે સેનેટ સમક્ષ રજૂ કરેલ ૨૦૦૫–૨૦૦૬ના વર્ષના યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલની સેનેટની આ સભા, યુનિવર્સિટી ધારાની કલમ 18 (1) ની પેટા કલમ – (xi) અન્વયે, વિચારણા કરી નોંધ લે છે."

ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત અહેવાલ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

(૬) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – ૫૦ (૩) સ્ટેટયૂટ–૯૭ અન્વયે, સિન્ડિકેટ તૈયાર કરેલ અને કલમ –૫૦ (૪) અન્વયે, રજૂ કરેલ યુનિવર્સિટીનું સનેઃ ૨૦૦૬–૨૦૦૭નું સુધારેલ અંદાજપત્ર તથા સનેઃ ૨૦૦૭–૨૦૦૮ નું અંદાજપત્ર.

" સિન્ડિકેટ તરફથી શ્રી હેમંતભાઈ જેઠાલાલ ટોપીવાળાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને ડૉ આર. ડી. પટેલે ટેકો આપ્યો હતો. "

" વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ – 18 (1) ની પેટા કલમ – (xi) અનુસાર સેનેટ સમક્ષ રજૂ કરેલ યુનિવર્સિટીના સનેઃ ૨૦૦૬–૨૦૦૭નું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૦૭–૨૦૦૮ ના અંદાજપત્ર ૫૨ સેનેટની આ સભાએ વિચારણા કરી છે અને તેની નોંધ લે છે."

ચર્ચા વિચારણાને અંતે પ્રસ્તુત ઉપરોકત અંદાજપત્રો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

(૭) સ્ટેટયૂટ–૧૯૯ અન્વયે સને ૨૦૦૫–૦૬ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ.

" સેનેટની આ સભા સને ૨૦૦૫–૦૬ના વર્ષના યુનિવર્સિટીના હિસાબો અંગે બોર્ડ ઓફ એકાઉન્ટસના ઉપરોકત અહેવાલ પર વિચારણા કરવા બાબત.

" ચર્ચા વિચારણાને અંતે સને ૨૦૦૫–૨૦૦૬ના વર્ષનો યુનિવર્સિટીના બોર્ડ ઓફ એકાઉન્ટસનો અહેવાલ **પરિશિષ્ટઃ ' છ '** હેઠળ આપ્યા મુજબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે."

(પરિશિષ્ટઃ ' છ ')

(૮) (યુ.જી.સી.ની ગાઈડ લાઈન્સ અંતર્ગત ઓર્ડિનન્સ/ સ્ટેટયૂટ માં સુધારા વધારા કરવા સિન્ડિકેટે નિમેલી સમિતિ દ્વારા કુલસચિવ અને કન્ટ્રોલર ઓફ એકઝામીનેશન્સની જગાઓ માટે નવા ઘડવામાં આવેલ સ્ટેટયૂટઃ ૨૧૧ થી ૨૨૨ નો પ્રસ્તાવ સિન્ડિકેટની તા. ૮–૯–૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૪ અન્વયે ડૉ. વિક્રમભાઈ દેસાઈને રજૂ કરવાની ભલામણ મંજૂર કરવા બાબત.

" સિન્ડિકેટ તરફથી આ.ડૉ. વિક્રમભાઈ બળવંતરાય દેસાઈએ ઉપરોકત પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેને આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલે ટેકો આપ્યો હતો. "

" ચર્ચા વિચારણાને અંતે યુ. જી. સી. ની ગાઈડ લાઈન અતંર્ગત **પરિશિષ્ટઃ ' જ '** હેઠળ આપ્યા મુજબ મંજૂર કરવાની ભલામણ સર્વાનુમતે સ્વિકારવામાં આવી હતી. "

(પરિશિષ્ટઃ ' જ ')

(૯) ઈજનેરી વિદ્યાશાખા અને એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે વિષયોમાં ફેરફાર થતાં સ્ટેટયૂટ –૧૨૦માં જરૂરી સુધારા આમેજ કરી મંજૂર કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૮–૯–૨૦૦૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૮૯ અન્વયે, કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>સ્ટેટયૂટ ૧૨૦ (હાલમાં અમલમાં) છે જેનો પાઠ :–</u>

(4) <u>FACULTY OF TECHNOLOGY INCLUDING ENGINEERING :-</u>

39. Applied Mechanics and Structural Engineering
40. Civil Engineering
41. Mechanical Engineering
42. Electrical Engineering
43. Electronics Engineering including Computer Engineering
44. Production Engineering
45. Computer Engineering
46. Chemical Engineering
47. Architectural Engineering
48. Textile Engineering & Textile Chemistry/Textile Processing

<u>સ્ટેટયૂટ ૧૨૦માં જરૂરી સુધારા પ્રમાણે આમેજ કરવાની ભલામણ</u>

(4) <u>FACULTY OF TECHNOLOGY INCLUDING ENGINEERING :-</u>

39. Applied Mechanics and Structural Engineering
40. Civil Engineering
41. Mechanical Engineering
42. Electrical Engineering

43. <u>Electronics & Communication Engineering (સુધારો)</u>

44. Production Engineering
45. Computer Engineering
46. Chemical Engineering
47. Architectural Engineering
48. Textile Engineering & Textile Chemistry/Textile Processing

<u>48 A. Information Technology Engineering. (ઉમેરવું)</u>

<u>48 B. Instrumentations & Control Engineering (ઉમેરવું)</u>

<u>સિન્ડિકેટની તા. ૮–૯–૨૦૦૬ની સભાની ભલામણ ક્રમાંક : ૮૯</u>

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈજનેરી વિદ્યાશાખા અને એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે વિષયોમાં ફેરફાર થતાં સ્ટેટયુટ–૧૨૦માં જરૂરી સુધારા આમેજ કરવા સેનેટને ભલામણ કરવામાં આવે છે.

ઉપરોકત પ્રસ્તાવ સિન્ડિકેટ તરફથી પ્રા. અદિતીબેન એ. હજારીએ રજૂ કર્યો હતો અને તેને આ. શ્રી નટવરસિંહ બળવંતસિંહ મહીડાએ ટેકો આપ્યો હતો.

" ચર્ચા વિચારણાને અંતે ઉપર આપ્યા મુજબ સ્ટેટયુટઃ૧૨૦ જરૂરી સુધારા આમેજ કરવાની સિન્ડિકેટની ભલામણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી.

(૧૦) સિન્ડિકેટની તા. ૫–૩–૨૦૦૭ની રોજ મળેલ સભાએ તેના ઠરાવ ક્રમાંક (૨૪) અન્વયે, તા.૨૬મી ફેબ્રુઆરીના રોજ વીર નર્મદની પુણ્યતિથિ હોય, કાયમી ધોરણે કોન્વોકેશન (તા. ૨૬મી ફેબ્રુઆરી) ના (૬૨ વર્ષે) રોજ રાખવા સેનેટને ભલામણ કરેલ હોય, જે અંગે વિચારણા કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૫–૩–૨૦૦૭ની રોજ મળેલ સભાની ભલામણ :

:: આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, ૨૬મી ફેબ્રુઆરીના રોજ વીર નર્મદની પુણ્યતિથિ હોય, તેથી વાર્ષિક કોન્વોકેશન કાયમી ધોરણે તા. ૨૬મી ફેબ્રુઆરીના રોજ રાખવા મા.કુલપતિશ્રીએ કરેલ વિનંતી ગ્રાહ્ય રાખવા અને સ્ટેટયૂટ– ૨૨ અને ૨૨૮ નીચે મુજબ વંચાય તે રીતે સેનેટને ભલામણ કરવામાં આવે છે. અને સ્ટેટયૂટ– ૨૨ અને ૨૨૮ સેનેટમાં મુવ **(Move)** કરવા માટે આ. શ્રી જે.એમ. નાયકને અધિકૃત કરવામાં આવે છે.

સુધારેલ સ્ટેટયૂટઃ ૨૨ અને ૨૨૮ (નવો)

STATUTE: 22

A Meeting of the Senate to be called the Convocation Meeting of the Senate, to be held on 26th February every year.

STATUTE: 228

The Convocation for conferring Degrees and Diplomas shall be held on 26th February (Every year). At such Convocation the Dean of each Faculty, or in his absence, the Senior member of the Faculty shall request the Senate to pass a grace in the first instance and then shall present to the Chancellor or the Vice-Chancellor at the Convocation the persons who have sought admission to the respective degrees of diplomas. Such presentation shall take place in such order as may be fixed by the Vice-Chancellor.

ઉપરોકત સુધારેલ સ્ટેટયુટ– ૨૨ અને ૨૨૮ (નવો) સિન્ડિકેટ તરફથી શ્રી જે. એમ. નાયકે રજુ કર્યો હતો તેને આ. ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈએ ટેકો આપ્યો હતો.

" ચર્ચા વિચારણાને અંતે (૨૬મી ફેબ્રુઆરીના રોજ વીર નર્મદની પુણ્યતિથી હોય કાયમી ધોરણે કોન્વોકેશન રાખવાની)સિન્ડિકેટની ભલામણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી હતી."

(૧૧) નવા પોષ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા અભ્યાસક્રમો (1) Post graduate Diploma course in Embedded System Design (2) Post graduate Diploma course in CAD/ CAM/ CAE (3) Post graduate Diploma course in Energy Audit & Management (4) Post graduate Diploma course in Industrial Automation અને (5) Post Graduate Diploma in Cosmeticology ની પદવીઓ સ્ટેટયૂટ ૨૨૯ (૩) **Faculty of Science હેઠળ અ. નં. ૨૫ પછી ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ (Bold and Underline) કરેલ નીચે પ્રમાણે સુધારો વંચાય તે રીતે મંજૂર કરી આમેજ કરવા વિજ્ઞાન વિદ્યાશાખા વતી પ્રસ્તુત વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ કરેલ ભલામણ પર એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૨–૩–૦૬ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૯૮ અન્વયે અને સિન્ડિકેટની તા. ૨૧–૪–૨૦૦૬ની બાબત ક્રમાંકઃ (૧૧૭) થી કરેલ ભલામણ :**

Statute - 229 (નવો)

3. FACULTY OF SCIENCE

26	**P.G. Diploma in Embedded System Design**	**(P.G.D.E.S.D.)**
27.	**P.G. Diploma in CAD/ CAM/ CAE**	**(P.G.D.in CAD/CAM/CAE)**
28.	**P.G. Diploma in Energy Audit & Management**	**(P.G.D.E.A.M.)**
29.	**P.G. Diploma in Industrial Automation**	**(P.G.D.I.A.)**
30.	**P.G. Diploma in Cosmeticology**	**(P.G.D.C.)**

સિન્ડિકેટ તરફથી ઉપરોકત પ્રસ્તાવ આ.ડૉ. નટવરસિંહ બળવંતસિંહ મહિડાએ રજૂ કર્યો હતો અને તેને ડૉ. કે. સી. પોરીયાએ ટેકો આપ્યો હતો.

" ચર્ચા વિચારણાને અંતે સ્ટેટયૂટ–૨૨૯ (૩) ઉપર મુજબ વંચાય તે રીતે અમલમાં લેવા અંગેની સિન્ડિકેટની ભલામણ મંજૂર કરવામાં આવી હતી. "

(૧૨) સ્ટેટયૂટ–૨૨૯ 7. FACULTY OF COMMERCE માં નીચે પ્રમાણે સુધારા વધારા વાંચનમાં લેવા અંગેની ફેકલ્ટી વતી અધ્યક્ષશ્રીએ અને એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ મા. કુલપતિશ્રીએ કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

<u>સ્ટેટયૂટ ૨૨૯ (હાલમાં અમલમાં) છે જેનો પાઠ :–</u>

7. <u>FACULTY OF COMMERCE</u>

1.	Bachelor of Commerce (Hons.)	(B. Com.) (Hons.)
2.	Bachelor of Commerce (Special.)	(B. Com.) (Sp.)
3.	Bachelor of Commerce (General)	(B. Com.) (Gen.)
4.	Bachelor of Business Administration	(B. B. A.)
5.	Master of Commerce	(M. Com.)
6.	Master of Philosophy (Commerce)	(M. Phil)
7.	Doctor of Philosophy	(Ph.D.)
8.	Diploma in Banking	(D. Banking)
9.	Diploma in Costing	(Dip. Costing)
10.	Diploma in Co-Operative Management	(Dip. Co.-Op. M.)
11.	Diploma in Marketing Management	(Dip. M. M.)
12.	P. G. Diploma in Tax Management	(P. G. Dip. Tax. M.)
13.	Diploma in Labour Welfare	(Dip. L. W.)
14.	Diploma in Personal Management	(Dip. Per. M.)
15.	Diploma in Materials Management	(Dip. Mater. M.)
16.	Diploma in Internal Audit	(Dip. Int. Audi.)

<u>સ્ટેટયૂટ ૨૨૯માં જરૂરી સુધારા પ્રમાણે આમેજ કરવાની ભલામણ :</u>

7. <u>FACULTY OF COMMERCE</u>

8.	**P.G. Diploma in Banking**	**(P.G. Dip. Banking)**
9.	**P.G. Diploma in Costing**	**(P.G. Dip. Costing)**
10.	**P.G. Diploma in Co-Operative Management**	**(P.G. Dip. Co.-Op. M.)**
11.	**P.G. Diploma in Marketing Management**	**(P.G. Dip. M. M.)**
13.	**P.G. Diploma in Labour Welfare**	**(P.G. Dip. L. W.)**
14.	**P.G. Diploma in Personal Management**	**(P.G. Dip. Per. M.)**
15.	**P.G. Diploma in Materials Management**	**(P.G. Dip. Mater. M.)**
16.	**P.G. Diploma in Internal Audit**	**(P.G. Dip. Int. Audi.)**

<u>સ્ટેટયૂટ ૨૨૯માં નવા આમેજ કરવા ભલામણ :</u>

17.	**P.G. Diploma in Financial Management**	**(P.G. Dip. D. F.M.)**
18.	**P.G. Diploma in Industrial Management**	**(P.G. Dip. I. M.)**

<u>સિન્ડિકેટ તરફથી ઉપરોકત પ્રસ્તાવ આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈએ રજૂ કર્યો હતો અને તેને આ. શ્રી જે. એમ. નાયકે ટેકો આપ્યો હતો.</u>

" ચર્ચા વિચારણાને અંતે સ્ટેટયૂટ–૨૨૯માં નવા આમેજ કરેલ સુધારા સહિત એ. સી. અને સિન્ડિકેટની મંજુરીની અપેક્ષાએ કુલપતિશ્રીએ રજુ કરેલ ભલામણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ હતો."

(૧૩) સિન્ડિકેટ, તા.: ૨૧–૪–૨૦૦૬ના રોજની સભાએ તેના ઠરાવ ક્રમાંક: (૨) અન્વયે, સુધારેલ ઓર્ડિનન્સ: ૬૬ (૨) (A), (B), (C) મંજૂર કરવા સેનેટને ભલામણ કરેલ છે. જે પર વિચારણા કરવા બાબત.

" ચર્ચા વિચારણાને અંતે સિન્ડિકેટે તરફથીરજૂ કરેલ ઓર્ડિનન્સ: ૬૬ (૨) (એ), (બી), (સી) **પરિશિષ્ટ: ' ઝ '** માં આપ્યા મુજબ વંચાય તે રીતે સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો."

(પરિશિષ્ટ: ' ઝ ')

(૧૪) સિન્ડિકેટની તા. ૧૭–૧૦–૨૦૦૬ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૫ અન્વયે નીચે પ્રમાણે O.Ph.D. 1 (I) 1 to 7, O.Ph.D. (10) (i) તથા Ph.D. Rule No. : 3 માં સુધારો કરવાની સિન્ડિકેટની ભલામણ.

O.Ph.D. 1 (I)

(1) **No student shall be registered for the Ph.D. Degree under any faculty unless he / she has passed the Master's Degree examination with 55 % marks (relaxation for reserved category candidate will be applicable as per prevailing rules) provided that the Faculty of Medicine a student may be registered for the Ph.D. Degree if he / she has passed the M.D., M. S., or M.Sc. (Medical) Degree examination.**

(2) Notwithstanding anything contained in (1) above a student who has passed the Master's Degree examination in any subject may be permitted on the recommendation of the Board of University Teaching to register for an allied subject under the same and / or other faculty for the Ph.D. Degree.

(3) Notwithstanding anything contained above a teacher who has obtained only Bachelor's Degree under any faculty but has to his / her credit published research work of recognized merit may be permitted on the recommendation of the Board of University Teaching to register him / her self for the Ph.D. Degree.

(4) Notwithstanding anything contained in clause (1) (2) and (3) above a candidate having a Bachelor's Degree in any faculty and having minimum 5 years' professional experience in any Government Department after being selected by the Union Public Service Commission and the State Public Service Commission may be permitted on the recommendation of the Board of University Teaching as a special case to register him / her self for the Ph.D. Degree only in the subject of Public Administration.

(5) Notwithstanding anything contained above a candidate who has obtained M.Phil. Degree under any faculty of this University may be permitted to register him / her self for the Ph.D. Degree in the subject and be permitted to submit his / her thesis after keeping two terms under the guidance of a recognized Supervising Teacher.

(6) **Notwithstanding anything contained in clause (1) (2) and (3) above a candidate having a Master's Degree with 50 % marks in concerned faculty and having minimum 5 Years' experience from Industry, Education, Law, Engineering, Medical, Architecture field may be registered for Ph.D. Degree.**

(7) (i) Before being registered for the Ph.D. Degree, the candidate shall be required to submit and present research proposal as a seminar at the meeting of Departmental Research Studies Committee (DRSC) in the subject at the University P.G. Department. Hon.Vice Chancellor will nominate two experts in DRSC.

(ii) Subject/s in which DRSC at University P.G. Department is not constituted, the Vice-Chancellor shall constitute a Research Studies Committee (RSC) in such given subjects consisting of three (3) members.

(iii) The DRSC / RSC shall meet atleast twice in a term / semester and forward its recommendation within a week of the meeting to the University.

O.Ph.D. 10 (i)

There shall be a Viva Voce Examination of the Candidate submitting thesis for the Ph.D. Degree, of Ph.D. to test his / her knowledge of the subject of the thesis. The Viva Voce examination will be held at a suitable place in the Veer Narmad South Gujarat University area or at any other place with the consent of the Vice Chancellor on the date to be declared by Internal Referee in consultation with one of the External Referees. In case both the External Referees are from outside India, a third (External) Referee from within India shall be appointed by the Syndicate in consultation with the relevant authorities of the University.

An open seminar chaired by the external referee be held either before or after the Viva Voce Examination on the same day. The open seminar, however be not considered as a part of the Ph.D. examination.

If the candidate does not satisfy the examiners at the Viva Voce Examination only; the candidate shall be re-examined after a period of not less than three months. The Candidate shall not be declared eligible for the award of Degree unless all the examiners agree unanimously.

Ph.D. Rule No. 3 :

The student will be considered for enrolment for the Ph.D Degree provided he / she satisfies his / her Supervising Teacher regarding his / her capacity and ability to do research work and subsequent recommendation of the DRSC / RSC as provided in O.Ph.D 1 (7).

In faculty of Medicine it shall be obligatory for the Ph.D Student to work. in the Deptt. / Subject under which he / she is registered for full time with his / her Supervising Teacher for minimum of one academic calender year.

સિન્ડિકેટની ઉપરોકત ભલામણ સર્વાનુમતે સ્વિકારવામાં આવી.

(૧૫) **<u>ડૉ. વિપુલભાઈ જમનાદાસ સોમાણીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો:</u>**

" ગત વર્ષે ઓગસ્ટ ૨૦૦૬માં આવેલ પૂર પછી શહેરની વિવિધ કોલેજો, યુનિવર્સિટીના વિવિધ ભવનો તથા શહેરમાં થયેલ નુકસાન પછી રાષ્ટ્રીય સેવા યોજના ના વિદ્યાર્થીઓ, પ્રોગામ કોઓર્ડીનેટરશ્રીઓ, અને યુનિવર્સિટીના NSS ઓફિસરે કરેલ નેત્ર દિપક કામગીરીને યુનિવર્સિટીની આ સેનેટ બિરદાવે છે અને તેમના કાર્યને અભિનંદન આપે છે."

ઉપરોકત પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

(૧૬) **<u>શ્રી કૃષ્ણલાલ બાવજીભાઈ પટેલે નીચેના પ્રસ્તાવ (૧૬ અને ૧૭) રજૂ કર્યા હતા :</u>**

યુનિ.ના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં શૈક્ષણિક જગ્યાઓ પૈકી ફકત લેકચરરની જગ્યાઓ માટે જ અનામતની જોગવાઈઓ લાગુ પાડવામાં કે અમલ કરવામાં આવે છે. પરંતુ રીડર/ પ્રોફેસરની જગ્યાઓની ભરતીમાં અનામતની આવી જોગવાઈઓ પહેલાં હતી તે હાલમાં અમલી નથી તો એવી અનામતની જોગવાઈઓ તાત્કાલિક અસરથી લાગુ પાડવા અને અમલી બનાવવા સેનેટની આ સભા યુનિ. કુલપતિશ્રી તથા લાગતાં વળગતાં તમામ અધિકાર મંડળોને વિનંતિ કરે છે.

(૧૭) શિક્ષણ સમાજવિજ્ઞાન, વાણિજય, વ્યવસ્થાપન વગેરે વિદ્યાપ્રવાહોમાં સંશોધનમાં જુદા જુદા પરીબળો વચ્ચેના સંબંધો વિષેના સંશોધનના પ્રકારો અને સંશોધન પધ્ધતિઓની સરખામણીમાં રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગાણિતિક વિજ્ઞાન, વગેરે વિદ્યાપ્રવાહોમાં સંશોધનના પ્રકાર અને પધ્ધતિઓમાં ખુબ મોટો તફાવત છે. વિજ્ઞાન પ્રવાહના આવા વિષયોમાં જુદા જુદા પરીબળો વચ્ચેના સંબંધોના સ્થાપિત સમીકરણો, સુત્રો તથા અસમતાઓની આંટી–ગુંટીઓ વચ્ચે સંશોધનકારે એક નાનો ફેરફાર સૂચવવો હોય કે પુરક સિધ્ધાંત ઉમેરવા માટે વર્ષો સુધીની મહેનતની જરૂર પડતી હોય ત્યારે તે વિષે એક 'hint' પણ તે કોઈને આપે તેવી અપેક્ષા આજના સ્પર્ધાત્મક જમાનામાં વધુ પડતી છે એવી 'hint' આપવાથી કે કોઈને મળી જવાથી તેને નુકશાન ન જ થશે તેવી બાહેંધરી તે માંગી પણ ન શકે અને યુનિવર્સિટી એવી બાંહેધરી આપી પણ ન શકે તેથી વિજ્ઞાન પ્રવાહના વિષયમાં સંશોધનકારને Ph.D રજીસ્ટ્રેશન માટે સંશોધન પ્રસ્તાવ રજુ કરવામાંથી મુકિત આપવાની અને અત્યાર સુધી ચાલી આવેલી યુનિવર્સિટી માન્ય સંશોધન માર્ગદર્શકની વિવેકબુધ્ધિ પર સંપૂર્ણ વિશ્વાસ રાખતી પધ્ધતિ અનુસાર જ રજીસ્ટ્રેશન કરાવવાની છૂટ આપવા સેનેટની આ સભા યુનિ.ના કુલપતિશ્રી તથા યુનિ. ના સંબધિત ઉચ્ચ સત્તા મંડળોને વિનંતિ કરે છે.

ઉપરોકત (૧૬) અને (૧૭) પ્રસ્તાવો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા.

(૧૮) પરિશિષ્ટમાં જણાવેલ કોલેજના જોડાણ અંગે આવેલ અરજીઓ તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ– ૩૪ની પેટા કલમ (૩) અને (૪) અન્વયે, તે અરજીઓ પર લીધેલા પગલાં અંગે પ્રસ્તુત કલમની પેટા કલમ (૬) પ્રમાણે કુલસચિવશ્રીનો અહેવાલ.

કુલસચિવશ્રી તરફથી **પરિશિષ્ટ: ' ૮ '**માં જણાવ્યા પ્રમાણે રજૂ કરેલ કોલેજોના અહેવાલની સર્વાનુમતે નોંધ લેવામાં આવી હતી.

(પરિશિષ્ટ: ' ૮')

(૧૯) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને મળેલ દાનનો સાભાર સ્વીકાર કર્યા બાબતનો સિન્ડિકેટનો અહેવાલ જાણ સારું.

પરિશિષ્ટ : 'ઠ'માં જણાવ્યા મુજબ યુનિવર્સિટીને મળેલ દાનનો સિન્ડિકેટે રજૂ કરેલ અહેવાલની સર્વાનુમત્તે નોંધ લેવામાં આવી.

(પરિશિષ્ટઃ ' ઠ ')

હુકમથી,

(ડૉ. પી. કે. ગઢિયા)
ઈ.ચા.કુલસચિવ

ક્રમાંકઃ એસ–૩ (૧)/ ૧૯૭૮/ ૨૦૦૭
યુનિવર્સિટી કાર્યાલય,
સુરત, તા.૧૯–૨–૨૦૦૮
પ્રતિ,
સેનેટના સર્વ સભ્યશ્રીઓ.....